વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૯મું
ઓક્ટોબર : ૨૦૨૪
અંક : ૫૫૭

મંગલ મંદિર ● ઓક્ટોબર-૨૦૨૪ ● ૧
(કુલ પાના : ૬૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



HAPPY
Navratri

: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

## મુખ્ય વાસ્તવિકતાઓ

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress V-Logis

# શ્રદ્ધાંજલી



## મધુરીબેન હરખચંદભાઈ (છોટુભાઈ) રામજી ગાલા

**(કચ્છ : રાયણ ● હાલે : અમદાવાદ)**

અમદાવાદ સ્થિત નવનીત પરિવારની જૈફ અને આદરણીય વ્યક્તિત્વ ધરાવતી પૂજનીય વ્યક્તિ મધુરીબેન હરખચંદ ગાલાનું ૮૩ વર્ષની વયે **ગુરુવાર, તા. ૧૨-૦૯-૨૦૨૪** ના રોજ દુ:ખદ અવસાન થયાના સમાચાર જાણી સારાયે સમાજમાં દુ:ખની લાગણી પ્રવર્તી જવા પામેલ છે.

સદાયે હસમુખો ચહેરો ધરાવતા અને હંમેશાં હકારાત્મક વિચારસરણી દાખવતા મધુરીબેનની ખોટ જેટલી નવનીત પરિવારને પડેલ છે, તેટલી જ ખોટ સારાયે સમાજને તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પણ પડેલ છે.

તેઓશ્રી પરીચિત હોય તેવી નાનામાં નાની વ્યક્તિ સાથે કોઈપણ જાતની મોટાઈ દાખવ્યા વગર સમદૃષ્ટિ રાખી હળીભળી શક્તા અને તેઓને ઘેર જઈ વધુ આત્મિયતા કેળવતા એવા મધુરીબેનના સ્વભાવથી સારોયે સમાજ પરીચિત રહેવા પામેલ છે.

જો કે લાંબા સમયની માંદગીએ તેમને અસ્વસ્થ બનાવી દીધેલ હતા કે જે સમયે તેમનો પરિવાર અખંડ રીતે તેમની પડખે રહી, દિન-રાત તેમની સેવા-ચાકરી કરતો આવેલ, કે જે હકીક્તની વિગતો સમાજના પરિવારો માટે પ્રેરણાદાયક બની રહેલ છે.

પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને પરમ શાંતિ અર્પે અને તેમના વિશાળ પરિવાર પર આવેલ આફતને સહન કરવાની શક્તિ અર્પે તેવી અમારી પરમાત્મા પાસે પ્રાર્થના.

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



3BHK VERDANT
LIVING SPACES
FLAT SIZE :- 274 SQ YARD
AMENITIES
2 car parking allocated
Indoor Games
Multipurpose Hall
Terrace Garden
Terrace Gazebo
Children play area
Senior citizens sit out
Semi Veranda Space
Visitor Parking
& Many More...
सनातन
सारथी
Sample
House
Ready
Location : Jainnagar, Paldi
Architect
Mr. Hiren Patel
Possession Soon
Contact :- Jainam Shah (82 38 95 82 10, 82 38 44 22 11)

છેલ્લા ૪૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫

ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com

વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
  **મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
- **ફાલ્ગુની હિરેન – સભ્ય**
  **મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
- **ચૌલા કુરૂવા – સભ્ય**
  **મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
- **રસિક ખીમજી મહેતા – સભ્ય**
  **મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા


- આદરણીય મધુરીબેન હરખચંદભાઈ (છોટુભાઈ) રામજી ગાલાને શ્રદ્ધાંજલી ............ ૩

**પ્રેરણાત્મક પ્રસંગો**

- મણકો-૧૬ : સફળતાની કિંમત
  મણકો-૧૭ : પોતાના કાર્ય અને ફરજ પ્રત્યે નિષ્ઠા ........ **સંકલન : ડૉ. આશિષ ચોક્સી**....... ૭

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**

- મણકો-૧૦ : ભગિની નિવેદિતા ........ **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ**....... ૮

**એરિસ્ટોક્રેટ્સ**

- પ્રકરણ-૭ : અંબાલાલ સારાભાઈ – ૭ ........ **દેવેન્દ્ર પટેલ**....... ૯

**તહેવાર**

- નવરાત્રી... નવદુર્ગાના સ્વરૂપ ........ **સંકલન : ચૌલા કુરૂવા**..... ૧૧

**બાપુ**

- પૂ. બાપુની ખટમીઠી વાતો ........ **ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'**..... ૧૩

**મેટ્રો ટ્રેન**

- ભારતની પ્રથમ મેટ્રો ટ્રેઈન ભુજને ફાળવાઈ ........ **ભાવિન વોરા**..... ૧૪

**વિશિષ્ટ દિવસ**

- વૃદ્ધો માટે આંતરરાષ્ટ્રીય દિવસ ........ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૧૬
- વિશ્વ શિક્ષક દિન : ૫ ઓક્ટોબર ........ **જાગૃતિ વકીલ**..... ૧૭

**વિવિધતા**

- જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૭ ........ **દૃષ્ટિ મહેતા / ચેશા મહેતા**..... ૧૮

**તંદુરસ્તી**

- જાગતિક આત્મહત્યા પ્રતિબંધ દિવસ : ૧૦ સપ્ટેમ્બર........ **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૨૦
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- આજના સમાચાર... એક પોઝિટીવ સ્ટોરી ........ **ડૉ. તપન શાહ**..... ૨૨

**તીર્થ દર્શન**

- દર્શન-૬૨ : શ્રી નાંદિયા તીર્થ (શ્રી મહાવીર ભગવાન)
- દર્શન-૬૩ : શ્રી નાણા તીર્થ (શ્રી મહાવીર ભગવાન)........ **પ્રેષક : કે.ડી. શાહ**..... ૨૩

**અન્ય સંસ્થાઓના સમાચાર**

- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૨૪

**પ્રતિભાવ**

- પ્રતિભાવ ........ ૨૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી
મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઇટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## નિયમિત વિભાગો


- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૧૮ ................ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૨૯
- ઉડતી નજરે ................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૩૧
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૧૫ : ડૉ. ઋત્વિન શાહ ................ **અશોક મહેતા** ..... ૩૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ................ ૩૯
- અતીતના ઓવારેથી : મણકો – ૧૪ ................ ૪૩
- દેશ - વિદેશ ................ **ચૌલા કુરૂવા** ..... ૫૦
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ................ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૫૨
- *Nano Nine* શબ્દ રમત-૨૧૧ ................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૩
- 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી ................ ૫૪
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૬૯) ................ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૫૫


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર


- જાહેર નિમંત્રણ : નૂતન વર્ષ મિલન સમારંભ ................ ૫૬
- નવનીત આવાસ યોજના - બહેરામપુરામાં ફલેટો ફાળવવા બાબતે ................ ૫૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત
  વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય, સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ ................ ૫૭
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : તેજસ્વી તારલાઓ ★ વર્ષ : ૨૦૨૪ ................ ૬૦
- સ્કીલ ડેવલપમેન્ટ યોજનાની સેવામાં ઉમેરાયું એક સોનેરી પીંછું ................ **રજનીકાંત પારેખ** ..... ૬૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : અગત્યની જાહેરાત ................ ૬૧
- સરનામા ફેરફાર ● અવસાન નોંધ ● સાભાર સ્વીકાર ................ ૬૨
- સંસ્થાને ભેટ મળેલ મેડિકલના સાધનો ● સંસ્થાને ભેટ મળેલ પુસ્તકો ................ ૬૨
- નવનીત ભવન - બહેરામપુરાના ફલેટ માટેની અરજી ................ ૬૩
- નવનીત આવાસ યોજના - બહેરામપુરાના લાભાર્થીઓ માટેના સૂચિત નીતિ નિયમો ................ ૬૪


## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો


- કહું છું ................ **ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'** ..... ૨૨
- હોય છે ................ **અલ્પ ત્રિવેદી** ..... ૨૨
- કંઈક થયું.. ................ **પ્રેષક : નવનીત પટેલ** ..... ૩૭
- શો ફરક પડશે.. ................ **રમેશ ભટ્ટ 'રશ્મિ'** ..... ૫૧


**મંગલ મંદિર ● નવેમ્બર-૨૦૨૪ : દીપોત્સવી વિશેષાંક**

**"મંગલ મંદિર"નો નવેમ્બર-૨૦૨૪નો અંક દીપોત્સવી અંક તરીકે પ્રકાશિત કરવામાં આવશે કે જેની સહુએ નોંધ લેવા વિનંતી.**

***– તંત્રી મંડળ***


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

પ્રેરણાત્મક પ્રસંગો

# મણકો - ૧૬ : સફળતાની કિંમત
# મણકો - ૧૭ : પોતાના કાર્ય અને ફરજ પ્રત્યે નિષ્ઠા

• સંકલન •
ડૉ. આશિષ ચોકસી

## સફળતાની કિંમત

૨૦૧૩ના જાન્યુઆરી માસમાં હિંદી ફિલ્મ 'ચેન્નાઈ એક્સપ્રેસ'નું શુટીંગ ચાલતું હતું. ફિલ્મના એક દૃશ્યમાં દીપિકા પાદુકોણ શાહરૂખખાન સાથે જીપમાં બેસે છે. શાહરૂખખાન જીપ સ્ટાર્ટ કરી થોડે આગળ જાય છે અને દીપિકા પાદુકોણે તેને પાછા ફરવા કહ્યું. તે કંઈક ભૂલી ગઈ હોય છે.

શાહરૂખખાને બોલવાનું હોય છે : 'તમારી આ જ તકલીફ છે. એક વારમાં બધું કામ પૂરું નથી કરતા. અન્યને હેરાન થવું પડે છે.' ફિલ્મ ડાયરેક્ટર રોહિત શેટ્ટીને આટલા નાના દૃશ્યમાં પણ સંતોષ નહોતો થતો. રીટેક પર રીટેક થતા. શાહરૂખખાનના મોઢા પર પણ અણગમા અને ગુસ્સામિશ્રિત હાવભાવ થવા લાગ્યા.

યુનિટના સભ્યો શાંત થઈ ગયા. દીપિકા પાદુકોણ પણ જોઈ રહી હતી. સાતમા રીટેકમાં ખૂબ ગુસ્સા સાથે અને ગળાની નસો દેખાય તે રીતે શાહરૂખખાને શોટ આપ્યો અને OK થયો. પાંચ મિનિટ પછી રોહિત શેટ્ટી અને શાહરૂખખાન સાથે બેસી હળવા મૂડમાં ગપ્પા મારતા હતા. રોહિત શેટ્ટી શાહરૂખને ગુસ્સે કરી શોટ લેવા માંગતા હતા.

ફિલ્મ 'મેરા નામ જોકર'માં જોકરની માતાનું મૃત્યુ થયું હોય છે. તે ખૂબ દુઃખી છે. તેના દુઃખનાં આંસુને પ્રેક્ષકો અભિનય સમજીને તાળીઓ પાડે છે. બધા જ પ્રેક્ષકો જોકરના કામ પર હસતા હોય છે. બધાનાં હાસ્ય વચ્ચે જોકર પોતાના દુઃખને ભૂલી વધુ શ્રેષ્ઠ અદાકારીથી લોકોને વધુ હસાવવાનો પ્રયત્ન કરે છે.

• **છેલ્લો બોલ :**

બીજા તમારા માટે શું માને છે અને તમારા કામ પર હસે છે કે કોઈ કોમેન્ટ આપે છે તેની પરવા ના કરો. આત્મવિશ્વાસ અને આત્મબળથી તમારા ભાગે આવેલા કર્મ માટે તમારી સર્વ શક્તિઓ દાવ પર લગાડી શ્રેષ્ઠ રીતે અભિનય કરો.

## પોતાના કાર્ય અને ફરજ પ્રત્યે નિષ્ઠા

*તા. ૦૫-૦૬-૨૦૧૮, જામનગર, સવારે આશરે ૧૦.૩૦*


૫૦ વર્ષીય એરકમાન્ડર સંજય ચૌહાણ જગુઆર ફાઈટર એરક્રાફ્ટ સાથે ઉડાન ભરવા તૈયાર હતા. આ ઉડાન તેમની રૂટિન ટ્રેઈનિંગનો એક ભાગ હતો. દેશના ખૂબ અનુભવી કમાંડરમાં તેમની ગણના થતી હતી. તેઓ જગુઆર, બોઈંગ સહિત સેનાના ઘણા એરક્રાફ્ટસ કુશળતાપૂર્વક ઉડાવી શકતા હતા. જામનગરથી ઉડાન શરૂ થયું તેની થોડી જ મિનિટોમાં સંજય ચૌહાણનું જગુઆર કચ્છની ઉપરના અવકાશી વિસ્તારમાં આવી પહોંચ્યું. આ સમયે જગુઆરમાં કોઈ યાંત્રિક ખામી સર્જાઈ.

ફાઈટર સ્ક્વોડ્રન સંજય ચૌહાણ પાસે તરત પેરાશુટથી કૂદી પોતાનો જાન બચાવવાની તક હતી. તેમણે જોયું હશે કે અત્યારે જો તેઓ જગુઆર છોડી દેશે તો પ્લેન કચ્છના એક ગામ પર તૂટી પડશે અને ઘણા બધા ગામ રહેવાસીઓની જિંદગી જઈ શકે.

તેમણે પ્લેન છોડ્યું નહીં અને જ્યારે તેમને લાગ્યું કે હવે પ્લેન રહેણાંક વિસ્તારથી દૂર આવી ગયું છે ત્યારે થોડું મોડું થઈ ચૂક્યું હતું. હવે તેઓ પેરાશુટથી પ્લેન છોડી પોતાનો જીવ બચાવે તે પહેલા જ પ્લેન ક્રેશ થઈ ગયું અને કચ્છના બારેજા ગામની સીમમાં ધડાકા સાથે તૂટી પડ્યું. ઘણાની જિંદગી બચાવવા માટે માતૃભૂમિના સપૂત સંજય ચૌહાણે પોતાના જાનની પરવા ન કરી. તેમને ગુમાવી દેશે એક અનુભવી પાઈલોટને ગુમાવ્યો.

• **છેલ્લો બોલ :**

૧૯૮૪માં આવેલ 'કમલા' નામના એક પિક્ચરમાં એક દુબળી, પાતળી, કાળી, અભણ, ગામડિયણ અને બોલતાં પણ ના આવડે એવી કમલા નામની સ્ત્રીના અભિનય માટે દિપ્તી નવલે જાન રેડી દીધો હતો. તેના કેરિયરનું બેસ્ટ પરફોર્મન્સ આ પિક્ચરમાં હતું તેમ કહી શકાય. કુપોષિત દેખાવા માટે બીમાર થઈ જવાય તેટલી હદે તેઓ ભૂખ્યા રહ્યા હતાં. કાળી ચામડી બતાવવા માટે તેઓ ચામડી બળે ત્યાં સુધી તડકામાં રહેતા. કારકિર્દીમાં ત્રણ વખત 'બેસ્ટ એક્ટ્રેસ' ઍવોર્ડ એમને એમ ના મળે. ■



ગીત ગુંજન
જૂના અને લોકપ્રિય ગીતો તેમજ બાળગીતોનો સંગ્રહ
99130 12120
કિંમત : રૂા. 150/-

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો
# મણકો - ૧૦ : ભગિની નિવેદિતા

● લેખક ●
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૨૮ ઓક્ટોબર, ૧૮૬૭*

*મહાપ્રયાણ : ૧૩ ઓક્ટોબર, ૧૯૧૧*

ભગિની નિવેદિતાનો જન્મ ૨૮ ઓક્ટોબર, ૧૮૬૭ના રોજ કાઉન્ટી ટાયરોન, આયર્લૅન્ડના ડુંગનન શહેરમાં મેરી ઈસાબેલ અને સેમ્યુઅલ રીચમંડ નોબલને ત્યાં થયો હતો. તેણીનું મૂળ નામ માર્ગારેટ એલીઝાબેથ નોબલ. આ નામ તેમના દાદીના નામ પરથી રાખવામાં આવ્યું હતું. તેઓ ધ નોબલ્સ સ્કોટિશ વંશના હતા. આ પરિવાર લગભગ પાંચ સદીઓથી આયર્લૅન્ડમાં સ્થાયી થયો હતો. તેમના પિતા પાદરી હતા. તેમણે શીખવ્યું હતું કે માનવજાતની સેવા એ ભગવાનની સાચી સેવા છે. ચાર ભાઈ-બહેનોમાંથી માર્ગારેટ સૌથી મોટાં હતાં. માર્ગારેટના પિતા ૧૮૭૭માં મૃત્યુ પામ્યા ત્યારે તે ૧૪ વર્ષના હતા. માર્ગારેટ તેની માતા અને બે ભાઈ-બહેનો સાથે તેના દાદા હેમિલ્ટનના ઘરે રહેવા માટે આવ્યાં. ૧૮૮૪માં સત્તર વર્ષની ઉંમરે તેમણે કેઝવિકની શાળામાં અભ્યાસ શરૂ કર્યો. ૧૮૮૬માં તેઓ અનાથાશ્રમમાં ભણાવવા માટે રગ્બી ગયા હતા. સિસ્ટર નિવેદિતા પહેલીવાર સ્વામી વિવેકાનંદને ૧૮૯૫માં લંડનમાં મળ્યાં હતાં. ૧૮૯૬માં જ્યારે બીજી વાર સ્વામીજીને મળ્યાં ત્યારે વિવેકાનંદને ગુરૂ માની લીધા. દીક્ષા લઈને "ભારત સે પ્યાર કરો, ભારતીયોં કી સેવા કરો" આ મંત્ર લઈને ઈ.સ. ૧૮૯૮માં ભારત આવ્યા. માર્ગારેટ ૨૮ જાન્યુઆરી, ૧૮૯૮ના રોજ જહાજ મારફતે કલકત્તા પહોંચ્યાં. ૨૨ ફેબ્રુઆરીના રોજ તેમણે દક્ષિણેશ્વરની મુલાકાત લીધી. તેમને દીક્ષા આપી ત્યારે નિવેદિતા (જેનો અર્થ 'ભગવાનને સમર્પિત') નામ આપ્યું હતું. ભારત આવ્યા પછી ૧૭ માર્ચ ૧૮૯૮ના રોજ તેઓ રામકૃષ્ણ પરમહંસનાં પત્ની શારદાદેવીને મળ્યાં. એ પછી ધીમે ધીમે તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં પણ જોડાયા. ૧૯૦૪માં બંગભંગ વિરોધી આંદોલનની તેમણે આગેવાની લીધી અને યુનિવર્સિટી હોલમાં લોર્ડ કર્ઝનના ભાષણ સમયે તેમણે વિરોધ કર્યો. આ ભાષણની અસત્યતા પ્રમાણિત કરવા માટે ૧૩મી ફેબ્રુઆરીના રોજ 'અમૃત બજાર પત્રિકા'માં તેમણે એક લેખ પણ લખેલો. તેમણે આવી અનેક ક્રાંતિકારી પ્રવૃત્તિઓ અને સેવાકાર્યો કરેલાં. અંગ્રેજો સામે બાથ પણ ભીડેલી અને તેમના વિરુદ્ધ લેખો પણ લખ્યા હતા.

ભારતમાં સિસ્ટર નિવેદિતા તરીકે પ્રસિદ્ધ થયેલાં આ મહાન નારીના પુસ્તક 'કાલી ધ મધરે' રવીન્દ્રનાથ ટાગોરને પણ પ્રભાવિત કર્યા હતા. આમ વિદેશમાં જનમ્યા હોવા છતાં ભારત માતાને પોતાનું જીવન અર્પણ કરીને ૧૩ ઓક્ટોબર, ૧૯૧૧ના રોજ માત્ર ૪૮ વર્ષની વયે રૉય વિલા, દાર્જીલિંગમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. ■

*જે માણસ સારા વિચારો પકડી શકે છે, એ માણસે હાથમાં માળા પકડવાની જરૂરત રહેતી નથી.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ દંડ**
**પ્રમુખશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

એરિસ્ટોક્રેટ્સ

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૭ ★ અંબાલાલ સારાભાઈ – ૭
# બાજઠ પર મૂકેલા ચાંદીના ફાનસનો કાચ તૂટી ગયો

• લેખક •
દેવેન્દ્ર પટેલ

અંબાલાલ સારાભાઈએ ૧૯૨૪માં પણ તે વખતના તેઓ અબજોપતિ હોવા છતાં ઐશ્વર્યનું પ્રદર્શન તેમણે હંમેશાં ટાળ્યું હતું. ૧૯૨૪માં જ્યારે તેઓ ૩૦ વર્ષની વયના હતા ત્યારે પણ તેમની પાસે બધી જ અસાધારણ સાહ્યબી હોવા છતાં નિવાસ, વાહનો કે રાચરચીલાઓનો આડંબર તેમણે હંમેશાં ટાળ્યો હતો.

અંગત જીવનમાં સાદગી અપનાવી હોવા છતાં તેમાં પણ તેમનો દંભ નહોતો. કોઈ ફોટા પાડે, છાપામાં ફોટા આવે, તેમના વિશે લેખો લખાય, માનપત્રો અપાય કે સભાઓમાં કોઈ અતિથિવિશેષ તરીકે તેમને બોલાવે તે તેમને લેશભાર રૂચતું નહોતું.

પોતાની વર્ષગાંઠ પણ તેઓ ઊજવતા નહીં. ઘરના સભ્યોની તેમને જન્મતારીખ પણ યાદ નહોતી. કોઈ ખુશામતિયાઓ 'શેઠ' કહીને તેમની ખુશામત કરે કે તેમની વાતમાં હા જી હા કરે તો તેમને જરાયે ગમતું નહીં. કારણ વગર કોઈ તેમને મળવા આવે કે સલામ ભરે યા સલામો માર્યા કરે તે ક્ષણભર પણ તેમને ગમતું નહીં.

આજે પણ કોઈનો ફોન આવે તો મોટા લોકોના ઘરમાં 'સાહેબ ઘરમાં નથી' એવું જૂઠું બોલવાનો રિવાજ છે. એક ભૂતપૂર્વ પ્રધાનના ઘેર કોઈનોય ફોન આવે તો તેમની પત્ની 'સાહેબ' નથી એવું કહીને મટી ગયેલા પ્રધાન પણ 'સાહેબ' છે તેવો ઘમંડ રખાય છે. જ્યારે એ જમાનામાં અમદાવાદના સાચા મલ્ટીમીલિયોનેર એવા અંબાલાલ સારાભાઈના ઘેર કોઈનો ફોન આવે તો 'ઘરમાં નહિ', 'તબિયત સારી નથી', 'કાલે મળજો', 'પૂછીને આવજો' એવું બોલાતું જ નહીં. ના મળવું હોય તેને સીધી ના જ પાડી દેવામાં આવતી. સરલાદેવીને જૂઠું બોલવા સામે સખ્ત વિરોધ હતો. પતિ-પત્ની બેઉનેય સત્યપરાયણતાની ટેવ હતી, પરંતુ હંમેશાં અમે સાચું જ બોલીએ છીએ એવું નગારું પણ જાહેરમાં વગાડતાં નહીં.

અંબાલાલ સારાભાઈના પૂર્વજ શેઠ મગનલાલે પરિવારને આદેશ કર્યો હતો કે, 'ઘોડદોડ, પત્તાં અને જુગારથી હંમેશાં દૂર રહેવું. સટ્ટો કદી કરવો નહીં.'

કપડાં તેઓ હંમેશાં પ્રસંગને અનુરૂપ પહેરતાં. અંબાલાલ સારાભાઈ મિલમાં જાય ત્યારે સુટ પહેરતા. ખાસ પ્રસંગોમાં ઉરબ સુરવાળ, મોજડી, અંગરખી અને માથે કાશ્મીરી ભરતની ટોપી પહેરતા. સરલાદેવી ખાદીની સાડીમાં જ હોય. કદી તેઓ મહાભારતના મધુરમા પટણી, તપોધન અને અગ્નિની ચિનગારી સમા કુન્તી જેવા લાગતાં. સેંકડો માણસોની હાજરીમાં આ યુગલ જુદું જ તરી આવતું.

મિત્રોને જમવા બોલાવે ત્યારે 'રીટ્રીટ'ના બધા જ ફુવારા ચાલુ કરી દેવાતા. નયનરમ્ય ફૂલોનાં કુંડાં ગોઠવવામાં આવતાં.

એ જમાનામાં પણ તેઓ કોઈ ચૂંટણી ના લડ્યા હોવા છતાં અંબાલાલ સારાભાઈને અમદાવાદના પ્રથમ નાગરિક તરીકે માન અપાતું. પહેલાં રાજ્યપાલ, પછી મુખ્યમંત્રી, પછી હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ અને તેમની જોડે અંબાલાલ સારાભાઈ તથા સરલાદેવીનું સાથે જ સન્માન થતું.

ઠંડીમાં પણ તેમને ઠંડા પાણીએ નહાવાની ટેવ હતી. કાશ્મીરમાં હોય કે યુરોપમાં પણ ઠંડા પાણીથી જ તેઓ નહાતા. વર્ષો સુધી તેઓ 'રીટ્રીટ'ની અગાશીમાં ખુલ્લા આકાશ નીચે કે અગાશીની છાપરાવાળી 'બરસાતી'માં જ સૂઈ જતા. લાકડાના પાટીયા પર પણ સૂઈ જતા. તેમને સારી રસોઈનો શોખ હોવા છતાં 'આ કેમ નથી બનાવ્યું' જેવા આગ્રહો નહોતા. 'રીટ્રીટ'માં તેલ મસાલા ભાગ્યે જ વપરાતાં. અંબાલાલ સારાભાઈને ત્યાં બનતી રસોઈને કેટલાક લોકો 'બાફણા' કહી મશ્કરી કરતા હતા. કસરતમાં તેઓ નિયમિત હતા. જુવાનીમાં ઘોડેસવારી કરી શરીર સુદૃઢ બનાવ્યું હતું. સવારે ૬ વાગે તો તેઓ નિત્યક્રમથી પરવારી જતા. મોડે સુધી તેઓ કદી સૂતા નહીં.

આ તરફ અંબાલાલ સારાભાઈ ખુદ જૈન હતા, પરંતુ જૈન ધર્મ અંગે તેમની એક આગવી દૃષ્ટિ હતી. તેઓ તરુણાવસ્થાથી તત્ત્વના શોધક હતા. જર્મન ફિલસૂફ કાન્ટ, પ્રાચીન ગ્રંથો, વેદ, ઉપનિષદ, ગીતા, ધમ્મપદ, બાઈબલ, કુરાન અને ચીની કન્ફ્યુશિયસ ઉપરાંત લાઉત્સેનો પણ તેમના પર પ્રભાવ હતો. ૧૯૧૦માં કામેશ્વરની પોળમાં મગનભાઈ શેઠના દેરાસરનો જીર્ણોદ્ધાર કરી ધામધૂમથી ભવ્ય પ્રતિષ્ઠા ઉજવી હતી. પાલીતાણામાં તેમના પૂર્વજોએ અને વડદાદા શેઠ કરમચંદે દેરાસરો અને ધર્મશાળાઓ બંધાવી હતી.

૧૯૨૧માં તેમણે જૈન સંઘમાંથી રાજીનામું આપ્યું. શ્વેતાંબર દશા શ્રીમાળી જ્ઞાતિમાંથી આ અગાઉ ૧૯૧૭માં પણ તેમણે રાજીનામું આપી દીધું હતું.

અંબાલાલ સારાભાઈ સુધારક વિચારોના કારણે જૈન સમાજ સાથે સતત સંઘર્ષનો ભોગ બનતા હતા. એ વખતે તેમની કેલિકો મિલમાં કેટલાંક કૂતરા હડકાયાં થયા હતા. મજૂરોને કરડી જતાં હતાં. હડકાયાં કૂતરાનાં ત્રાસથી મજૂરોને બચાવવા તેમણે કૂતરાંઓને ગોળીથી ઠાર કરી દેવરાવ્યા હતા.

અને રૂઢીચુસ્ત જૈનો ઊકળી ઊઠયા હતા. 'વીરશાસન' નામની પત્રિકામાં અંબાલાલ સારાભાઈના અમાનુષી વર્તન અંગે લેખો લખાયા હતા.

એ દિવસોમાં જ સત્યાગ્રહ આશ્રમની ગૌશાળામાં એક વાછરડું બીમાર પડયું હતું. તેને શીતળા નીકળ્યા હતા. વાછરડું અત્યંત પીડાતું હતું. વાછરડાની વેદના ગાંધીજીથી પણ જોવાતી નહોતી. બાપુએ અંબાલાલ સારાભાઈને વાત કરી. અંબાલાલ સારાભાઈએ ડૉ. ટેકારિયાને બોલાવી, ગાંધીજીની અને પોતાની ઈચ્છાથી વાછરડાને દર્દનું ઈન્જેક્શન અપાવ્યું. વાછરડું મરી ગયું પરંતુ કેટલાક જૈનો અંબાલાલ સારાભાઈ અને ગાંધીજી પર તૂટી પડ્યા. અલબત્ત વાછરડું તો બિચારું દર્દમુક્ત થઈ ગયું. જીવદયાની તેમની વ્યાખ્યા કષ્ટમુક્તિની હતી.

સમય વહેતો રહ્યો.

પાછળથી અંબાલાલ સારાભાઈએ મિલમાલિક મંડળનું સભ્યપદ પણ છોડી દીધું. મિલમાલિકોને આ વાત ખૂંચી હતી પરંતુ બીજી બાજુ આઈ.એ.એસ. થવું તે અંબાલાલ સારાભાઈના કોઈ ઉદ્યોગમાં જોડાવું તેની સમકક્ષ ગણાવા લાગ્યું.

એવામાં પુત્ર સુહૃદ બીમાર પડયો. ખૂબ ઉપચાર કર્યા, પરંતુ પંદર દિવસની બીમારી બાદ સુહૃદનું અવસાન થયું. યુવાન પુત્રવધૂ મનોરમા વિધવા થયા છતાં તેને પુત્રવત્ ગણી રીતિરિવાજોનું કોઈ બંધન લાદવામાં ન આવ્યું. ચાંદલો ને પહેરવેશ એના એ જ રાખવામાં આવ્યા. બહાર જવા-આવવા પર કોઈ જ પ્રતિબંધ લદાયો નહીં. હા, એક ફરક પડી ગયો. મા સરલાદેવીના જીવન પર એક ઓળો છવાઈ ગયો. તેમણે કાયમ માટે એક સફેદ સાડી અને કચકડાની બંગડી સિવાયનાં તમામ આભૂષણો અને કિંમતી વસ્ત્રો ત્યજી દીધાં. બાળકોના પિતા અંબાલાલ સારાભાઈનો પક્ષીઓનો તથા બીજા અન્ય શોખ પણ ધીમે ધીમે અસ્ત પામ્યા.

પરિવારની કથા તો લાંબી છે પરંતુ પરિવારનું પ્રત્યેક ફરજંદ કોઈ ને કોઈ ક્ષેત્રમાં સુપ્રસિદ્ધ બન્યું. અંબાલાલ સારાભાઈ પોતે એક ખ્યાતનામ ઉદ્યોગપતિ બન્યા. પત્ની સરલાદેવીએ બાળકોનાં અને કેળવણીનાં કામ સંભાળ્યાં. તેમણે કસ્તૂરબાના ટ્રસ્ટનું પ્રમુખપદ સંભાળ્યું. બહેન અનસૂયા મજૂર મહાજન સંઘના પ્રમુખ બન્યાં. અબજોપતિ હોવા છતાં નિર્મળાબહેને મધ્યમવર્ગનાં બાળકો માટે રાયપુર બાલમંદિર ઊભું કર્યું. પુત્રી મૃદુલાબહેને જ્યોતિસંઘ અને વિકાસગૃહ સ્થાપ્યાં. ભારતી સારાભાઈ યુનિવર્સિટીની કારકિર્દીમાં ઝળક્યાં. ગીરા સારાભાઈએ હિસાબકિતાબ સંભાળ્યા. લીલાબહેન સારાભાઈએ એ જમાનાની અજોડ શૈક્ષણિક સંસ્થા 'શ્રેયસ' ઊભી કરી. અંબાલાલ સારાભાઈના પુત્ર વિક્રમ સારાભાઈ એક મહાન વૈજ્ઞાનિક બન્યા અને અમદાવાદમાં ફિઝીકલ રિસર્ચ લેબ.ની સ્થાપના કરી. સુહૃદ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણ્યા હતા પરંતુ ૪૬ વર્ષની વયે જ ગુજરી ગયા. ગૌતમ સારાભાઈ મેથેમેટીશિયન હતા.

અંબાલાલ સારાભાઈને અંગ્રેજોએ 'કેસરે હિંદ'નો ઈલ્કાબ આપ્યો જે તેમણે સરકારને પરત કરી દીધો. તેમને કોઈ ચાંદ ઈલ્કાબની સ્પૃહા ન હતી. તેમની પાસે કોઈ ફંડ લેવા આવે તો તેમને આપવું હોય તેટલું જ આપે. ના પણ આપે. દાન સાથે પોતાના નામની તકતી મુકાય તેવો તેમનો આગ્રહ નહોતો.

રાજકારણમાં તેમને રસ નહોતો. મિલમાંથી પેન્સિલ પણ અંગત ઉપયોગ માટે લાવતા નહીં. રેલવે સ્ટેશન ઉપર પ્રવેશતાં જ ટિકિટ ચેકરો પણ તેમને સલામ કરતા. તેમની પાસે કોઈ ટિકિટ કે પાસ માંગતું નહીં, છતાં પ્લેટફોર્મ ટિકિટ લીધા વિના કોઈને લેવા જતા નહીં. રસ્તામાં પશુઓ કસાઈવાડે જતાં હોય તો ચૂપચાપ છોડાવી લે. ઘરમાં ધાગા-દોરા, ભુવા-જ્યોતિષીઓ, તાંત્રિકોને પ્રવેશ નહોતો. કોઈના જન્માક્ષર પણ બનાવડાવ્યા નહોતા. કોઈ પણ પ્રસંગ માટે તિથિ કે મુહુર્ત જોવડાવતા નહીં. લગ્નપ્રસંગે પણ નહીં. પાછળથી તેમણે મિલમાલિક મંડળનું પ્રમુખપદ પણ છોડી દીધું હતું. કોઈ સગાને કે જ્ઞાતિવાળાને નોકરીમાં રાખવા નહીં તેવો તેમનો સિદ્ધાંત હતો. આ કારણે સગાઓની કડવાશ તેમણે નોતરી હતી. જાહેરખબર દ્વારા ઉચ્ચ લાયકાતવાળાને જ તેમણે પસંદ કર્યા હતા.

અગાઉ યુવાન પુત્ર સુહૃદનું અવસાન થયું હતું.

૧૯૭૪માં અંબાલાલ સારાભાઈનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું. સરલાદેવીએ ચાંદીના મઢેલા કાચના ફાનસમાં અખંડ દીવો પ્રગટાવ્યો હતો. સરલાદેવીએ નર્મદાના કિનારે વ્યાસતીર્થ ખાતે પુત્ર અને પતિના અસ્થિને દૂધથી ધોઈ નર્મદાના પ્રચંડ પ્રવાહમાં એ અસ્થિનું વિસર્જન કર્યું પરંતુ સાથે કોઈ બ્રાહ્મણ કે પુરોહિત નહોતો.

રણોલીના અતિથિગૃહના બાજઠ પર અખંડ દીવો મૂકવામાં આવ્યો. તડાક અવાજ સાથે રૂપે મઢેલું કાચનું ફાનસ ફાટી ગયું. દીવો પણ ઓલવાઈ ગયો. જાણે કે એક અધ્યાય યુગ – સમાપ્ત થઈ ગયો.

સારાભાઈ પરિવારનો 'રીટ્રીટ' બંગલો આજે તો એક મ્યુઝિયમ છે. હવે તે નિવાસસ્થાન રહ્યું નથી. 'રીટ્રીટ'નું મ્યુઝિયમ ગીરાબહેન સારાભાઈ સંભાળે છે. તેના પૌરાણિક ચિત્રકળાના અને શિલ્પના અદ્‌ભુત નમૂના છે. તેમનાં બીજાં એક બહેન મીતા સારાભાઈ આશ્રમરોડ પરની બી.એમ. ઈન્સ્ટિટ્યૂટનું સંચાલન કરે છે. ■

તહેવાર

# નવરાત્રી... નવદુર્ગાના સ્વરૂપ

સંકલન : ચૌલા કુરૂવા

દર વર્ષે નવરાત્રી આવે એટલે નવદુર્ગાની વાત આવે. નવે નવ દુર્ગા કોણ છે, તેના રૂપ કેવા છે તેની વિસ્તારથી કહાની પણ દર નોરતામાં આવે છે પણ નવદુર્ગા વિશે ન જાણેલી કેટલીક બાબતો અહીં ઉજાગર કરવી છે. નવેનવ દુર્ગાના સ્વરૂપો અને તેનાં શ્લોક આપેલા છે. શ્લોક એટલા માટે કે દરેક માતાનો શ્લોક અલગ અલગ ફળ આપે છે. તે ફળ મેળવવા માટે નવદુર્ગાના તમને અનુરૂપ શ્લોકનું પઠન કરી શકો છો.

## પ્રથમ સ્વરૂપ : શૈલપુત્રી • શૈલપુત્રી માતા

મા દુર્ગાના ૯ અવતારોમાં પ્રથમ સ્વરૂપ શૈલપુત્રી દેવી છે. જે હિમાલયની પુત્રી પાર્વતી તરીકે અવતર્યા હતા. તેમના જમણા હાથમાં ત્રિશુળ અને ડાબા હાથમાં કમળપુષ્પ તેમજ મસ્તક પર ચંદ્ર ધારણ કરેલો છે. તેમનું વાહન વૃષભ (બળદ) છે. નવરાત્રીના પ્રથમ દિવસે નવદુર્ગાનાં આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે. તે સમયે તેનું નામ શૈલપુત્રી એટલે કે (શૈલ = પર્વત અને પુત્રી = પુત્રી) રાખવામાં આવ્યું. તેમના જમણા હાથમાં ત્રિશુલ છે અને ડાબા હાથમાં કમળનું ફૂલ છે.

દક્ષના યજ્ઞમાં માતાએ સતી સ્વરૂપે પોતાનું શરીર છોડી દીધું. તે પછી માતા ફરી ભગવાન શિવનાં પત્ની બન્યા. શૈલપુત્રીની આરાધના કરવાથી આત્મવિશ્વાસ વધે છે. તેમની આરાધના માટેનો શ્લોક છે :

*वन्दे वाञ्छितलाभाय चन्द्रार्धकृतशेखराम् ।*
*वृषारुढां शूलधरां शैलपुत्रीं यशस्विनीम् ॥*

## બીજું સ્વરૂપ : બ્રહ્મચારિણી • બ્રહ્મચારિણી માતા

સાધકો આ દિવસે પોતાના મનને માતાજીના ચરણોમાં સમર્પિત કરે છે. બ્રહ્મનો અર્થ છે તપસ્યા અને ચારિણીનો અર્થ છે આચરણ કરનારી. આમ, બ્રહ્મચારિણી અર્થાત્ તપનું આચરણ કરનારી માતા. એમના જમણા હાથમાં જપ કરવાની માળા તેમજ ડાબા હાથમાં કમંડળ રહેલું હોય છે. આ દિવસે સાધકો કુંડલિની શક્તિને જાગૃત કરવા માટે પણ સાધના કરે છે. આ શક્તિ જાગૃત થવાથી સાધકનું જીવન સફળ થઈ શકે અને એની સામે આવનારા કોઈ પણ પ્રકારનાં વિઘ્નોનો સામનો આસાનીથી કરી શકે. નોરતાનાં બીજા દિવસે તેમની જ પૂજા કરવામાં આવે છે. આ દિવસે સાધકનું મન 'સ્વાધિષ્ઠાન' ચક્રમાં સ્થિત હોય છે. મનથી આ શ્લોકનું પઠન કરવાથી સ્વાધિષ્ઠાન ચક્ર શુદ્ધ બને છે.

*दधाना करपद्माभ्यामक्षमालाकमण्डलु ।*
*देवी प्रसीदतु मयि ब्रह्मचारिण्यनुत्तमा ॥*

## ત્રીજું સ્વરૂપ : ચંદ્રઘટા • ચંદ્રઘટા માતા

ચંદ્રઘટા, એ નવદુર્ગાનું ત્રીજું સ્વરૂપ છે. જેમના મસ્તક પર ચંદ્ર (ઘંટ આકારનો) ધારણ કરેલો છે. વર્ણ સુવર્ણ જેવો છે. તેમને દસ ભુજાઓ છે જેમાં ખડગ, ધનુષ-બાણ વગેરે શસ્ત્રો ધારણ કરેલા છે. તેમનું વાહન વાઘ છે. નવરાત્રીના ત્રીજા દિવસે નવદુર્ગાનાં આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે. તેમની આરાધનાથી બધી વિપત્તિઓનો નાશ થાય છે.

ચંદ્રઘટા નામનો અર્થ 'ઘંટ આકારનો, અર્ધગોળ, ચંદ્ર મસ્તક પર ધારણ કરનાર' એમ પણ થતો હોવાનું જણાય છે. તેમને ત્રણ નેત્ર હોવાનું પણ કહેવાયું છે. કોઈ સ્થળે તેમનું વાહન સિંહ પણ જણાય છે.

*पिण्डजप्रवरारुढा चण्डकोपास्त्रकैर्युता ।*
*प्रसादं तनुते मह्यं चन्द्रघण्टेति विश्रुता ॥*

## ચોથું સ્વરૂપ : કુષ્માંડા • કુષ્માંડા માતા

કુષ્માંડા એ નવદુર્ગાનું ચોથું સ્વરૂપ છે. કુષ્માંડાનો અર્થ કુત્સિત ઉષ્મા, કુષ્મા-ત્રિવિધ તાપયુક્ત એવો થાય છે. તેમને આઠ ભુજાઓ છે જેમાં તેમણે કમંડળ, ધનુષ-બાણ, કમળ, અમૃતમય કળશ, માળા, ગદા અને ચક્ર ધારણ કરેલા છે. તેમનું વાહન વાઘ છે. નવરાત્રીના ચોથા દિવસે નવદુર્ગાનાં આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે. તેમનાં મધુર હાસ્યથી બ્રહ્માંડની ઉત્પત્તિ થયાનું કહેવાય છે. કુષ્માંડાનો બીજો અર્થ 'કુ-ઉષ્મા-અંડ (ઇંડુ – કોસ્મિક ઇંડુ) એવો પણ કરાયો છે. અર્થાત્ તેઓ બ્રહ્માંડના રચયિતા મનાય છે. અન્ય એક અર્થ 'આખું જગત જેના ઉદરમાં છે એ દેવી' એમ પણ કરાયો છે. આ દેવીને 'સિદ્ધિદાત્રી' તરીકે પણ ઓળખાવાય છે અને દેવીને કોળાંનો ભોગ પસંદ છે.

*सुरासंपूर्णकलशं रुधिराप्लुतमेव च ।*
*दधाना हस्तपद्माभ्यां कूष्माण्डा शुभदास्तु मे ॥*

## પાંચમું સ્વરૂપ : સ્કંદ માતા • સ્કંદ માતા

સ્કંદ માતાનો અર્થ કાર્તિકેયનાં માતા એવો થાય છે. સ્કંદ એ કાર્તિકેયનું બીજું નામ છે. સ્કંદ માતાને ચાર ભુજા છે. તેમણે ઉપલા બે હાથમાં કમળ ધારણ કરેલા છે અને અન્ય

એક હાથ ખોળામાં બાળ કાર્તિકેય (દક્ષિણ ભારતમાં મુરૂગન સ્વામી)ને પકડી રાખ્યા છે. તેમનો ચોથો હાથ વરદમુદ્રામાં છે. તેમનું વાહન સિંહ છે. નવરાત્રીનાં પાંચમાં દિવસે નવદુર્ગાનાં આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે.

દેવી ક્યારેક કમળ પર બેઠેલાં પણ દર્શાવાય છે એટલે તેમને 'પદ્માસના દેવી' પણ કહેવાય છે. તેમનો વર્ણ શુભ્ર, સફેદ છે. સંતાન પ્રાપ્તિ માટે નીચેના શ્લોકનું પઠન કરી શકાય.

*सिंहासनगता नित्यं पद्माश्रितकरद्वया ।*
*शुभदास्तु सदा देवी स्कन्दमाता यशस्विनी ॥*

## છઠ્ઠું સ્વરૂપ : મા કાત્યાયની ● કાત્યાયની માતા

કાત્યાયની એ નવદુર્ગાનું છઠ્ઠું સ્વરૂપ છે. તેમને ચાર ભુજાઓ છે. તેમણે એક હાથમાં કમળ ધારણ કરેલું છે અને બીજા હાથમાં ચંદ્રહાસ નામની તલવાર ધારણ કરી છે. ત્રીજો અને ચોથો હાથ અભયમુદ્રા અને વરદમુદ્રામાં છે. તેમનું વાહન સિંહ છે. નવરાત્રીના છઠ્ઠા દિવસે નવદુર્ગાના આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે.

પૌરાણિક કથા પ્રમાણે કત નામના ઋષિને કાત્યા નામનો પુત્ર હતો. ઋષિ કતને પુત્રીની મહેચ્છા હતી. તેમણે ઉગ્ર તપસ્યા દ્વારા દેવી પાસેથી પોતાની પુત્રી સ્વરૂપે અવતરવાનું વરદાન પ્રાપ્ત કર્યું. દેવી પ્રગટ થયાં જે કાત્યાયનીથી પૂજાયા. કાત્યાયનનો એક અર્થ 'નિકંદન' પણ છે. આ ઉપરાંત કાત્યાયન નામના વિદ્વાન ઋષિનો પણ ઉલ્લેખ મળે છે. જે શ્રૌતસૂત્રકાર અને વ્યાકરણના વિદ્વાન હતા. એમનાં પત્ની પણ કાત્યાયની કહેવાયા. યાજ્ઞવલ્કય મુનિનાં પત્ની પણ કાત્યાયની તરીકે ઓળખાય છે. માતાને પ્રસન્ન કરવા નીચેનો શ્લોક બોલી શકાય.

*चन्द्रहासोज्ज्वलकरा शार्दूलवरवाहन ।*
*कात्यायनी शुभंदद्यादेवी दानवघातिनी ॥*

## સાતમું સ્વરૂપ : કાલરાત્રિ માતા ● કાલરાત્રિ માતા

કાલરાત્રિ, એ નવદુર્ગાનું સાતમું સ્વરૂપ છે. તેમને ચાર ભુજા છે. તેમણે એક હાથમાં ખડગ અને બીજા હાથમાં તીક્ષ્ણ લોહ અસ્ત્ર ધારણ કરેલું છે. ત્રીજો અને ચોથો હાથ અભયમુદ્રા અને વરદમુદ્રામાં છે. તેમનું વાહન ગદર્ભ (ગધેડું) છે. નવરાત્રીના સાતમા દિવસે નવદુર્ગાના આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે. દેવીનો વર્ણ શ્યામ છે.

પૌરાણિક કથા પ્રમાણે શુંભ અને નિશુંભ નામક અસૂરોનો સંહાર કરવા માટે દેવી પાર્વતીએ કાલરાત્રી સ્વરૂપ ધારણ કરેલું હતું. શનિ (ગ્રહ)નું સંચાલન દેવી કાલરાત્રી દ્વારા કરાય છે. આ સ્વરૂપની ઉપાસના કરનારને અભય પ્રાપ્ત થાય છે અને તેમનું શુભ થાય છે. માટે આ દેવી 'શુભંકરી' તરીકે પણ ઓળખાય છે. ઘરમાં શુભ વાતાવરણ રહે, શુભ કાર્યોમાં વિઘ્ન ન આવે તે માટે નીચેનો શ્લોક નિયમિત કરી શકો. શનિની દષ્ટિની અશુભ અસર ઓછી કરવા, શનિદેવ પ્રસન્ન રહે તે માટે કાલરાત્રિ માતાના શ્લોકનું પઠન કરી શકાય.

*एकवेणी जपाकर्णपूरा नग्ना खरास्थिता ।*
*लम्बोष्ठी कर्णिकाकर्णी तैलाभ्यक्तशरीरिणी ॥*
*वामपादोल्लसल्लोहलताकण्टकभूषणा ।*
*वर्धन्मूर्धध्वजा कृष्णा कालरात्रिर्भयन्करि ॥*

## આઠમું સ્વરૂપ : મહાગૌરી માતા ● મહાગૌરી માતા

મહાગૌરી, એ નવદુર્ગાનું આઠમું સ્વરૂપ છે. તેમને ચાર ભુજા છે. તેમણે એક હાથમાં ત્રિશુળ અને બીજા હાથમાં ડમરું ધારણ કરેલું છે. ત્રીજો અને ચોથો હાથ અભયમુદ્રા અને વરદમુદ્રામાં છે. તેમનું વાહન વૃષભ છે એટલે 'વૃષારૂઢા' તરીકે પણ ઓળખાય છે. નવરાત્રીના આઠમા દિવસે નવદુર્ગાના આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે. દેવીનો વર્ણ ગૌર છે, વસ્ત્ર આભૂષણ શ્વેત છે એટલે 'શ્વેતાંબરધરા' તરીકે પણ ઓળખાય છે.

પુરાણ કથા પ્રમાણે દેવી શૈલપુત્રી સોળ વર્ષની આયુએ ખૂબ જ સુંદર અને ગૌર વર્ણનાં હતા. દેવીનું આ સ્વરૂપ 'મહાગૌરી' તરીકે ઓળખાયું. દેવી મહાગૌરી રાહુ (ગ્રહ)નું સંચાલન કરે છે. રાહુની છાયાથી બચવા, તેની અસરથી બચવા મહાગૌરી માતાનો નીચેનો શ્લોક બોલી શકાય.

*श्वेते वृषे समारुढा श्वेताम्बरधरा शुचिः ।*
*महागौरी शुभंदद्यान्महादेवप्रमोददा ॥*

## નવમું સ્વરૂપ : સિદ્ધિદાત્રી માતા ● સિદ્ધિદાત્રી માતા

સિદ્ધિદાત્રી, એ નવદુર્ગાનું નવમું સ્વરૂપ છે. તેમને ચાર ભુજા છે. તેમણે એક હાથમાં ગદા અને બીજા હાથમાં ચક્ર ધારણ કરેલું છે. ત્રીજા હાથમાં શંખ અને ચોથા હાથમાં કમળ છે. તેમનું વાહન સિંહ છે પણ મહદ્અંશે તેમને કમળ પર બિરાજમાન દર્શાવાયા છે. નવરાત્રીના નવમા દિવસે નવદુર્ગાનાં આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે. દેવી સિદ્ધિદાત્રી કેતુ (ગ્રહ)નું સંચાલન કરે છે.

દેવી ભાગવત્ પુરાણ પ્રમાણે બ્રહ્માંડની શરૂઆતમાં શિવે રચના માટે આદિ-પરાશક્તિની ઉપાસના કરી. એમ માનવામાં આવે છે કે આદિ-પરાશક્તિ દેહ સ્વરૂપ ધરાવતા ન હતા.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૫ ઉપર)**

બાપુ

# પૂજ્ય બાપુની ખટમીઠી વાતો

ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'

કસ્તુરબાના અવસાન બાદ બાપુ બેચેન રહેતા હતા. એક વખત સખત ઉધરસને લીધે તેઓ અચાનક જાગી ગયા. ત્યારે તેઓનો સતત પડછાયો બની રહેતા મનુબેન તુરતજ દોડી આવીને બાપુની પીઠ ઉપર હાથ પ્રસારવા લાગ્યા. તેણીએ બાપુને કહ્યું કે - 'આ ઉધરસ આપની ઊંઘ બગાડે છે તેથી દાક્તરને બતાવી દવા લેવી પડશે.' ત્યારે બાપુએ કસ્તુરબાની ખાલી પથારી તરફ નજર નાંખી હસતા-હસતા કહ્યું કે, 'મને બા સપનામાં આવ્યા હતા ને આવું જ કહેતા હતા. પરંતુ મારા દિલમાં સતત રામનામનો જાપ ચાલુ જ હોય છે ત્યારે આ ઉધરસ મને શું કરી લેવાની છે?' એવું કહી રામનામનો જાપ કરતા-કરતા ઊંઘી ગયા.

ગાંધીજી અહિંસાના હિમાયતી હતા. જીવમાત્ર પ્રત્યે તેઓના દિલમાં કરૂણા વહેતી હતી. છતાં જરૂર પડ્યે હિંસાનો પ્રતિકાર કરવા પણ કડક વલણ દાખવતા. આવા અહિંસાવાદી બાપુને કોઈએ પૂછ્યું કે - 'કોઈ જનાવર હિંસક બને તો તેને અંકુશમાં લાવવા બળપ્રયોગ જરૂરી છે કે કેમ?' ત્યારે બાપુએ કહેલ કે — 'કોઈપણ હિંસક જાનવર કે માનવી સામે આપણી લાચારી પ્રગટ થવી ન જોઈએ. યોગ્ય સમયે પોતાના સ્વબચાવ માટે બળપ્રયોગ પણ કરવો જોઈએ.' આમ બાપુ કસમયની હિંસાની તરફેણ કરતા ન હતા.

ગાંધી બાપુ શિસ્તના આગ્રહી હતા. શિસ્તના પાલન માટે ઉપવાસ ઉપર પણ બેસી જતા. છતાં જડતા લગીરે નહીં. તેઓની નિરીક્ષણ શક્તિ પણ ગજબની હતી. એકવાર જનરલ કરીઅપ્પા તેઓને મળવા આવ્યા. ત્યારે બાપુએ હસતા-હસતા કહ્યું કે — 'જનરલ, જ્યારે તમો મને મળવા આવો છો ત્યારે જોડા બહાર કેમ કાઢો છો?' ત્યારે શ્રી કરીઅપ્પાએ ગંભીરતાથી કહ્યું કે- 'અમો લશ્કરી શિસ્તમાં માનીએ છીએ. તેમાં પણ આપના જેવા સંત પુરૂષને મળવાના સમયે યોગ્ય વર્તન અને વિવેક દાખવવા જોઈએ.' ફરી બાપુએ પૂછ્યું કે- 'તમો અહિંસામાં માનો છો?' ત્યારે શ્રી કરીઅપ્પાએ સહજતાથી સુંદર જવાબ આપ્યો કે — 'યુધ્ધની ભીષણતા અમો પણ જાણીએ છીએ. પરંતુ દેશની સુરક્ષા કાજ અમારે મળેલ આદેશોનુ પાલન કરવું પડે છે. ત્યારે અહિંસાને ભૂલવી પડે છે.' આમ, તેઓએ બાપુને ખોટું ન લાગે તેવો અહિંસાની વાતનો સરસ જવાબ આપ્યો.

પૂ.બાપુની સ્વદેશી ભાવનાનો ખ્યાલ ભલે આ વૈશ્વિકરણના સમયમાં બંધ બેસે નહીં, પણ તેની પાછળ રહેલ સ્વાવલંબન અને ગૃહઉદ્યોગોને ઉત્તેજન આપવાની બાબત ઘણી સૂચક બની રહે છે. લંડનમાં ગોળમેજી પરિષદ સમયે કોઈએ બાપુને પૂછેલ કે- 'તમો ગૃહઉદ્યોગોને કેમ ઉત્તેજન આપો છો? મોટા ઉદ્યોગો તરફી કેમ નથી?' ત્યારે બાપુએ ખૂબજ શાંતિચત્તે જવાબ આપેલ કે- 'હું મોટા ઉદ્યોગોનો વિરોધી નથી. પરંતુ તેને લીધે ગામડાંઓ ભાંગી પડે છે. મોટા ઉદ્યોગોથી શોષણ અને નફાખોરી વધે છે. આપણી કુદરતી સંપત્તિ જેવી કે જળ, હવા, જમીનને ખૂબજ નુકસાન પહોંચે છે. ભારે ઉદ્યોગોથી ગ્રામ્ય અર્થવ્યવસ્થા તૂટી પડશે. રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓને કારણે પ્રાકૃતિક ખેતીને નુકસાન પહોંચશે. તેમજ શહેરીકરણને લીધે પ્રદૂષણ વધશે. માનવીનું આરોગ્ય અને સુખાકારી ઘટશે. જ્યારે ગૃહઉદ્યોગોને કારણે ગામડાં જીવંત રહેશે. દરેકને રોજગારી મળી રહેશે.'

બાપુ બ્રહ્મચર્યના હિમાયતી હતા. તેઓ કહેતા કે- 'વિષયવાસના માનવીને પતનની ખીણમાં ધકેલી શકે છે. કામવાસનાનો મેં જાતે અનુભવ કરેલ છે. મારા પિતાજીની આખરી ઘડીએ, મારા મનમાં જાગેલ કામવાસનાને લીધે હું તેઓની સેવા બરાબર કરી શકેલ નહીં. જેનો વસવસો કાયમ રહેલ.' તેઓ કહેતા કે, 'મન ચંચળ છે. તેને યોગ, ધ્યાન અને પ્રાણાયામ થકી વશમાં રાખી શકાય છે. વિષયવાસનાથી મળેલ સુખ ક્ષણિક હોય છે તેથી મન સદા અતૃપ્ત રહે છે. કામવાસનાનો કીડો માનવીને ન કરવાના કામ કરાવે છે. બ્રહ્મચર્યના પાલન થકી તન-મનને તંદુરસ્ત રાખી શકાય છે.'

સર્વધર્મ સમભાવના એ ગાંધીજીનો જીવનમંત્ર હતો. દલીતો અને લઘુમતીઓના રક્ષણ માટે તેઓ જાનની પણ પરવા કરતા નહીં. આઝાદી બાદ દેશમાં ઠેર-ઠેર ફાટી નીકળેલ કોમી તોફાનો સમયે બાપુ ઉપવાસ ઉપર બેસી ગયેલ. ત્યારે કેટલાક લોકોએ બાપુને ફરિયાદના સૂરમાં કહેલ કે- 'તમો કેવળ મુસલમાનોનાં જ પક્ષે છો અને તેઓની સલામતી માટે જ ઉપવાસ આદર્યા છે.' ત્યારે બાપુનો વેદનાસભર ચહેરો સામે આવ્યો. તેઓએ ગંભીરતાથી કહ્યું કે- 'મારા ઉપવાસ કેવળ મુસલમાનો માટે જ નથી. જે લોકો હિંસા આચરે છે તે તમામની હૃદયશુધ્ધિ થાય અને દેશના તમામ નાગરિકોમાં ભાઈચારાની ભાવના પ્રબળ બને, હિંસા અટકે તે માટે હું ઉપવાસ ઉપર બેસું છું. મારો પ્રેમભાવ દરેક કોમ,ધર્મ માટે એકસરખો છે. હું ઉપવાસ કોઈ સ્વાર્થવૃત્તિ માટે કરતો નથી. ઉપવાસ એ અહિંસક શસ્ત્ર છે. તેથી તેનો ઉપયોગ પણ માનવજાતના કલ્યાણ માટે થવો જોઈએ.

આવા તો અનેક પ્રસંગોએ બાપુની નિખાલસતા અને માનવતાના દર્શન થતા હતા.

*'અંતરીક્ષ', પ્લોટ નં. ૩૯૩/૨,*
*સેક્ટર-૩/બી, ગાંધીનગર-૩૮૨ ૦૦૬. • મો. ૯૮૯૮૪ ૫૩૧૭૨*

મેટ્રો ટ્રેન

# ભારતની પ્રથમ મેટ્રો ટ્રેઇન ભુજને ફાળવાઈ

ભાવિન વોરા

***વડાપ્રધાનનું વંદે કચ્છ : ભારતની પ્રથમ મેટ્રો ટ્રેનથી દેશવાસીઓનું વધુ ધ્યાન ખેંચાયું***
***એક સમય હતો કે, ટ્રેનમાં રૂા. ૩૦/-માં ફાવે ત્યાં ફરાતું.***
***બ્રિટીશ કાળમાં ભુજને રેલવેથી જોડવાનો સર્વે કરાયો હતો.***

ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી કચ્છ માટે વિશેષ લગાવ ધરાવતા હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની પ્રથમ મેટ્રો ટ્રેન ભુજને આપી છે. રેલ વ્યવહાર ક્ષેત્રમાં સતત અભાવની પીડા ભોગવ્યા બાદ સંખ્યાબંધ ટ્રેન દોડતી થઈ પરંતુ ભુજ કે પશ્ચિમ કચ્છને જોડતી રેલ સેવા વચ્ચે વડાપ્રધાને તેમની કચ્છ પરત્વેની લાગણી વંદે મેટ્રોના માધ્યમથી દર્શાવીને મહાનગર સ્તરની ટ્રેન સેવા પૂરી પાડી છે એમ કહી શકાશે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ ઔદ્યોગિકીકરણ અને પ્રવાસનમાં કાઠું કાઢનારા કચ્છને મેટ્રો ટ્રેનની સુવિધા દેશવાસીઓનું વધુ ધ્યાન ખેંચશે એ હકીકત છે. આગામી વર્ષોમાં નલિયા લાઈન શરૂ થાય તો મુંબઇ તરફની વધુ એક ટ્રેન અને ભુજથી સૌરાષ્ટ્રને જોડતી નવી ટ્રેન પણ સમયની માંગણી છે. અલબત્ત, ભુજના અગ્રણીઓ, રેલવે સંગઠન કે સ્ટેશન સમિતિના લોકોએ તબક્કાવાર રેલવે મંત્રાલય સુધી રજૂઆતો કરી છે અને વર્તમાન સાંસદ વિનોદ ચાવડાએ પણ તેમની ત્રણેય ટર્મમાં સંબંધિત રેલ મંત્રી સુધી કચ્છના રેલ પ્રશ્નોની વાત પહોંચાડી છે તે પણ નોંધવું રહ્યું.

વંદે મેટ્રોની વાત આગળ વધારીએ તો, ભુજ ઉપરાંત મધ્ય અને પશ્ચિમ કચ્છવાસીઓ અને ખાસ કરીને દેશના વિવિધ રાજ્યોમાં વસતા બૃહદ કચ્છીઓ અને બિનનિવાસી ભારતીયો માટે આ દૂર અંતર સફરની દુવિધા સુવિધામાં પરીવર્તિત થવા જઇ રહી છે. કારણ કે આધુનિક ટ્રેન દોડવાની છે. રાષ્ટ્રીય કમ રાજ્ય ધોરીમાર્ગ ઉપરથી પસાર થઇને ભુજથી અમદાવાદ પહોંચતા લાગતા ૭થી ૮ કલાકના બદલે હવે તેમાં બે કલાકનો ઘટાડો થશે અને અમદાવાદ અપડાઉન કરી શકાશે તેવી મેટ્રોફેરી રેલસુવિધા ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૪થી મળવાની છે જે કચ્છના રેલ ઇતિહાસમાં એક નવું પાનું ઉમેરનારી રહેશે.

મેટ્રોને આવકાર સાથે કચ્છના રેલવે વ્યવહારના ભૂતકાળના પાનાઓ ઉઘાડીએ ત્યારે આ સરહદી જિલ્લાના લોકોએ રાજ્ય કે રાષ્ટ્ર સાથે જોડાતાં બહુ રાહ જોવી પડી છે એ સમજાયું છે. અહીં ૨ એપ્રિલ ૨૦૧૭માં લખાયેલો મારો સંદર્ભ લેખ જે મારા પુસ્તક '૨૧મી સદીમાં કચ્છ : પાણી, પ્રવાસન અને ઔદ્યોગિકીકરણ'માં પ્રકાશિત કર્યો હતો તેને અહીં અમુક સુધારા સાથે રજૂ કર્યો છે. જેમાં અતીતની વાતોનો ઉલ્લેખ છે.

એક સમય હતો કે, ટ્રેનમાં રૂા. ૩૦/-માં ફાવે ત્યાં ફરાતું. બ્રિટીશ કાળમાં ભુજને રેલવેથી જોડવાનો સર્વે કરાયો હતો. ૧૯૦૦ની શરૂઆતના દાયકામાં જામનગરથી મુંબઈ રેલમાર્ગે જઈ શકાતું હતું. અંજારના તુણા બંદરેથી સૌરાષ્ટ્રના રોઝી થઈને જામનગર પહોંચવાની સેવા શરૂ કરાઈ હતી. આવી વિગતો અહીં આપવામાં આવી છે.

આઝાદી પહેલાં પણ સરહદી આ વિસ્તારને રેલ સેવા કેમ મળતી રહે તેમાં બ્રિટીશર્સ અધિકારીઓ દ્વારા તેમની સગવડતા સારું ૧૮૯૭માં ભુજ વિસ્તારનો સર્વે કરાવાયો હતો. રાજાશાહી સમયમાં કચ્છમાંથી રેલવે પસાર થાય તેમાં વાંધો હોવાનું નોંધાયું છે. ૧૯૩૭માં મુંબઈથી વાયા વિરમગામ ભુજ અને પાકિસ્તાનના બદિન માટેનો સર્વે શરૂ થયો પણ વિશ્વયુદ્ધની નોબત વચ્ચે અટકી ગયો હતો. ૧૯૦૦ની શરૂઆતના દાયકામાં જામનગરથી મુંબઈ રેલ માર્ગે જઈ શકાતું હતું તેથી અંજારના તુણા બંદરેથી સૌરાષ્ટ્રના રોઝી થઈને જામનગર પહોંચવાની સગવડતા થઈ હતી. જેમાં અંજારથી તુણાના ૧૫ માઈલના નૅરોગેજના શ્રીગણેશ થયા હતા. તબક્કાવાર ૧૯૨૮માં ભચાઉને પણ જોડાયું હતું. જૂના સમયના યોગદાનમાં માજી સાંસદ ડૉ. મહિપતરાય મહેતાનું યોગદાન રેલવે સાથે સંકળાયેલાઓ ભૂલતા નથી.

રેલવેની શતાબ્દી ૧૯૫૩માં ઉજવાઈ. રજૂઆતો વિના સેવા મેળવવી એ શક્ય નથી હોતું. આવા આટાપાટાઓ વચ્ચે ભુજની સયાજીનગરી ટ્રેન શરૂ થયાના આશરે ૧૨ વર્ષ પછી દાદર સુધી પહોંચી હતી. ભારતીય રેલવેએ ૧૯૫૩માં શતાબ્દી વર્ષ ઉજવ્યું તેમાં માત્ર ૩૦ રૂપિયામાં ફાવે ત્યાં ફરો યોજના હતી. દેશભરમાં લાગુ પડતી યોજનાના કારણે મેં કચ્છ સહિત ખૂબ પ્રવાસ કર્યો – એમ આશરે છ દાયકાથી કચ્છના રેલવેના મુદ્દાઓ સાથે સંકળાયેલા રહેલા મૂળ માંડવી તાલુકાના મેરાઉના અને મુંબઈ સ્થાયી થયેલા શ્યામભાઈ શાહે અગાઉ જણાવ્યું હતું.

કચ્છનું મુખ્યમથક એવું આ શહેર ભુજ પીટ લાઈનની સમસ્યાથી પીડાતું આવ્યું છે. નવા બનેલા ન્યુ ભુજ રેલવે સ્ટેશન વખતથી પીટ લાઇનની ઓછી સંખ્યાએ વધારાની ટ્રેન દોડાવવા માટેની તકો ઉપર રોક લગાવી છે. ઈતિહાસમાં ડોકિયું કરીએ તો, એપ્રિલ ૧૯૫૫માં મીટરગેજ (એમજી) લાઈન મળી હતી. બ્રોડગેજ મળે એ માટે કચ્છના સ્વાતંત્ર્ય સેનાની અને સમય જતાં ભુજના એક સમયના નગરપતિ બનેલા સ્વ. અમૃતપ્રસાદ અંતાણી (મામા)એ ગાંધીધામથી ભુજના રેલવે ટ્રેક પર ૫૭ કિલોમીટરની પદયાત્રા પણ કરી હતી. આ એક ઠોસ લોકજાગૃતિનો પુરાવો કહેવાય.

કચ્છના અભ્યાસુ અને પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ઠક્કરે તેમના 'પથદર્શક' પુસ્તકમાં લખ્યું છે કે, કચ્છ બહારથી ભુજ સુધી આવતો માલ મોટેભાગે મીટરગેજ લાઈનથી સંકળાયેલો હતો. તેથી બ્રોડગેજ સાથે મીટરગેજ ટ્રેક પણ જરૂરી હતો પણ બંને ટ્રેકનો રેલ મંત્રાલયે ઈનકાર કર્યો હતો. કચ્છની રેલવે લાઈનની તુલના પણ ૮૦ના દાયકાના અનુસંધાને હતી, જેમાં ૨૬૩ કિલોમીટરની રેલવે લાઈનમાં બ્રોડગેજ ૨૯ ટકા અને મીટરગેજ ૭૧ ટકા હતી. અન્ય માહિતી મુજબ ભુજ-દિલ્હીની સીધી ટ્રેન પણ કચ્છવાસીઓને નસીબ હતી. એમજી લાઈન પર દોડતી આ ટ્રેન પાલનપુરમાં મર્જ થતી હતી. ૧૯૯૬માં એ સેવા દિલ્હી-અમદાવાદ વચ્ચે ગેજ રૂપાંતરણના કારણે બંધ કરી નખાઈ. જોકે, જોધપુર માટે ટ્રેન અપાઈ પરંતુ દિલ્હી કે ઉત્તર ભારતના મુસાફરો માટે આરક્ષણની સમસ્યા ઊભી થતી હતી તેથી ટ્રાફિક મળવાનો બંધ થતાં ભુજ જોધપુર એમજી લાઈન ટ્રેન પણ ૧૯૯૭ના અંત ભાગમાં બંધ થઈ હતી.

અડધી સદી બાદ અટલબિહારી વાજપેયીજીના હસ્તે ઉદ્‌ઘાટન થયું

અડધી સદી બાદ એટલે ૨૦૦૧માં મીટરગેજ પર દોડતી ટ્રેનને બ્રોડગેજમાં રૂપાંતરીત કરાઈ હતી. ૩ જૂન ૨૦૦૧ના તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના હસ્તે ઉદ્‌ઘાટન થયું હતું અને તે સમયનું નયા ભુજ પશ્ચિમ રેલવેના બી ગ્રેડના સ્ટેશનમાં અંકિત થયું હતું. કચ્છ એક્સપ્રેસ દોડવાની શરૂઆત થઈ હતી. સંગઠન એ જ શક્તિ પણ અનુભવાયેલી સ્થિતિ મુજબ રેલવે બોર્ડ પોતાની ધારણા પ્રમાણે જ સેવાઓમાં વધારો-ઘટાડો કરે છે. પૂર્વ રેલ મંત્રી અને કચ્છી માડુ દિનેશ ત્રિવેદીએ કચ્છને સંવેદનશીલ ક્ષેત્ર ગણાવીને જિલ્લાની તરફેણમાં તેમના બજેટમાં કચ્છલક્ષી જોગવાઈઓ કરી. પણ મોટાભાગની કાગળ ઉપર રહી ગઈ. મુદ્દાની વાત પર આવીએ તો, એક સમયે વડોદરાની મહારાજા સયાજીરાવ ગાયકવાડના નામધારી ટ્રેન ભુજ- મુંબઈ સુધી લંબાવાઈ હતી અને સયાજીનગરી તરીકે ચાલી રહી છે.

૨ એપ્રિલ ૨૦૧૭, રવિવારથી ભુજ બાંદ્રા ટ્રેન નંબર ૧૯૧૧૫ અને ૧૯૧૧૬ને દાદર સુધી જોડી દેવાઇ હતી. (હાલમાં ૨૦૯૦૭ અને ૨૦૯૦૮). મુંબઈ સ્થિત વસતા કચ્છના વતનીઓ અને મુંબઈ સાથે અન્ય રીતે સંબંધ ધરાવતા અન્ય પ્રવાસીઓને હવે થોડી સુગમતા થઇ છે. જોકે, સયાજી હોય કે કચ્છ એક્સપ્રેસ ટ્રેન મોટા ભાગે ફૂલ રીઝર્વ્ડ દોડે છે. દિલ્હી, મુંબઇ અને સૌરાષ્ટ્રની વધુ ટ્રેન આવકાર્ય સાથે અનિવાર્ય છે. ■

## નવરાત્રી... નવદુર્ગાના સ્વરૂપ

(અનુસંધાન : પાના નં. – ૧૨ ઉપરથી ચાલુ)

આથી આદિ-પરાશક્તિ શિવનાં અર્ધા દેહમાંથી 'સિદ્ધિદાત્રી' સ્વરૂપે પ્રગટ્યા. આમ, શિવના 'અર્ધનારીશ્વર' સ્વરૂપમાં અડધો દેહ તે દેવી સિદ્ધિદાત્રીનો દર્શાવાય છે. દેવી સિદ્ધિદાત્રીની ઉપાસના મનુષ્ય ઉપરાંત દેવ, ગંધર્વ, યક્ષ, અસૂર અને સિદ્ધ પણ કરે છે. સિદ્ધિદાત્રીના નીચેના શ્લોકનું પઠન કરી શકાય.

*सिद्धगन्धर्वयक्षाधैरसुरैरमरैरपि ।*
*सेव्यमाना सदा भूयात् सिद्‌धिदा सिद्धिदायिनी ॥*



વિશિષ્ટ દિવસ

# વૃદ્ધો માટે આંતરરાષ્ટ્રીય દિવસ

ડૉ. મિહિર એમ. વોરા

વૃદ્ધો માટે આંતરરાષ્ટ્રીય દિવસ, ૧ ઓક્ટોબરના ઉજવાય છે, જેને વૃદ્ધ વ્યક્તિઓનો આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસ આપણા સમાજમાં વૃદ્ધ વ્યક્તિઓના યોગદાન અને સિદ્ધિઓને ઓળખવા અને તેની ઉજવણી કરવા માટે સમર્પિત છે.

દુનિયાભરના વૃદ્ધો પ્રત્યે થતા દુર્વ્યવહાર અને અન્યાયને રોકવા નિર્ણય લેવાયો હતો. જોકે ૧૪ ડિસેમ્બર ૧૯૯૦ના રોજ નિર્ણય લેવાયો હતો. અને ૧ ઓક્ટોબર ૧૯૯૧એ પહેલી વાર આંતરરાષ્ટ્રીય વૃદ્ધજન દિવસ મનાવાયો હતો. વિશ્વમાં વૃદ્ધો સાથે થતાં અન્યાય. ઉપેક્ષા અને દુર્વ્યવહાર પર લગામ લગાવવાના હેતુથી દર વર્ષે 'ઇન્ટરનેશલ ડે ઑફ ઑલ્ડર પર્સન' મનાવવામાં આવે છે. આ દિવસને મનાવવા માટે એક થીમ રાખવામાં આવી છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૧૪ ઓક્ટોબર, ૧૯૯૦ના વૃદ્ધ વ્યક્તિઓ માટે આંતરરાષ્ટ્રીય દિવસના રૂપમાં ૧ ઓક્ટોબર નક્કી કરવામાં આવ્યું હતું. આ વૃદ્ધ દિવસના દિવસે ન માત્ર વૃદ્ધો પ્રત્યે ઉદાર થવાનો સંકલ્પ લેવો જોઇએ, પરંતુ વૃદ્ધોની દેખરેખની જવાબદારી પણ સમજવી જોઇએ.

હવે જે પ્રકારે આપણે કોરોના વાયરસની બીમારી સામે લડી રહ્યા છીએ તેમાં પણ વૃદ્ધોની વધારે દેખરેખ કરવાની જરૂર છે. જેમ જેમ ઉંમર આગળ વધે છે, શરીરમાં ઇમ્યુન સિસ્ટમ પણ કમજોર થવા લાગે છે. આ કારણથી વધતી ઉંમરમાં કેટલીય બીમારીઓ પણ વૃદ્ધ લોકોના પરેશાનીનું કારણ બની જાય છે.

વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૧૯ના ડેટામાં કહેવામાં આવ્યું છે કે, '૨૦૫૦ સુધીમાં, વિશ્વમાં છ લોકોમાંથી એકની ઉંમર ૬૫થી વધારે હશે. જે વર્ષ ૨૦૧૯માં ૧૧માંથી એક છે.' શું તમે જાણો છો કે વૃદ્ધ લોકોને કઇ કઇ બીમારીઓ સૌથી વધારે થાય છે. આ આંતરરાષ્ટ્રીય વૃદ્ધ દિવસના અવસરે જાણો વૃદ્ધ લોકોમાં થતી સૌથી સામાન્ય બીમારીઓ વિશે...

તમે જોયું હશે કે વૃદ્ધ લોકોના શારીરિક પોશ્ચરમાં ફેરફાર જોવા મળે છે. આ ફેરફાર કરોડરજ્જુનુંવળી જવું, ઘુંટણો અને સાંધામાં દુખાવો થવાની ફરિયાદ વગેરે. ઘડપણમાં સ્વાસ્થ્ય સમસ્યાઓ અથવા વધતી ઉંમરમાં સ્વાસ્થ્ય સમસ્યાઓ ઓછી થાય તેના માટે પોષક આહારનું પ્રમાણ તમારા ડાયેટમાં જાળવી રાખવું જરૂરી છે. તેનાથી તમને તમારી જૂની બીમારીઓને મેનેજ કરવામાં મદદ મળી શકે છે. આ સાથે જ દરરોજ વ્યાયામ કરવાની પણ સલાહ આપવામાં આવે છે.

ઉંમર વધવા પર વિચારવા, શીખવા અને યાદ રાખવાની ક્ષમતા પર પણ અસર પડે છે. વૃદ્ધોમાં સૌથી સામાન્ય સમસ્યાઓમાંથી એક છે. કેટલાય લોકોને ડિમેન્શિયાની સમસ્યા થાય છે. જેના કેટલાય કારણ હોઇ શકે છે. જેમ કે દારૂનું સેવન, ડાયાબિટીસની સમસ્યા, હાઇ બ્લડ પ્રેશરની સમસ્યા, ડિપ્રેશનની સમસ્યા, એચઆઇવી અને સ્મોકિંગની લત વગેરે.

જો કે મનોનાશ જેવી પરિસ્થિતિ માટે સંપૂર્ણ સફળ ઉપચાર નથી, પરંતુ તેમ છતાં પરિવારના સભ્યોના સારા વ્યવહાર અને દવાઓની મદદથી આ બીમારીને મહદઅંશે ઠીક કરી શકાય છે.

વૃદ્ધોમાં હાઇ બ્લડ પ્રેશરની સમસ્યા ઘણી વધારે જોવા મળે છે. તેના કેટલાય કારણ હોઇ શકે છે. વધારે તણાવ લેવું, આહારમાં ગરબડી અને શારીરિક રીતે એક્ટિવ ન રહેવું પણ હાઇ બ્લડ પ્રેશરના દર્દી બનાવી દે છે. આ પરેશાની મોટાભાગે ઘડપણમાં થાય છે.

તેનું કારણ એ છે કે લોકો એકલાં પડી જાય છે ત્યારે તેમને વિચારવા અને તણાવ વધુ લેવા માટે વધારે સમય મળી જાય છે. વૃદ્ધોમાં ડાયાબિટીસની સમસ્યા પણ સૌથી વધારે જોવા મળે છે જો કે હવે ડાયાબિટીસ નાની ઉંમરના લોકોમાં પણ જોવા મળી રહે છે, પરંતુ તેનાથી સૌથી વધારે પ્રભાવિત ઓલ્ડર પર્સન જ હોય છે.

ડાયાબિટીસની પરેશાની જેનેટિકલ હોવાની સાથે-સાથે તણાવના કારણે પણ થઇ શકે છે. વૃદ્ધોને ડાયાબિટીસની બીમારીથી બચવા માટે ડાયેટ પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. તેમાં સૌથી વધારે બ્લડ સુગર લેવલને મેનેજ કરવા પર ધ્યાન આપવું જોઇએ.

વડીલોમાં ઓસ્ટિયોપોરોસિસ પણ સામાન્ય બીમારી છે. ઉંમર વધવાની સાથે હાડકાં કમજોર થવા લાગે છે. કમરનો દુખાવો, ડોકનો દુખાવો, ઘૂંટણનો દુખાવો, બૅક પેઇનની સાથે-સાથે શરીરના કોઈ પણ ભાગમાં જો હાડકાઓમાં દુખાવાની શરૂઆત ઓસ્ટિયોપોરોસિસ તરફ ઇશારો કરે છે.

જો આ પરેશાનીઓ પર શરૂઆતથી ધ્યાન ન આપવામાં આવે તો ઓસ્ટિયોપોરોસિસની બીમારી થઇ શકે છે. આ બીમારીમાં હાડકાં નબળાં પડતા જાય છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૯ ઉપર)

વિશિષ્ટ દિવસ

# વિશ્વ શિક્ષક દિન : ૫ ઑક્ટોબર

જાગૃતિ વકીલ

જેમનો કર્મ અને ધર્મ સતત શીખતા રહી, અન્યને શીખવી, પથદર્શક બનીને ઉત્તમ ભાવિ નાગરિક તૈયાર કરવાનું છે એવા શિક્ષકોને ગુરૂજી, માસ્ટર, માસ્તર કે બીજા કોઈ પણ નામથી ઓળખીએ પણ એ તો નક્કી છે કે કોઈ પણ દેશના ભવિષ્યનો આધાર શિક્ષક છે. શિક્ષક બનવું એ અન્ય લોકોના જીવન પર પરિવર્તનશીલ અને કાયમી અસર કરવાની અનન્ય તક પૂરી પાડે છે. ટકાઉ ભવિષ્યને આકાર આપવામાં અને વ્યક્તિગત પરિપૂર્ણતા પ્રદાન કરવામાં યોગદાન આપે છે. જો કે, વિશ્વ અભૂતપૂર્વ વૈશ્વિક શિક્ષકોની અછતનો સામનો કરી રહ્યું છે જે તેમની કાર્યકારી પરિસ્થિતિઓ અને દરજ્જામાં ઘટાડાથી વધી છે.

વિશ્વ શિક્ષક દિવસ દર વર્ષે ૫ ઑક્ટોબરે વિશ્વભરના તમામ શિક્ષકોને વંદન માટે ઉજવવામાં આવે છે. તે ૧૯૬૬ની ILO / UNESCO ભલામણને અપનાવવાની વર્ષગાંઠની ઉજવણી કરે છે, જે શિક્ષકોની સ્થિતિને લગતી ભલામણ કરે છે. જે શિક્ષકોના અધિકારો અને જવાબદારીઓ અને તેમની પ્રારંભિક તૈયારી અને આગળની શિક્ષણ, ભરતી, રોજગાર અને શિક્ષણ અને શીખવાની પરિસ્થિતિઓ માટેના ધોરણો નક્કી કરે છે. ઉચ્ચ શિક્ષણમાં શિક્ષણ કર્મચારીઓને આવરી લઈને ૧૯૬૬ની ભલામણને પૂરક બનાવવા માટે ૧૯૯૭માં ઉચ્ચ-શિક્ષણ અધ્યાપન કર્મચારીઓની સ્થિતિ સંબંધિત ભલામણને અપનાવવામાં આવી હતી. વિશ્વ શિક્ષક દિવસ ૧૯૯૪ થી ઉજવવામાં આવે છે આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO), યુનિસેફ અને એજ્યુકેશન ઈન્ટરનેશનલ (EI) સાથે ભાગીદારીમાં વિશ્વ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વિશ્વ શિક્ષક દિવસ વર્ષ ૨૦૨૪ની થીમ છે : "Empowering Educators : Strengthening Resilience, Building Sustainability" અર્થાત્ "શિક્ષકોને સશક્તિકરણઃ સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવી, ટકાઉપણું બનાવવું." આ દિવસે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા, શિક્ષકોના પ્રતિષ્ઠિત અને મૂલ્યવાન શિક્ષણ વ્યવસાયની હિમાયત કરાશે, તેમના પડકારોનું વિશ્લેષણ કરશે અને શિક્ષકો અને શિક્ષકોને આકર્ષવા, જાળવી રાખવા અને પ્રોત્સાહિત કરવા માટે પ્રેરણાદાયી પ્રથાઓનું પ્રદર્શન કરાશે. તે શિક્ષણ પ્રણાલીઓ, સમાજો, સમુદાયો અને કુટુંબો શિક્ષકોને ઓળખે છે, કદર કરે છે અને સક્રિયપણે સમર્થન આપે છે તેની પણ તપાસ કરશે.

વિશ્વ શિક્ષક દિનની ઉજવણી કરવા માટે યુનેસ્કો અને એજ્યુકેશન ઈન્ટરનેશનલ (એક વૈશ્વિક મહાસંઘ) દર વર્ષે એક અભિયાન ચલાવે છે, જે વિશ્વને શિક્ષકો વિશે વધુ સારી સમજ આપવા તથા વિદ્યાર્થીઓ અને સમાજના વિકાસમાં શિક્ષકોની ભૂમિકા સમજાવવામાં મદદ કરે છે. તેઓ આ હેતુને પ્રાપ્ત કરવા માટે મીડિયા સંસ્થાઓ જેવા ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારી કરે છે. આ અભિયાન દર વર્ષે વિવિધ વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૨૦૧૭ની ઉજવણીનો વિષય શિક્ષકોનું 'સશક્તિકરણ' હતો, જે અંતર્ગત ઉચ્ચ શિક્ષણ અધ્યાપન કર્મચારીઓના દરજ્જાને લગતી યુનેસ્કોની ૧૯૯૭ની ભલામણની ૨૦મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી હતી. ૨૦૧૮માં, યુનેસ્કોએ 'રાઈટ ટુ એજ્યુકેશન મિન્સ ધ રાઈટ ટુ અ ક્વોલિફાઈડ ટીચર'નો વિષય અપનાવ્યો હતો. જે યાદ અપાવે છે કે શિક્ષણનો અધિકાર પ્રશિક્ષિત અને લાયક શિક્ષકો વિના પ્રાપ્ત કરી શકાતો નથી. યુનેસ્કો જાહેર કરે છે કે દરેક વ્યક્તિ આ વ્યવસાયની ઉજવણી કરીને, શિક્ષકના મુદ્દાઓ વિશે જાગૃતિ લાવીને અને શિક્ષક સન્માન, એ વસ્તુઓની કુદરતી વ્યવસ્થાનો એક ભાગ છે તેની ખાતરી કરીને મદદ કરી શકે છે.

૧૦૦થી વધુ દેશો વિશ્વ શિક્ષક દિનની ઉજવણી કરે છે. પ્રત્યેક દેશ પોતાની રીતે પણ તેની ઉજવણી કરે છે. જેમ કે ભારત દર ૫ સપ્ટેમ્બરે રાષ્ટ્રીય શિક્ષક દિનની ઉજવણી કરે છે. ઑસ્ટ્રેલિયામાં દર વર્ષે ઑક્ટોબરના છેલ્લા શુક્રવારે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

શિક્ષકો કેવી રીતે શિક્ષણમાં પરિવર્તન લાવી રહ્યા છે તેની ઉજવણી કરવાનો દિવસ છે પણ સાથે સાથે તેમની પ્રતિભા અને વ્યવસાયને સંપૂર્ણ રીતે જમાવવા માટે અને વૈશ્વિક સ્તરે વ્યવસાય માટે ભવિષ્યના માર્ગ પર પુનર્વિચાર કરવા માટેનો દિવસ પણ કહી શકાય છે. વિશ્વના તમામ શિક્ષણ ગુરૂઓના શિક્ષકત્વને આજના દિવસે સાદર વંદન.

*ભુજ, કચ્છ.*

*મો. ૯૫૮૬૬ ૮૫૪૬૩*

*સમય અને સમજણ નસીબદાર માણસો પાસે જ એક સાથે આવે છે કારણકે સમય હોય છે ત્યારે સમજણ નથી હોતી અને સમજણ આવે છે ત્યારે સમય ચાલ્યો ગયો હોય છે.*

વિવિધતા

# જીવન વૈભવ સમજાવતા પ્રશ્નો : લેખાંક-૭

દૃષ્ટિ મહેતા
યેશા મહેતા

***પ્રશ્ન* : તમે બાળપણના સંભારણા યાદ કરો અને સાતથી દસ વાક્યો લખો. (દા.ત. સેકેરીનવાળી કુલ્ફી કે બરફગોળામાં જે મજા આવતી, તે મજા હવે આઈસ્ક્રીમમાં પણ નથી આવતી.)**

***જવાબ*** : એકવાર મોટા થયા પછી જેની સૌથી વધુ ખોટ સાલે એ 'બાળપણ.'

*સુરેન ઠક્કર 'મેહુલ'ની એક ગઝલ ટહુકા પર આવી હતી કે :*

*"કલરવોનાં ઘર સમું કલબલતું આંગણ સાંભરે,*
*સાવ લીલુંછમ હજી આજેય બાળપણ સાંભરે."*

એવું તો કોણ હશે કે જેણે જગજીતસિંહના કંઠે – 'वो कागज की कश्ती, वो बारीश का पानी' સાંભળીને પોતાના બાળપણના દિવસો યાદ ન કર્યા હોય અને ફરી એકવાર જેને બાળક થવાની ઈચ્છા ન થઈ હોય. આજકાલના છોકરાઓને જોઈને એવું ચોક્કસ થાય કે – 'સાલું બાળપણ તો આપણે જ જીવ્યા હતા, આપણે જ માણ્યું હતું.' ચાલો, જઈએ અતીતની અટારીએ.

- જ્યારે મોબાઈલ ફોનની સ્ક્રીનમાં લોક થયેલ દુનિયા નહોતી. પરંતુ બ્લેક એન્ડ વ્હાઈટની દુનિયા અત્યંત રંગીન હતી.

  તેમાં વળી, અડોશ-પડોશમાં એકમાત્ર ટી.વી. જો પોતાના ઘરે હોય તો તેનો ઠાઠ જ કંઈક અલગ હતો. ટી.વી.ની નાનકડી સ્ક્રીન કરતાં તો એન્ટેનાની સાઈઝ મોટી હતી. પરંતુ આજે રૂમે રૂમે HD T.V. (LED/LCD) માં એ મજા ક્યાં છે?
- જ્યારે સાઈકલની આજુબાજુ બે સેફ્ટી વ્હીલ નહોતાં, સાઈકલ શીખ્યા, પડ્યાં પછી ઘુંટણના ઘસરકામાં આજે પણ આખુંય બાળપણ જીવંત છે.
- પપ્પાના બજાર સ્કુટરની શાહી સવારી તો બધાને યાદ હશે જ ને.
- ફોર્મલ પેન્ટની નીચે સ્પોર્ટસ શુઝના કોમ્બિનેશનમાં પપ્પા કોઈ હીરોથી કમ નહોતા લાગતા.
- યાદ આવે છે : સ્કૂલની બહાર મેલો-ઘેલો ઝભ્ભો પહેરેલાં પ્રવીણકાકા અને મહેશકાકાની લારી... જ્યાં હતો આપણો ખુશીઓનો ખજાનો. પીપરમિન્ટ, નારંગી ગોળીઓ, પચ્ચીસ પૈસાની ચાર ચોકલેટ, બોર, જામફળ કે પછી આંબલીના કાતરા, આથેલ આમળા અને કાચી કેરીના કટકા... હવે આજકાલના ચોકલેટ ચીપ્સ ખાવાવાળા છોકરાઓ શું જાણશે આનો સ્વાદ!
- આજે જો શહેરના એકાદ ખૂણે પણ આવી લારી દેખાઈ જાયને તો મન આજે પણ ખોવાઈ જાય છે બાળપણની ખાટી મીઠી યાદોમાં.
- યાદ આવે છે – પેલો ગુલમહોરનો છાંયડો, પેલા મધુ-માલતીના ફૂલોની ભીની ભીની મહેક, ચંચળ ભીની ખિસકોલી સાથેની રમતો, આંબલીની ડાળ સાથે બાંધેલ હીંચકો હીંચવાની મજા. તે જ આંબલીના ઝાડ પર રહેલ ચુડેલની વાતો, ખાખરાના પાનનાં પડિયા અને ટીમડાના પાનની પીપુડી.
- દૂરદૂરના ડુંગર ને ડુંગર પર ચડીને આકાશને અડકી જવાની કલ્પનાઓ.
- શિયાળાની વહેલી સવારે ન્હાયા વિના નિશાળે જવાનું.
- ઉનાળાની બપોરે ખુલ્લા પગે ડામરની સડકો પર ચાલવાનું.
- ચોમાસામાં તરતી મૂકેલી કાગળની હોડીઓ અને દેડકાંઓ સાથેની ઉછળકૂદ.
- મને યાદ છે પેલી ૩૦ની બસમાં ૫૦ બાળકો સાથે ગયેલા તે પિકનીક... એ પ્રવાસ તો આજની વર્લ્ડ ટુરને પણ ટક્કર મારી દે. પેલા ધોળા-ધોળા શંખલા ને છીપલાં, પ્રવાસમાં પહેરવા બનાવડાવેલું ફૂલફૂલવાળું ફૂલકા બાંયને એક ફ્રોક. વાપરવા આપેલ પચાસ પૈસામાં તો જાણે જિંદગી જીવી લીધી હતી.
- માથામાં તેલનાં રાગડા તાણીને બાંધેલી બે શિસ્તબદ્ધ ચોટલીને આમ-તેમ ફેરવવાની મજા...
- નાના નાના નખને લાલ રંગથી રંગવાનો આગ્રહ... તે મજા આજનાં Nail Extension માં નથી.
- મમ્મીની સાડી પહેરી, માથે ઓઢી, કપાળમાં સિક્કા જેવો ચાંદલો ચોળવાની મજા... ખરેખર મિસ થાય છે.
- રવિવારની રાત્રે સોમવારનાં નિયમ-પત્રક અનુસાર દફ્તર પેક કરવાનું. પેલી પાંચકાની રમત... લખોટીની રમત, પારલે-જી ચોકલેટની એ મજા... એ આજકાલની Video Games કે Dairymilk Silk માં નથી.
- વેકેશનમાં મામાના ઘેર ગામડે જતા ત્યારે મામી હેલ લઈને પાણી લાવતા. તે પાણીની મીઠાશ આજના કહેવાતા આર.ઓ. ફિલ્ટરના શુદ્ધ પાણીમાં ક્યાંથી?

❀ બાળપણમાં જે ખુલ્લા આકાશ નીચે ખાટલો ઢાળી, તારાઓને ગણવાની જે મજા હતી ને... તે આજકાલનાં એરકંડિશન્ડ રૂમમાં ડનલૉપના ગાદલાઓમાં પણ નથી.

❀ માસ્તરના હાથે જે ભણતી વખતે સોટીની માર હતી... અને જે ભણવાનું ઝટપટ યાદ રહેવા લાગતું તે આજકાલનાં યુ-ટ્યુબ કે ઓનલાઈન શિક્ષણમાં ક્યાંથી... બાળકો તે મજાથી જ વંચિત છે.

❀ બાળપણના પાંચકાને દસકામાં થતી મિજબાનીની મજા... એ હજારો રૂપિયા ખર્ચીને ફાઈવસ્ટાર હોટેલોમાં અપાતી પાર્ટીઓમાં ક્યાંથી?

❀ બાળપણમાં જે આનંદ ટુકડામાંથી ઘેર દરજી બોલાવીને સીવડાવેલા કપડાં પહેરવામાં આવતો... તે આનંદ મૉલમાંથી લીધેલા બ્રાન્ડેડ કપડામાં ક્યાંથી?

મિત્રો, આપણું બાળપણ અત્યંત સારું હતું. જ્યા 'કિટ્ટા' અને 'બુચ્ચા'માં સંબંધો સુધરી જતા હતા.

પેલું, દફ્તર લઈને દોડવું... તૂટેલી ચપ્પલનું જોડવું... નાસ્તાના ડબ્બાઓ... ખોબે ખોબે પીવાતું પાણી... રીસેસની વિશેષ ઉજવણીઓ... ઘુંટણીયે પડતા આછા ઘા... શેરીમાં અસંખ્ય ફેરા... વરસાદમાં ભરપૂર પલળવું... ખુલ્લા પગે રખડવું... બોર આમલીના ચટકા... પીઠ પર માસ્તરના ફટકા...

હવેની પેઢીના નસીબમાં ક્યાં છે આ બધું...?

*અંતમાં....*

કઈ રીતે ભૂલવું એ દૂધ ન પીવાનું બહાનું
આજે પણ યાદ છે, એ મમ્મીનાં હાથે માર ખાવાનું.

કઈ રીતે ભૂલું એ શાળા
આજે પણ યાદ છે કરેલા એ બીજાના ચાળા.

કઈ રીતે ભૂલવું યાર, એ દોસ્તોનું કિટ્ટા અને બુચ્ચાનું બહાનું
આજે પણ યાદ છે, કર્યું હતું નક્કી પાછા મળવાનું.

કઈ રીતે ભૂલવું લેશન ના કરવા પેટનું દુ:ખવું
આજે પણ યાદ છે મમ્મીનું એ ફડાકાથી ભણાવવું.

કઈ રીતે ભૂલું એ અણમોલ ચાર રમકડાં,
આજે પણ યાદ છે કોઈ અડે તો કરાતાં નાટક રડવાના.

કઈ રીતે ભૂલું એ વાત-વાતમાં રીસાવાનું,
આજે પણ યાદ છે પપ્પાનું એ 'પીપર'થી મનાવવાનું

કઈ રીતે ભૂલું એ બાળપણની યાદો
આજે પણ યાદ છે હતી ત્યારે મોટા થવાની આતુરતાઓ.

• **ધબકાર :**

જે મજા સરળતામાં છે, તે આધુનિકતામાં નથી...

આટલું સમજાઈ જાય તો જીવનની સાર્થકતામાં કોઈ જ વાર નથી.

***૨૦૪, કળશ (સી.એન.) કો.ઓ. હાઉ. સોસાયટી, સી. એન. વિદ્યાલય ગેટ નં.-૧ની સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. સંપર્ક : ૯૯૭૪૩ ૭૯૮૫૮***

## વૃદ્ધો માટે આંતરરાષ્ટ્રીય દિવસ

**(અનુસંધાન : પાના નં. – ૧૬ ઉપરથી ચાલુ)**

આ બીમારી પણ માનસિક સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી છે. તેમાં વ્યક્તિ વસ્તુઓ, નામ અને વ્યક્તિની ઓળખ સુધ્ધાં ભૂલી જાય છે. અલ્ઝાઈમરથી પીડિત વ્યક્તિને કોઈ પણ વાત યાદ રાખવામાં મુશ્કેલી પડી શકે છે અને ધીમે-ધીમે આ સમસ્યા વધવાની સાથે પીડિત વ્યક્તિ કેટલીય વસ્તુઓ ભૂલવા લાગે છે. તે પોતાની વાતો અથવા લાગણીઓ પણ વ્યક્ત કરવામાં અસમર્થ થવા લાગે છે. અલ્ઝાઇમર, ડિમેન્શિયાનું સૌથી સામાન્ય કારણ માનવામાં આવે છે.

શારીરિક ઈજાથી પણ વડીલોમાં સૌથી સામાન્ય સમસ્યા છે. ઉંમર હોવાને કારણે વૃદ્ધો પોતાનું શારીરિક સંતુલન સંભાળી શકતા નથી. જેથી તેમના પડી જવાની શક્યતાઓ પણ વધી જાય છે. આ શારીરિક ઈજાઓને કારણે ઘણીવાર વૃદ્ધોનું મૃત્યુ પણ થઇ શકે છે.

એવામાં વૃદ્ધ લોકોને શારીરિક ઈજાથી સલામત રાખવાં ખૂબ જ જરૂરી છે. કારણકે, ઉંમર થતા હાડકાં નબળા થતાં જાય છે. માંસપેશીઓ પણ પોતાની શક્તિ અને ફ્લેક્સિબિલીટી ઓછી થવા લાગે છે. ઉંમર વધવા પર ડાયટ ઓછો થવો, હેલ્ધી વસ્તુઓનું સેવન ન કરી શકવું તે કેટલાય લોકોને કૂપોષણનો શિકાર બનાવી શકે છે. કૂપોષણના કારણે કમજોર ઇમ્યુન સિસ્ટમ અને માંસપેશીઓની નબળાઇ સૌથી સામાન્ય સમસ્યા છે.

કૂપોષણના કારણે ઘડપણમાં સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ વધુ વધી શકે છે. તેનાથી બચવા માટે ડાયેટમાં ફળ અને શાકભાજીઓની સાથે-સાથે લૉ ફેટવાળા ખાદ્ય પદાર્થનું પ્રમાણ સામેલ કરવું જોઇએ.

*સંદર્ભ : વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારિત માહિતી.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

તંદુરસ્તી

# જાગતિક આત્મહત્યા પ્રતિબંધ દિવસ
## ૧૦ સપ્ટેમ્બર

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

## ૧૦ સપ્ટેમ્બર : વૈશ્વિક આત્મહત્યા પ્રતિબંધ દિવસ

વિશ્વભરમાં ૧૦ સપ્ટેમ્બર વૈશ્વિક જાગતિક આત્મહત્યા પ્રતિબંધ દિવસ (10th September : World Suicide Prevention Day) તરીકે મનાવાય છે. આ દિવસે આરોગ્યને લગતા જાહેર કાર્યક્રમો યોજાય છે. જેમાં આત્મહત્યા પ્રતિબંધ તથા નિવારણ (Suicide Prevention) વિશે મનોવૈજ્ઞાનિક જાણકારી અને આધુનિક સારવાર વિશે પ્રાદેશિક ભાષામાં માહિતી આપવામાં આવે છે. સાથે આત્મહત્યા વિશેની ગેરસમજ તથા ભૂલ ભરેલી માન્યતાઓને દૂર કરવા પ્રયત્નો કરાય છે. આથી આત્મહત્યા વિશેના વિચારો તથા આત્મહત્યાનો પ્રયાસ કરનાર વ્યક્તિનું યોગ્ય, ત્વરીત નિદાન થઈ શકે અને આધુનિક સારવાર થઈ શકે એ વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન જીવી શકે.

જાગતિક આત્મહત્યા પ્રતિબંધ દિવસ ૨૦૦૩થી મનાય છે. ઇન્ટરનેશનલ એસોસિએશન ફોર સ્યુસાઈડ પ્રિવેન્શન (IASP), વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને વર્લ્ડ ફડરેશન ઓફ મેન્ટલ હેલ્થ (WFMH)ના સહિયારા પ્રયાસોથી આ શક્ય બન્યું છે.

### ૨૦૨૪નું સૂત્ર

દર વર્ષે ઉપરોક્ત ત્રણેય સંસ્થા એક સૂત્ર બહાર પાડે છે. સંપૂર્ણ વર્ષ દરમિયાન આના પર વધારે જોર અપાય છે.

આ વખતે ત્રિવાર્ષિક સૂત્ર ૨૦૨૪-૨૦૨૬નું છે. ચેન્જિંગ ધ નેરેટીવ ઇન સ્યુસાઈડ (Changing the nerrative in suicide) છે. લોકો, સમાજ, રાષ્ટ્ર પોતાના વલણમાં ફેરફાર કરે તથા આત્મહત્યાની બીમારીને મહત્ત્વ આપે. નીચેના પરિબળોમાં કાર્ય કરવું જરૂરી છે.

૧. આત્મહત્યા કરનાર વ્યક્તિ, કુટુંબ પ્રત્યે સામાજિક કલંક તરીકે ન જોતાં એક બીમારી તરીકે અપનાવી, સહાનુભૂતિ જરૂરી છે.
૨. આત્મહત્યાના વિષય પર જાહેર ચર્ચા કરવી જરૂરી છે. તથા
૩. આત્મહત્યા કેવી રીતે નિવારી / અટકાવી શકાય એ બાબતની પણ જાહેર ચર્ચા કરવી અને આ મુદ્દાને મહત્ત્વ આપવું જરૂરી છે.

- **ભારતમાં આત્મહત્યાનું પ્રમાણ :**

આત્મહત્યાથી મરણ થયું છે એ રેકોર્ડ કરવા ભારતમાં ત્રણ મુદ્દાઓ જરૂરી છે : (૧) વ્યક્તિનું મરણ, (૨) વ્યક્તિની સ્વયં મરવાની ઇચ્છા, (૩) આત્મહત્યા માટેનું કારણ હોવું જરૂરી છે.

ભારતમાં ૨૦૨૨માં ૧.૭૧ લાખ લોકોએ આત્મહત્યા કરી હતી જે ૨૦૨૧ના કરતાં ૪.૨% વધારે છે. ભારતમાં દર એક લાખ લોકોએ આત્મહત્યાના પ્રમાણમાં ૧૨.૪%નો વધારો થયો છે.

- **આત્મહત્યા વિશે અલગ દૃષ્ટિકોણ :**

આત્મહત્યાના બનાવને અલગ અલગ દૃષ્ટિકોણથી જોવામાં આવે છે : (૧) કાયદાકીય દૃષ્ટિકોણ, (૨) સામાજિક દૃષ્ટિકોણ, (૩) ધાર્મિક દૃષ્ટિકોણ, (૪) વૈદ્યકીય દૃષ્ટિકોણ.

આ લેખમાં આપણે વૈદ્યકીય દૃષ્ટિકોણ વિશે ઊંડાણમાં માહિતી મેળવીશું.

**વૈદ્યકીય (મનોવૈજ્ઞાનિક) દૃષ્ટિકોણ (Medical Aspect)**

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આત્મહત્યાનો પ્રયાસ અને આત્મહત્યાના વિચારો માનસિક બીમારીના લક્ષણો છે. 'મદદ માટેની પોકાર' (Cry for Help) છે. સહાનુભૂતિની જરૂર છે.

**મનોવૈજ્ઞાનિક નિદાન (Psychiatric Diagnosis) :**

મરવાના વિચારો આવવા, આત્મહત્યાનો પ્રયાસ કરવો એ માનસિક બીમારીના લક્ષણો છે. વ્યક્તિ માનસિક (મનની) બીમારીથી પીડાય છે. એને યોગ્ય મનોચિકિત્સાની તાત્કાલિક જરૂર છે. મોટાભાગના આત્મહત્યાના કિસ્સા અટકાવી શકાય છે (Preventable).

**મરવાના વિચારો, આત્મહત્યાના પ્રયાસનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ (Analysis of suicidal intent) :**

જો વ્યક્તિને વારંવાર વિચારો આવતા હોય કે 'જિંદગી જીવવા જેવી નથી', 'જિંદગી જીવવામાં રસ નથી', 'આના કરતાં મરી જવું વધારે સારું', 'મોત જલ્દી આવે', 'ભગવાન, તું મને તારી પાસે જલ્દી બોલાવી લે.' વ્યક્તિએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોય તો વિચારો અને / અથવા આત્મહત્યાના પ્રયાસનું નીચે પ્રમાણે ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ કરવું

અત્યંત જરૂરી છે. જેથી સારવારમાં યોગ્ય નિર્ણય લઈ શકાય.

૧. ***મરવાના વિચારો કેટલી વખત આવે છે? (Frequency)***
વારંવાર વિચારો આવે છે? હર પળે આવે છે? કોઈક વખત - જવલ્લે જ આવે છે?

૨. ***કયા સંજોગોમાં આવા વિચારો આવે છે? (Circumstances)***
નવરાશની પળોમાં આવે છે? પ્રવૃત્તિ વખતે આવે છે? વિચારો કામમાં ખલેલ પહોંચાડે છે? વિચારો શરૂ થાય એ પહેલાં કોઈ નકારાત્મક લાગણીઓવાળી ઘટના બને છે?

૩. ***સબળ વિચારો કે પરોક્ષ વિચારો આવે છે? (Active thoughts or Passive thoughts)***

(અ) જિંદગી જીવવામાં રસ ઓછો થઈ ગયો છે, જિંદગી જીવવામાં મજા નથી વગેરે મરવાના પરોક્ષ વિચારો છે.

(બ) મરી જઈએ તો આમાંથી છૂટીએ. ભગવાન તું મને ઉઠાવી લે. આત્મહત્યાની પદ્ધતિઓ (methods) વિશે વિચારો આવવા વગેરે મરવાના સબળ વિચારો છે.

૪. ***આત્મહત્યા કરવાની પદ્ધતિ કે રીત વિશેના વિચારો આવે છે? (Methods of attempting suicide)***
આત્મહત્યા કરવાની અલગ અલગ પદ્ધતિઓ વિશે વાંચન કર્યું હોય, એના વિશેની ઊંડાણમાં માહિતી મેળવી હોય, પોતે પદ્ધતિ કેવી રીતે અમલમાં મૂકશે એ વિશે ઊંડાણમાં વિચારી લીધું હોય વગેરે.

૫. ***મનમાં આત્મહત્યા કરવાનું આયોજન કરી લીધું છે (Detail planning about attempting suicide) :***
કઈ રીતે, કયા સમયે આત્મહત્યા કરવી જેથી એમાં સફળતા મળે, આત્મહત્યા કરવા બાબત ચિઠ્ઠી લખી હોય (Suicide note) વગેરે.

- **અન્ય મહત્ત્વના મુદ્દાઓ :**

ઉપરોક્ત વિચારો તથા આત્મહત્યાના પ્રયાસની માહિતી સાથે સાથે નીચેની માહિતી વ્યક્તિ તથા એના પરિવારજનો પાસેથી મેળવવી જરૂરી છે. જેથી યોગ્ય નિદાન કરી શકાય અને યોગ્ય સમયસરની સારવાર કરી આત્મહત્યા નિવારી શકાય.

(અ) અન્ય લક્ષણો : કામમાં મન ન લાગવું, વારંવાર રડવું આવવું, આત્મવિશ્વાસ ગુમાવવો, એકાગ્રતાનો અભાવ, ચીડિયાપણું, અપરાધભાવ (Guilt feeling), ઊંઘ ઓછી થવી, ભૂખ ન લાગવી, થાક લાગવો, નબળાઈ વગેરે.

(બ) ભૂતકાળમાં વ્યક્તિને ડિપ્રેશનની બીમારી.

(ક) ભૂતકાળમાં આત્મહત્યાનો પ્રયાસ.

(ડ) વ્યક્તિના મન પર નકારાત્મક અસર કરનારા તાજેતરના પ્રસંગો (હકારાત્મક સંબંધ ધરાવતી વ્યક્તિનું અચાનક અણધાર્યું મરણ અથવા માંદગી, ધંધામાં ખોટ, પ્રેમમાં નિષ્ફળતા, પરીક્ષામાં નાપાસ થવું, દીકરા/દીકરીના જીવનમાં નિષ્ફળતા, પ્રતિષ્ઠાભંગનો પ્રસંગ વગેરે.)

(એફ) ફેમિલીમાં આત્મહત્યાનો કિસ્સો.

ઉપરોક્ત માહિતી મેળવી મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ તારવણી કરવામાં આવે છે કે વ્યક્તિ આત્મહત્યા કરવા માટે કેટલી કૃતનિશ્ચયી છે (How serious the individual is about attempting suicide.)

મુદ્દા નં.-૪ તથા ૫ હોય, મુદ્દા નં.-૩ માં સબળ વિચારો હોય તથા મુદ્દા નં. અ, બ, ક, ડ હોય તો વ્યક્તિ આત્મહત્યા માટે કૃતનિશ્ચયી છે એના માટે તાત્કાલિક સારવારના પગલા લેવા અગત્યના છે. હોસ્પિટલમાં દાખલ કરી આત્મનિરીક્ષણ હેઠળ સારવારની જરૂરત છે. ■

## અપેક્ષા, અધીરાઈ, આવેશ : ખૂબ ખરાબ

જીવનના એંસી ટકા દુઃખોનું કારણ આપણી વધુ પડતી અપેક્ષાઓ છે. તે પૂરી થવામાં અધીરાઈ છે. તે પૂરી ન થાય તો આવેશ ઉત્પન્ન થાય છે.

જો અપેક્ષાઓ જ ઘટાડી નાંખીએ તો ઘણા બધા દુઃખો ઓછા થઈ જાય.

અંગ્રેજીમાં કહેવત છે કે, 'ભાઈ, ઇચ્છા (અપેક્ષા) કરવી જ હોય તો એક જ ઇચ્છા કર, કે મને કોઈ વાતની ઇચ્છા ન થાઓ.'

Desire to be desireless.

આપણા ઘણાખરા દુઃખો પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવા હોય છે.

ઇચ્છા એ જ દુઃખ છે.

જ્યાં કોઈ વાતની કદી ઇચ્છા થતી નથી ત્યાં અનંત સુખ છે. તે જ આત્માનું સિધ્ધ સ્વરૂપ છે.

આત્માની આવી સિધ્ધ અવસ્થાને આપણે ઝંખીએ છીએ.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

તંદુરસ્તી

# આજના સમાચાર એક પોઝિટીવ સ્ટોરી...

ડૉ. તપન શાહ

સ્ટ્રાઈક અને હડતાળની જ વાતો ચાલતી હોય ત્યારે પણ ઈમરજન્સીમાં સારવાર કરીને જ્યારે એક બાળગોપાલના ચહેરા પર ખુશી આવે એ જ સાચી જન્માષ્ટમી....

ઈમરજન્સીમાં પેટમાં દુઃખાવા ઉલટી અને ખૂબ તાવ સાથે ૧૦ વર્ષનું બાળક દાખલ થયું – એલ.જી. હોસ્પિટલમાં બાળકોના વિભાગમાં...! સોનોગ્રાફીમાં આંતરડામાં ચેપ અને લોહીના રીપોર્ટમાં ય ચેપ આવ્યો. દવાઓ અને ઈન્જેક્શનો ચાલુ કરવામાં આવ્યા પણ તાવ અને દુઃખાવો ઓછો ના થયો. પેટ ફૂલવા લાગ્યું અને ફરી રીપોર્ટ કરાવ્યા અને પેટનો એક્સ-રે પણ કરાવ્યો. જેમાં આંતરડું અટકતું આવ્યું અને સર્જરી વિભાગમાં બતાવવામાં આવ્યું જેમાં પેટમાં ચેપ/આંતરડું અટકતું હોય અથવા તેમાં કાણું હોય એવી શક્યતા લાગી.

તેથી તાત્કાલિક ઑપરેશનમાં લેવાનો નિર્ણય કરવામાં આવ્યો. શરીરમાં ખૂબ જ ચેપ, પેટમાં પરુની શક્યતા – આ બધા પરિબળોને કારણે એનેસ્થેશિયા અને ઑપરેશન બંને જોખમી હતા. એક રીતે કહેવાય કે ક્રિટીકલ પરિસ્થિતિ હતી. પરંતુ એક્સપર્ટ એનેસ્થેટીસ્ટ અને સર્જરી વિભાગના ડૉક્ટરોએ ઑપરેશનમાં લીધું બાળકને, જેમાં બાળકનું મોટું આંતરડું ફાટી ગયું હતું અને ત્યાં લગભગ ૫૦ મિલી જેટલું પરું ભરાઈ ગયું હતું. મોટું આંતરડું નાનું આંતરડું બંનેના ખરાબ ભાગને કાઢીને ફરી જોડ્યા તથા નાનું આંતરડું પેટ પર બહાર temporary (temporary ileostomy) લીધું. જટીલ ઑપરેશન અને જટીલ પરિસ્થિતિ તો પાર પાડ્યા પરંતુ લડત હજી બાકી હતી. ઉંમર નાની, ઝાડાનો ભાગ બહાર, શરીરમાં ફેલાયેલા ચેપ સામે લડવાનું, હિંમતની જરૂર પડે – ડૉક્ટર, દર્દી અને દર્દીના માતા-પિતા બધાને...

હડતાળના સમયમાં પણ રેસિડેન્ટ ડૉક્ટરે મહેનત કરી, ક્રિટીકલ કન્ડિશનમાંથી બહાર લાવ્યા અને અદ્ભુત એવું co-incidence ખોરાક અને પાણી ચાલુ કર્યા અને આ દરમિયાનમાં તેનો જન્મદિવસ આવ્યો. હસતા બાળક જોડે રેસિડેન્ટ ડૉક્ટરે પણ કેક કટીંગ કરીને ઉજવ્યો.

આ ઑપરેશન એલ.જી. હોસ્પિટલમાં સર્જરી વિભાગના વડા ડૉ. અસિત પટેલના માર્ગદર્શનમાં ડૉ. તપન શાહ, ડૉ. મુકેશ સુવેરા તથા ડૉ. ધ્રુવેશ શેઠ દ્વારા ઓ.ટી. સ્ટાફ સાથે કરવામાં આવ્યું. રેસિડેન્ટ ડૉક્ટરની ટીમમાં ડૉ. ઐશ્વર્ય, ડૉ. ધવલ, ડૉ. રીધમ, ડૉ. મુકુંદા, ડૉ. રિદ્ધિ, ડૉ. અનંતા તથા ડૉ. દીક્ષા હતા. ■

## કહું છું

નિત્ય ઘાયલ હૃદયની પ્રણયકથા કહું છું,
ઉરે સ્ફુરતી મધુર ઊર્મિઓની કથા કહું છું.

ભીતર કશુંક એવું અનેરું ખટકે
વેદના વીંછી ડંખ સમ ચટકે.

રંગમંચે તવ સ્નેહ કેરા મધુર સંવાદો કહું છું,
નિત્ય ઘાયલ હૃદયની પ્રણયકથા કહું છું.

પ્રેમનો નશો છે અજીબોગરીબ
જાણે માશુકાના અધર કરીબ

દીવાનો બની રાધા-શ્યામની હેતકથા કહું છું,
નિત્ય ઘાયલ હૃદયની પ્રણયકથા કહું છું.

*ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ' - ગાંધીનગર*
*મો. ૯૮૯૮૪ ૫૩૧૭૨*

## હોય છે

ધર્મ ભીતર કર્મને શણગારવાનું હોય છે,
આયખાને હર પડાવે માણવાનું હોય છે.

ઈંટ માથે ઈંટ મૂક્યે ઘર કદી બનતું નથી,
લાગણીમાં સ્નેહનું જળ સિંચવાનું હોય છે.

પ્રેમ જેવા શબ્દને બદનામ કરવો છોડ તું,
પ્રેમમાં તો હરક્ષણે કૈં ત્યાગવાનું હોય છે.

આવનારી સર્વ ઘટના આવકારું એટલે,
જે મળ્યું છે એ બધું મૂકી જવાનું હોય છે.

કૈંક અણધાર્યું મળે ને કૈંક જાતું હાથથી,
લાખ યત્નો તોય થાતું જે થવાનું હોય છે.

પેટમાં કે મોં ભીતર પણ ઝેર જગનું વેડશે,
શિવ બની, એ કંઠ મધ્યે રાખવાનું હોય છે.

*અલ્પ ત્રિવેદી - મહુવા, જિ. ભાવનગર*
*મો. ૯૯૭૮૯ ૦૯૨૯૦*

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૬૨

### શ્રી નાંદિયા તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



શિરોહી રોડ રેલવે સ્ટેશનથી ૧૦ કિ.મી. દૂર આવેલા નાંદિયા ગામની બહાર સુંદર વનથી છવાયેલા પહાડોની વચ્ચે આવેલું આ એક અતિ પ્રાચીન તીર્થ છે. અહીં મૂળ નાયક શ્રી મહાવીર ભગવાનની શ્વેત વર્ણની પરિકર સહિત લગભગ ૨૧૦ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા મળે છે. નાંદિયા ગામનું પ્રાચીન નામ નંદીગ્રામ, નંદીવર્ધનપુર, નંદીપુર વગેરે મળે છે. એક દંતકથા એવી પણ છે કે ભગવાન મહાવીરના મોટાભાઈ નંદીવર્ધને આ ગામ વસાવેલું છે. વળી બીજી દંતકથા એવી પણ છે કે અહીંની મૂર્તિ પ્રભુ મહાવીર સ્વામીના સમયની છે. આ મૂર્તિ એટલી બધી તેજસ્વી અને કલાત્મક છે કે દર્શનાર્થીને એમ જ લાગે કે પ્રભુ સાક્ષાત બિરાજેલા છે. આ બાવન જિનાલય મંદિરની બધી જ મૂર્તિઓની કલા અનુપમ છે. તેમ જ લીલીછમ વનરાજી અને પહાડની વચ્ચે આ તીર્થનો શિખરસમૂહ અનુપમ શોભા ધારણ કરે છે. આ મંદિરને નંદીશ્વર ચૈત્ય પણ કહેવામાં આવે છે. રાણકપુર તીર્થના સર્જક શ્રી ધરણાશાહ અને રત્નાશાહ આ નગરના નિવાસી હતા. મંદિરના સ્તંભો પર વિ.સં. ૧૧૩૦ થી ૧૨૧૦ સુધીના શિલાલેખો મળે છે. વિ.સં. ૧૨૦૧માં આનો જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો તેમજ એ પછી પણ એનો વખતોવખત જીર્ણોધ્ધાર થતો રહ્યો છે. સજ્જન રોડ સ્ટેશનથી ૫૮ માઇલ દૂર આવેલા આ તીર્થ ઉપરાંત હાલમાં અહીં બીજું કોઈ મંદિર નથી, પરંતુ એક સમયે આ સ્થળ જાહોજલાલીથી ભરપૂર હશે.

*જીવનમાં અગર ખુશ રહેવું હોય તો*
*સ્વયંને એક શાંત સરોવર જેવું બનાવો*
*કે જેમાં અગર કોઈ અંગારા પણ ફેંકે તો તે ખુદ ઠંડા પડી જાય.*

## તીર્થ દર્શન-૬૩

### શ્રી નાણા તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



બામણવાડાથી ૨૫ કિ.મી. દૂર અને નાણા રેલવે સ્ટેશનથી ૨.૫ કિ.મી. દૂર આવેલા નાણા ગામની મધ્યમાં આ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની શ્વેતવર્ણની લગભગ ૧.૨૦ મીટર ઊંચી પદમાસનસ્થ પ્રતિમા છે. તીર્થની વિશેષતા એ છે કે છેક પ્રભુ મહાવીરના સમયનું આ તીર્થ માનવામાં આવે છે. વળી બામણવાડા પંચતીર્થીનું આ એક સ્થાન છે. એક સમયે સમૃદ્ધિથી છલોછલ એવા આ તીર્થ વિશે એક કહેવત પ્રસિદ્ધ છે 'નાણા, દીયાણા, નાન્દિયા જીવિત સ્વામી વાન્દિયા, એનો અર્થ એ જ કે આ તીર્થ છેક પ્રભુ મહાવીરના સમય જેટલું પ્રાચીન છે. અહીં મૂળ નાયક ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાની કલા અને પ્રભાવકતા અનેરી છે. પ્રતિમાની આસપાસના તોરણની કલા પણ દર્શનીય છે. વળી અહીં પ્રાચીન નંદીશ્વર દ્વીપનો પાષાણપટ્ટ કલાત્મક છે. જેના પર વિ. સં. ૧૨૭૪નો લેખ કોતરાયેલો છે. અત્યારે આ સ્થળે પ્રભુ મહાવીરના જીવનકાળની પ્રતિમા બિરાજમાન નથી, કારણ કે હાલની પ્રતિમા પર વિ. સં. ૧૫૦૫ મહા વદ ૯ શનિવારે શ્રી શાંતિસૂરીશ્વરજી દ્વારા પ્રતિષ્ઠા થયાનો લેખ મળે છે. અમરસિંહ માયાવીર રાજાએ ત્રિભુવન મંત્રીના વંશજ શ્રી નારાયણ મૂતાને નાણા ગામ ભેટ આપ્યું હતું. નારાયણે એક સાહરાવ નામનું રેંટ સેવા-પૂજા માટે મંદિરને ભેટ આપ્યું હતું. આ સમયે ઉપકેશગચ્છીય આચાર્ય શ્રી સિંહસૂરિજી હયાત હતા. શિલાલેખ પર વિ.સં. ૧૬૫૯ ભાદરવા સુદ સાતમનો લેખ ઉત્કીર્ણ છે અને આ રેંટ પણ હજુ જૈન સંઘને જ આધીન છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## નેચરોપથી ડૉક્ટર

આજકાલ જાહેરમાં ધૂમ્રપાન અને મદ્યપાન કરતા ઘણા લોકો જોવા મળે છે. સરકારે જાહેરમાં આ માટે પેનલ્ટી નક્કી કરી છે એમ મેં પેપરમાં વાંચેલ હતું.

રાજ્ય સરકાર કે નગરપાલિકાના કાયદા મોટેભાગે પેપર પર જ રહે છે. સરકારને આવક જોઈતી હોય તો (૧) જાહેરમાં ધૂમ્રપાન અને હોટલમાં મદ્યપાન કરનારને દર વખતે રૂા. ૧,૦૦૦/-નો દંડ ફટકારો કારણકે સિગારેટ કે દારૂની દુર્ગંધ આજુબાજુવાળાના ફેફસા ખરાબ કરે છે. (૨) ઘણા લોકોને તમાકુનું વ્યસન હોય છે. અમુક વર્ષો પછી તેને જડબા કે ફેફસાનું કેન્સર થાય છે. લાખો રૂપિયાના ખર્ચ પછી પણ દર્દી બચી શકતો નથી. (૩) જાહેરમાં ઈંડા - આમલેટ ખાતા લોકોએ એ જાણવું જરૂરી છે કે ઈંડા માંસાહારી છે, જે હોજરીનું કેન્સર કરે છે. તેની દુર્ગંધ પણ ફેફસાને નબળા બનાવે છે. (૪) આજકાલ સ્વામિવાત્સલ્ય કે તપના પારણામાં મીઠાઈ અને ફરસાણનું પ્રમાણ વધારે હોય છે. મીઠાઈ, ફરસાણ કે રાંધેલો ખોરાક ફક્ત જીભને સ્વાદ આપે છે. પણ પેટના આંતરાડનું કામ વધારે છે. પછી ગેસ, કબજિયાત, આપરો, ઝાડા, ઉલટી થાય છે. માટે કમ ખાના, ગમ ખાના અને નમ જાના આ ફોર્મ્યુલા રાખવી. તમોને કકડીને ભૂખ લાગી હોય તો ૭૫% તાજા ફ્રુટ તમારા આહારમાં રાખો. ૨૫% જ રાંધેલો ખોરાક રાખો. વળી દૂધ સાથે છાસ કે દહીં વિરૂદ્ધ આહાર છે. આ લખનાર નેચરોપથીમાં ડૉક્ટર છે અને ૧૦૦૦ જેટલી વ્યક્તિઓને એક્યુપ્રેસર પોઈન્ટ્સ આપ્યા છે.

*સંપર્ક : પ્રવીણચંદ્ર હરજીવનદાસ શાહ*
એ/૧૧૧, દત્તાણી ટાવર, ૧૧મા માળે,
કોરા કેન્દ્ર હોલ પાસે, આર. એમ. ભારત રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.
મો. ૯૮૭૦૦ ૭૯૬૦૮

*મા ને ખુશ રાખો, મંદિરવાળી માં આપોઆપ ખુશ થઈ જશે.*

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા – ભુજ

ભુજ ખાતે રાણાવાવ અને કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના સંયુક્ત ઉપક્રમે વરિષ્ઠ કવયિત્રી (કચ્છી - ગુજરાતી) અને ટ્યુશન ક્લાસના પૂર્વ શિક્ષિકા મુક્તાબેન એન. ઠક્કર 'ઉષ્મા'ની સ્મૃતિમાં શિક્ષકદિન પ્રસંગે સ્મરણાંજલી કાર્યક્રમ દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને અને મણિલાલ રૂઘાણીના અતિથિપદે યોજવામાં આવેલ હતો. જેમાં મુક્તાબેનની વિવિધ સેવાના સંસ્મરણો અને પ્રસંગો યાદ કરીને તેમની ૪૫ વરસથી વધુ પ્રાઈવેટ ટ્યુશનની સેવા બિરદાવીને શબ્દાંજલી અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે શ્યામ ઠક્કર, રજનીકાંત ઓઝા, રાજેશભાઈ સોની, 'અનોખો' તુલસીદાસ બોરા, મદનભાઈ ભટ્ટ, વિનોદ ઘોર, અતુલ રૂઘાણી, રમેશ પંડ્યા, મણિલાલ રૂઘાણી, દિલીપ આચાર્ય વગેરે હાજર રહેલ હતા અને વિવિધ પ્રકારની રચના રજૂ કરેલ હતી. પછી વિવિધ વિચારોની આપ-લે કરવામાં આવેલ હતી. જેમાં કિશોર રાજપરા, જીજ્ઞેશ પોપટ, અશોક રાઠોડ, બાબુભાઈ ચૌહાણને ભરતભાઈ વાળંદ વગેરે સહયોગી રહીને લેખક મણિલાલ રૂઘાણી અને કવિ કલાવૃંદ સંસ્થાના દિલીપ આચાર્યની સાહિત્ય સેવા બદલ શુભ કામના પાઠવી હતી. જેની આભારવિધિ શ્યામ ઠક્કરે કરી હતી. પછી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવેલ હતો.

***વિવિધ લેખકોએ રજૂ કરેલી થોડી કૃતિના અંશો :***

મારા હાથ ઝાલીને લઈ જશે
મને ખબર છે મને ક્યાં લઈ જશે?
નજરમાં કોઈની ઘરમાં ન આવું
દૂર દૂર કોઈ વૃદ્ધાશ્રમ લઈ જશે.

*મમિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

માનવ જીવનમાં સાચું શરણું શોધે છે
આ શક્ય વચ્ચે માનવ નવી જિંદગી શોધે છે.

*દિલીપ આચાર્ય - ભુજ*

**KISHOR ROADWAYS**
Pratik K. Lalka
M. : 98250 65844, 98986 58444, 88498 27053
FLEET OWNER'S & TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
BS-7, Radhe Business Empire, S.P. Ring Road, Opp. Fire Station, Aslali, Ahmedabad.

પરખા કરવા હતા ભાઈ, સાચના
સામના કરવા પડ્યા છે આંચના.

*રજનીકાંત ઓઝા - ભુજ*

મૃદુ થઈને રહે છે કાયમ
કાંટા જોડે ગુલાબ
સૂકું થાય પણ સુગંધ ન છોડે
અનોખો એનો રૂવાબ.

*રાજેશભાઈ સોની - સુખપર, કચ્છ*

## અનોખી પ્રતિભા

અત્યારે દરેક જગ્યાએ ખાન-પાન વધી ગયા છે ત્યારે બોરીવલી (વેસ્ટ)માં રહેતા શ્રીમતી નલીનીબેન શાહે થોડા વર્ષ પહેલાં ૧ ઉપવાસનો વર્ષીતપ કર્યો. પારણા પછી છઠ્ઠ (બે ઉપવાસ)નો વર્ષીતપ પૂર્ણ કર્યો. તેના પારણા પછી અઠ્ઠમ (ત્રણ ઉપવાસ)નો વર્ષીતપ પરિપૂર્ણ કર્યો. એટલું જ નહીં ચાતુર્માસમાં સળંગ ૪૫ ઉપવાસ કર્યા. જૈનોના ઉપવાસ ફક્ત ગરમ પાણીના જ હોઈ શકે છે. એક તપસ્વીના તપની બોલી તપથી બોલવાની હતી. તેમણે સૌથી ઊંચી ૧૦૮ અઠ્ઠમની બોલી બોલીને તે તપસ્વીને પારણું કરાવ્યું. પોતે ભૂખ્યા રહી જીવદયા પણ એટલી કરે છે કે સવારમાં વહેલા ઉઠી કૂતરા માટે ૧૦૦ રોટલી ઘી વાળી બનાવે. રોજનું ૧૦ લીટર દૂધ કૂતરાને પીવડાવવાનું. રોજના ૩ કિ.ગ્રા. જેટલા બિસ્કીટ ખવડાવવાના. એટલું જ નહીં, સોસાયટીના ઝાડ આગળ આવતી ખિસકોલી, ઊંદર વગેરે ૨૦-૨૫ રોટલી ખાઈ જાય.

નાદુરસ્ત તબિયત હોવા છતાં પંખી, કાગડા, કબૂતર માટે કુંડામાં દર બે કલાકે પાણી નાખે. જીવદયાની પ્રવૃત્તિ છેલ્લા ૧૫ વરષોથી ચાલુ છે. કોઈ કૂતરીને બચ્ચા આવ્યા હોય તો અઠવાડિયા સુધી શીરો બનાવીને ખવડાવે. રોજ કબૂતરોને ૨ કિલો ચણા-દાળિયા ખવડાવવાના.

જો કોઈને મૂંગા જીવને ખવડાવવામાં રસ હોય અને વસ્તુ મોકલવી હોય તો સ્વીકારે છે. તેમનો ફોન નં. ૯૮૨૦૬ ૨૦૦૨૩, ૯૮૭૦૦ ૭૯૬૦૮ છે. બે વર્ષ પહેલા તેમણે ૫૪ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા પરિપૂર્ણ કરેલ છે. ૫૪મા ઉપવાસે પણ કૂતરાઓને ભૂખ્યા નથી રાખ્યા. પારણું કોઈ પણ આડંબર વગર સાદાઈથી કર્યું.

***સંપર્ક :*** નલીનીબેન શાહ, ફ્લેટ નં. એ/૧૧૧, દત્તાણી ટાવર, ૧૧મા માળે, કોરા કેન્દ્ર હોલ પાસે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.

## શ્રી નમસ્કાર મહામંત્ર આલેખન

જે નવકાર લખે છે તે શાશ્વત સુખનો દસ્તાવેજ લખે છે. જીવનને મંગલમય અને કલ્યાણકારી બનાવવા શ્રી નમસ્કાર મહામંત્ર લખવાની મંગલ શરૂઆત કરો. જીવનમાં શાંતિ અને સમાધિ માટે નવકારનું આલેખન કરો. પરિવારના પ્રત્યેક સભ્યો રોજ ૧૨ નવકાર લખવાની શુભ શરૂઆત કરે તો સમગ્ર ઘરમાં તેની આધ્યાત્મિક ઉર્જા કાર્યરત થાય છે.

નમસ્કાર મહામંત્ર આલેખન બુકમાં હિંદીમાં નવકારમંત્ર ઘુંટવાના હોય છે. રોજ ૧ પાનાના ૧૨ નવકાર લખીએ તો ૧૦૦ દિવસમાં જ ૧૨૦૦ નવકાર મંત્રનું આલેખન પૂરું થાય.

આ બુક તેમજ તેની સાથે ૯ કલર બોલપેનનો સેટ વિનામૂલ્યે મળશે. મુંબઈના જૈન સંઘોએ તેમના લેટરહેડ પર પત્ર લખી, કેટલી બુક જોઈએ છે તે સંખ્યા લખી મોકલવી. તેમણે રૂબરૂ આવવું. બહારગામના સંઘ નીચેના સરનામે પત્ર લખે તો કુરિયરથી મોકલીશું.

***સંપર્ક : CA અતુલકુમાર વ્રજલાલ શાહ,***
શ્રુતગંગા, બી-૪૦૩, મહાલક્ષ્મી સેન્ટર,
બાલભારતી સ્કૂલ સામે, એસ.વી. રોડ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
ફોન : (૦૨૨) ૩૧૯૭૬૨૪૧, મો. ૯૩૨૬૧ ૪૯૧૯૮.
સમય : બપોરે ૧૨ થી સાંજે ૭. (ફોન કરવો.)

## નવનીત નગર / કોવઈ નગર : પર્યુષણ પર્વની ઉજવણી

### કલ્પસુત્રની પોથી

જૈનોના પવિત્ર ગ્રંથ 'કલ્પસુત્ર'ની પોથી ઘરે પધરાવવાનો લાભ દમયંતીબેન કાંતિલાલભાઈ ગડા પરિવારે લીધો હતો. નવનીત નગર/કોવઇ નગર જિનાલય મધ્યે કુમારપાળ મહારાજા બની ભગવાનની આરતી ઉતારવાનો લાભ શ્રી દિવ્ય

હાર્દિક શુભકામનાઓ સાથે...
**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વારા) – અમદાવાદ**
**રસિકભાઈ – રજનીકાંત – હસમુખ ખીમજીભાઈ મહેતા**

રાજેશભાઈ ગોગરી પરિવારે લીધો હતો. જ્યારે વિજય નગર જિનાલય મધ્યે કુમારપાળ મહારાજા બની ભગવાનની આરતી ઉતારવાનો લાભ શ્રીમતી મધુબેન નીતિનભાઈ ગાલા પરિવારે લીધો હતો. બંને જિનાલય મધ્યે અલ્ટ્રાબીટ્સ ઓરકેસ્ટ્રાના સંગાથે આરતી તથા ભક્તિ ભાવના કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંઘના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી લહેરીભાઈ છેડા, ટ્રસ્ટી શ્રી ભાવેશભાઈ દેઢિયા, શ્રી ધીરેનભાઈ પાસડ, શ્રી કિરણભાઈ કક્કા, મહાજનના ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ છેડા, શ્રી કેશવજીભાઈ હરિયા, ડૉ. દેવચંદભાઈ ગાલા, યુવા પાંખના મિત્રો, સખીવૃંદની બહેનો તેમજ સામાજિક અગ્રણી શ્રી કિશોરભાઈ સાંયા, શ્રી મૌલિકભાઈ શાહ, શ્રી ઉદયભાઈ વિકમશી, શ્રી વિમલભાઈ મહેતા તથા મોટી સંખ્યામાં શ્રાવક - શ્રાવિકાઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ મહાજનના ખજાનચી શ્રી હરેશભાઈ ગોગરીએ કર્યું હતું.

### સ્વપ્ન દર્શનનો કાર્યક્રમ

અમરસન્સ ઉપાશ્રય - નવનીત નગર મધ્યે અનશનવ્રતધારી જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડાની પ્રેરણાથી સંઘના ચેરમેન શ્રી જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ સંચાલિત શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘના આંગણે ભગવાન મહાવીર સ્વામીના માતુશ્રી ત્રિશલાને આવેલા ચૌદ સ્વપ્નનો કાર્યક્રમ સફળતાપૂર્વક ઉજવાયો હતો અને જૈન ધર્મની પરંપરા પ્રમાણે ચૌદ સ્વપ્નને ઝુલાવવાના, પધરાવવાના અને ભગવાન મહાવીર સ્વામીના પારણાની ઘી ની બોલીમાં શ્રાવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રૂા. ૯.૫ લાખથી વધુના ચડાવાનો લાભ લેવામાં આવ્યો હતો. દર વર્ષે જૈનો દ્વારા ભારતવર્ષમાં વિશ્વભરમાં વસતા જૈનો દ્વારા આ પ્રસંગ ખૂબ જ અનોખી રીતે ભક્તિભાવપૂર્વક ઉજવાય છે અને આ પ્રસંગમાં થતી આવક અન્ય જિન મંદિરોના નિર્માણમાં અને એના સમારકામ માટે ખર્ચવામાં આવતી હોવાથી આજે વિશ્વભરમાં જૈન તીર્થસ્થાનો સુરક્ષિત બન્યા છે. આ દેવદ્રવ્યની આવકમાંથી નાનામાં નાના સંઘને પણ ઉપયોગી થવા માટેના એક લક્ષ પ્રાપ્ત થાય છે એમ સંઘના ચેરમેન શ્રી જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું.

પ.પૂ.સાધ્વી મ.સા.એ ભગવાન મહાવીરના જન્મનું વાંચન કર્યું હતું અને ભગવાન મહાવીર જ્યારે માતા ત્રિશલાની કુક્ષીમાં હતા ત્યારે તેમની માતાને આવેલા ચૌદ સ્વપ્નની વિગતવાર જાણકારી વ્યાખ્યાનમાં આપી હતી. વર્તમાન સમયમાં ભગવાન મહાવીરે આપેલો ઉપદેશ જ સમગ્ર વિશ્વને એકમાત્ર શાંતિના માર્ગે લઈ જનાર મોટું સાધન હોવાનું પ.પૂ. સાધ્વી ભગવંતે જણાવ્યું હતું. આ પ્રસંગે ભગવાન મહાવીરના પારણા ઝુલાવવાનો લાભ શ્રીમતી વંદનાબેન લક્ષ્મીચંદભાઈ કારાણી પરિવારે લીધો હતો અને પારણું ઘરે પધરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન લક્ષ્મીચંદભાઈ વોરા પરિવારે લીધો હતો. જ્યારે ઉપસ્થિત ભાવિકોએ બીજા ચૌદ સ્વપ્નને ઝુલાવવાનો અને પધરાવવાનો લાભ લીધો હતો.

## વિચારવા જેવું

જ્યારે માણસનું મૃત્યુ થાય અને અંતિમ ક્રિયા માટે શબને સ્મશાને લઈ જઈએ છીએ ત્યારે બધા જ સ્મશાને શબને બાળવા માટે ઈલેક્ટ્રીક ભઠ્ઠીનો જ ઉપયોગ વધારે થાય છે. ઈલેક્ટ્રીક ભઠ્ઠીનો ઉપયોગ લાકડા બચાવવા અને પર્યાવરણને નુકસાન થતું અટકાવવા કરવામાં આવે છે.

પહેલાં જ્યારે લાકડાથી શબને બાળવામાં આવતું હતું ત્યારે અંતિમ ક્રિયા વખતે શબને બાળતા પહેલાં મરનાર વ્યક્તિના કુટુંબીજનો શબ ઉપર ઘી ચોપડતા હતા. એવું માનવામાં આવતું હતું કે લાકડા ભીનાશવાળા હશે તો ઝડપથી બળશે નહીં એટલે ઘી અને સૂકો ઘાસ નાંખવામાં આવતો હતો જેથી શબને બાળવામાં તકલીફ પડે નહીં અને શબ જલ્દીથી બળી જાય. પરંતુ આ પ્રથા ઈલેક્ટ્રીક ભઠ્ઠીમાં શબને બાળવામાં આવે છે ત્યારે પણ અમુક લોકો ધાર્મિક વિધિ સમજી શબ ઉપર ઘી ચોપડતા હોય છે.

મારું માનવું છે કે શબ ઉપર ઘી ચોપડવો એ એક વ્યય છે. જ્યારે ઈલેક્ટ્રીક ભઠ્ઠીનો ઉપયોગ કરતાં હોઈએ, તો ઘી ચોપડવાની જરૂર જ નથી. જો કોઈ ધાર્મિક મર્મ હોય તો શુકન પુરતો અંગુઠા ઉપર થોડુંક ઘી ચોપડી દેવું જોઈએ અથવા તો જેટલું ઘી વપરાય તેટલું દાન કરી દેવું જોઈએ.

અહીં મેં ફક્ત મંતવ્ય આપેલ છે, કાંઈ વધારે પડતું લખાઈ ગયું હોય તો 'મિચ્છામિ દુક્કડમ્.'

*ચંદ્રકાંત દામજી શાહ (કે. ડી. શાહ) - અમદાવાદ*

॥ શુભેચ્છા સહ... ॥

ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ

હ. જયંતીભાઈ નીસર

# પ્રતિભાવ

**'મંગલ મંદિર' હવે ગોલ્ડન ડાઈજેસ્ટ**

સપ્ટેમ્બર-૨૦૨૪ના 'મંગલ મંદિર'માં પ્રેરણાત્મક પ્રસંગો વાંચવાલાયક છે. પરમવીર ચક્ર વિજેતા અરૂણપાલ ખેતરપાલના નિવૃત્ત બ્રિગેડિયર પિતા મદનલાલ ખેતરપાલની લાહોરની મુલાકાત દરમિયાન પાકિસ્તાનના નિવૃત્ત બ્રિગેડિયર ખ્વાજા અહેમદ નાસરે યુદ્ધમાં તેમના પુત્રની શહાદત પોતાનાથી થવાની કબૂલાત વિસ્મયજનક છે. ફ્લેશબેક જોઈએ તો આવી જ એક ઘટના ગુજરાત સાથે વણાયેલી છે. ૧૯૬૫ના ભારત - પાકિસ્તાનન યુદ્ધ દરમિયાન ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા મીઠાપુરથી કચ્છ જઈ રહ્યા હતા ત્યારે કચ્છમાં ધસી આવેલ પાકિસ્તાનના વાયુદળના ફાઈટર પ્લેનના પાઈલોટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીનું પ્લેન ફૂંકી મારેલું. જેમાં મુખ્યમંત્રીશ્રી સહિત પાઈલોટ જહાંગીર એમ. એન્જિનિયર પણ મૃત્યુ પામેલા. આ ઘટનાના ૪૬ વર્ષ બાદ પાકિસ્તાનના ફાઈટર પ્લેનના પાઈલોટ હુસૈનને આ બાબતે પસ્તાવો થતાં પાઈલોટના પુત્રીનું સરનામું શોધી પોતાનાથી થયેલ ભૂલનો એકરાર કરી માફી માંગેલ. ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં આવી ઘટનાઓ પણ બની જતી હોય છે. સ્વાધીનતા સંગ્રામની શ્રેણી પણ ક્રાંતિકારી રંગો જમાવતી જાય છે. ક્રાંતિવીર વિનાયક સાવરકરે દેશની આઝાદી માટે કેટલી યાતનાઓ વેઠી તે કથા દર્દનાક છે. એરિસ્ટોક્રેટ્સ શ્રેણીમાં અંબાલાલ સારાભાઈની પુત્રી લીનાબેને 'શ્રેયસ' સંસ્થાની સ્થાપના કરી, જે બાળકોને શિક્ષણ અને દરેક પ્રદેશના તહેવારો ઉજવી ત્યાંની રહેણીકરણી, ખોરાક, રીતરિવાજ, પહેરવેશ, નાટકો, ભાષા અને સંગીતથી પરિચય કરાવે છે. આવી સંસ્થાના સ્થાપકો માટે ગૌરવની લાગણી ઉદ્ભવે છે. ડૉ. કુમારપાળ દેસાઈના પર્યુષણ સંબંધી લેખ સમ્રાટ અશોકના પૌત્ર સમ્રાટ સંપ્રતિના પ્રસંગની છણાવટ તથા પર્યુષણની વ્યાખ્યા સુંદર રીતે દર્શાવી છે. શ્રી નરેશ અંતાણીએ ઈતિહાસના અજ્ઞાત પાત્રોમાં જૈન ધર્મના નાશવંત થઈ ગયેલા ધર્મ અને સાહિત્યના અણમોલ વારસાને શ્રી ભીમશી માણેક દ્વારા કરવામાં આવેલ કામગીરી પ્રેરણાત્મક છે. મુંબઈમાં જૈનો માટે રહેવાલાયક જગ્યાઓની માહિતી ઘણી જ મહત્ત્વની છે. જીવન વૈભવ સમજાવતા પ્રશ્નોમાં દૃષ્ટિ મહેતા અને યેશા મહેતા દ્વારા જીવનસાથીની પસંદગીના માપદંડો બહુ જ સચોટ રીતે સમજાવેલ છે. **'મંગલ મંદિર' જેટલું બાહ્ય રીતે સુંદર પ્રિન્ટીંગસભર છે, તેટલું જ તેની અંદર રજૂ થતું વિવિધ સાહિત્ય, સમાચાર, સ્પર્ધાઓ તેને સાચા અર્થમાં ગોલ્ડન ડાઈજેસ્ટ બનાવે છે.**

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*

★

અમો 'મંગલ મંદિર'ના રેગ્યુલર વાચકો છીએ. ખૂબ સારા અને કચ્છની ઉપયોગી માહિતી - સારા લેખો, ડૉક્ટરોની રોગો અંગેની માહિતી ખરેખર 'મંગલ મંદિર'ની રાહ જોઈએ અને આવે ત્યારે એક સાથે વાંચન કરીએ ત્યારે જ સંતોષ થાય.

આપને ખૂબ ખૂબ અભિનંદન. ઘણાં વર્ષોથી અમે બંને આ મેગેઝીન વાંચીએ છીએ.

*નોંધ :* 'મંગલ મંદિર' પોસ્ટમાં આવતું હોઈ ૧૦-૧૫ દિવસ પછી, ક્યારેક વધારે દિવસોએ મળે છે. તો મોકલવા માટે બીજી કોઈ વ્યવસ્થા થાય તો વિચારશો.

*વાડીલાલ મોરબીયા, કંચનબેન મોરબીયા - ભુજ, કચ્છ*
*મો. ૭૬૦૦૦ ૬૫૪૪૦*

***નોંધ : (૧) આપશ્રી કુરિયરથી મંગાવી શકો છો. (૨) આપશ્રીને અંક PDF ફાઈલ દ્વારા મોકલવામાં આવે છે, તેની પ્રિન્ટ કઢાવી શકાય. – તંત્રી મંડળ***

★

**પોસ્ટ વિભાગની ખામીના કારણે 'મંગલ મંદિર' માસિક સામયિક ન મળવા બાબત**

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે 'મંગલ મંદિર' મેગેઝીનનું મેં વાર્ષિક લવાજમ ભરેલ હોવા છતાં મને આ મેગેઝીન ન મળતું હોવા બાબતે આપની સંસ્થામાં રૂબરૂ માહિતગાર કરેલ. તે મુજબ આપના તરફથી નિયમિતપણે પોસ્ટમાં મોકલવામાં આવતા આ મેગેઝીન પોસ્ટ વિભાગની બેદરકારીના કારણે મળતા ન હોવાથી મેં અહીં જામનગરની પોસ્ટ ઓફિસમાં કરેલી રજૂઆતોની ઝેરોક્સ નકલ આપશ્રીની જાણ અર્થે પણ મોકલી રહ્યો છું.

જામનગરના જ બીજા એક જ્ઞાતિજનને પણ આ મેગેઝીન ન મળતું હોવાથી તેમનો સંપર્ક કરતાં, તેઓ પણ વારંવાર પોસ્ટ ડિપાર્ટમેન્ટમાં રજૂઆત કરી થાકી જતાં, હવે લવાજમ જ નથી ભરવું તેવું જણાવેલ છે.

પોસ્ટ ડિપાર્ટમેન્ટની બેદરકારીના કારણે આવી ઉત્તમ સાહિત્યથી અમો વંચિત ન રહીએ તે માટે આપની કક્ષાએથી

પણ પોસ્ટ ડિપાર્ટમેન્ટને જાણ કરવા વિનંતી છે કે ત્યાંથી પોસ્ટ થતાં મેગેઝીન અમદાવાદ લેવલે ગૂમ થાય છે કે પછી જામનગર લેવલે ગૂમ થાય છે. અમારી રજૂઆત અન્વયે અમે અમારા ખર્ચે કુરિયરથી પણ આ મેગેઝીન મેળવવા તત્પર હોઈ, યોગ્ય કરવા વિનંતી છે.

*વિજયકુમાર અમરશીભાઈ વોરા - જામનગર*

*મો. ૯૭૩૭૮ ૪૯૩૩૦*

***નોંધ : (૧) આપશ્રી કુરિયરથી મંગાવી શકો છો. તેનો ખર્ચ જે થાય તે અલગથી ભરવાનો રહે છે. (૨) આપશ્રીને 'મંગલ મંદિર'નો અંક વૉટ્સએપથી PDF ફાઈલ દ્વારા મોકલવામાં આવે છે, તેની પ્રિન્ટ પણ કઢાવી શકાય.***

***– તંત્રી મંડળ***

★

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર – બોપલ સર્વે સ્વાસ્થ્ય ઈચ્છુક વ્યક્તિઓ માટે એક ઉત્તમ સંકુલ છે. જે ઉદ્દેશ્યથી આ સંકુલનું બીજ રોપાયું છે એ જ ઉત્કૃષ્ટ ભાવના સાથે સંકુલના દરેક કાર્યકરો નિષ્કામ સેવા ભાવ સાથે જોડાયેલા છે. દરેક કાર્યકરો પોતાના કામને સરસ રીતે તો કરે જ છે પણ આવનાર દરેક વ્યક્તિને જે કંઈ પણ મદદની જરૂર હોય, સમજણની જરૂર હોય તેનું યોગ્ય માર્ગદર્શન પણ કરે છે. સંકુલ મોટું હોવા છતાં આવનાર દરેક વ્યક્તિ પૂર્ણ સંતોષ લઈને જાય છે. દરેક પ્રક્રિયા એટલી સરસ ગોઠવાયેલી છે કે બધું જાતે જ થતું જાય છે જે દર્દીને માટે ખૂબ શાતાકારી છે. ખૂબ ખૂબ અભિનંદન સંકુલના પદાધિકારીઓને તેમજ દરેક કાર્યકરોને. આપની સેવા ભાવના અદભુત છે પ્રણામ!

*દિલીપ જસાણી*

*મો. ૯૮૨૪૦ ૩૦૫૪૮*

★

આજે 'મંગલ મંદિર' મેગેઝીનનો જૂનો અંક એક ઉપાશ્રયમાંથી મળ્યો. ફક્ત જૈનો જ નહીં, પણ સમગ્ર સમાજના બીજા દરેક માનવીને ઉપયોગી થાય તેવી માહિતી છે. આ સાથે આર્ટીકલ મોકલેલ છે. તેને અવકાશે સ્થાન આપશો. જે અંકમાં પ્રસિધ્ધ થાય તેની એક નકલ મને મોકલશો.

*પ્રવીણચંદ્ર હરજીવનદાસ શાહ - મુંબઈ*

*મો. ૯૮૭૦૦ ૭૯૬૦૮*

★

'મંગલ મંદિર'ના અંકો નિયમિત મળે છે. આભાર. તેમાં પ્રકાશિત તંત્રીલેખ તેમજ અન્ય લેખો જ્ઞાનમાં વધારો કરતાની સાથે સંસ્થાની ગતિવિધિઓની અધ્યયન, માહિતી મળી રહે છે તે માટે આપશ્રી તેમજ તંત્રી મંડળને ધન્યવાદ.

તાજેતરમાં જ 'મંગલ મંદિર'નો જુલાઈ-૨૦૨૪નો 'અષાઢી બીજ' નૂતન વર્ષ અંક મળ્યો. તેમાં પ્રકાશિત લેખ ઘણા ઉપયોગી, માહિતીસભર વાંચવા મળ્યા તે માટે વિશેષ આભાર. વધુમાં જણાવવાનું કે આ અંકમાં 'અષાઢી બીજ - કચ્છી નવા વર્ષની ઉજવણી' શ્રી હરેશ ધોળકિયા દ્વારા પ્રકાશિત લેખ ધ્યાનાકૃત રહ્યો. એ બહુ ગમ્યું. આ લેખમાં શ્રી ધોળકિયા સાહેબે નવી પેઢીના સંદર્ભમાં જે ત્રણ જરૂરી બાબતો પ્રોત્સાહન, માર્ગદર્શન તેમજ તાલીમનો ઉલ્લેખ કરતાં નવા વર્ષની પરંપરાગત ઉજવણીની સાથે શું શું કરી શકાય - વિવિધ મુદ્દાઓનો ઉલ્લેખ કરી સર્જનાત્મક, વિકાસાત્મક સૂચનોની સાથે કચ્છ સંશોધન સંસ્થા તેમજ એક વિશાળ પુસ્તકાલયની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે.

આ સંદર્ભે જણાવવાનું કે : બન્ની-કચ્છમાં 'બન્ની સિંધુ સેવા સંઘ' નામક રજિસ્ટર્ડ સંસ્થા વર્ષોથી કાર્યરત છે અને વિવિધ સામાજિક સંસ્થાઓની સાથે રાજ્ય તેમજ કેન્દ્ર અકાદમી સાથે મળીને ભાષાકીય, સાંસ્કૃતિક વિભાગો તથા અકાદમીઓ તરફથી અનેક કાર્યક્રમોનું આયોજન વર્ષોથી કરે છે. સાથે સાથે સંશોધનાત્મક વિશેષ કરીને લોકસાહિત્ય, સાંસ્કૃતિક વિષયક શોધકાર્યમાં મદદરૂપ થાય છે. તાજેતરમાં આ સંસ્થાએ સરકારની આર્થિક સહાયથી પન્વાનારી ગામમાં એક અદ્યતન વિશાળ ગ્રંથાલય ઉભું કરવા માટે લાખો રૂપિયાનાં ખર્ચે મકાન તૈયાર કરાવેલ છે. બન્નીનાં ગામોના કેન્દ્રમાં તથા પ્રતિ વર્ષ યોજાતા 'કચ્છ રણોત્સવ' ધોરડો મુખ્ય માર્ગ ઉપર આ સ્થળ આવેલું છે. ત્યાં વિશાળ અદ્યતન ગ્રંથાલય ઊભું કરવા વિવિધ ભાષાઓના શ્રેષ્ઠ પુસ્તકોનો સંગ્રહ પણ કરેલ છે.

શ્રી હરેશ ધોળકિયા સૂચિત બંને સંસ્થાઓ 'કચ્છ સંશોધન સંસ્થા' તેમજ વિશાળ પુસ્તકાલયની સ્થાપના આ ભવ્ય મકાનમાં સહયોગ તેમજ પ્રયત્નોથી કરી શકાય છે. આ કેન્દ્રને વિશાળ પ્રાકૃતિક પર્યાવરણ સહિત ખુલ્લી જમીન પણ છે. તેની આસપાસ ઘણા રીસોર્ટ પણ આવેલા છે. ત્યાં સંશોધન કે અભ્યાસ માટે રહેઠાણ - ખાન-પાનની પણ સુગમ, સ્વાસ્થ્યાત્મક વ્યવસ્થા કરી શકાય છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૨ ઉપર)**

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૧૮

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના પ્રથમ ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. સમાજની ____________ મી વાર્ષિક સામાન્ય સભા તા. ______________________ ના રોજ મળી હતી. (૩૭, ૩૯, ૩૪ / તા. ૧૫-૮, ૨૫-૮, ૨૮-૮)

૨. નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરનું ઉદ્‌ઘાટન તા. ________________ ના રોજ થયું. (૧૦-૮, ૭-૮, ૬-૮)

૩. દુનિયામાં ____________ % લોકો જમણેરી છે. (૭૫, ૮૮, ૮૭)

૪. શ્રી દિયાણા તીર્થના મૂળ નાયક ____________________ ભગવાન છે.(પાર્શ્વનાથ, મહાવીર સ્વામી, આદેશ્વર)

૫. પાલડી મેડિકલ સેન્ટરમાં જુલાઈ માસમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ____________ હતા. (૭૮૫૭, ૧૧૮૧૮, ૧૨૯૧૯)

૬. સુનિતા વિલિયમ્સને સ્પેસ યાત્રામાં ____________ દિવસે મોકલવામાં આવી હતી. (૫ જૂન, ૧૮ જૂન, ૧૫ ઓગસ્ટ)

૭. પ્રિન્ટીંગ ટેકનોલોજીની શરૂઆત કોણે કરી? __________________ (જહોન ગુટેનબર્ગ, પ્રિન્સહેરી, જહોન વોલ્ટ)

૮. જીવનસાથી તરીકે એવી વ્યક્તિ પસંદ કરો કે જે ______________ અને ______________ રીતે સ્થિર હોય. (ભાવનાત્મક, ધાર્મિક, આર્થિક, તંદુરસ્ત, સંસ્કારીતા)

૯. તેં જિનમંદિરો રચ્યા હોત, નવી પ્રતિમાઓનું નિર્માણ કર્યું હોત, મંદિરોના જીર્ણોધ્ધાર કરાવ્યો હોત તો મારું હૃદય અપાર પ્રસન્નતાનો અનુભવ કરત... – આ શબ્દો કોણ ઉચ્ચારે છે? _________________________ (કુમારમપાળની માતા, સમ્રાટ સંપ્રતિની માતા, શ્રીપાળની માતા)

૧૦. અમદાવાદમાં 'શ્રેયસ' સ્કૂલ પહેલા કયા સ્થળે શરૂ થઈ? ____________________________ (શાહીબાગ અંડરબ્રિજ, પાલડી ચાર રસ્તા, હઠીસિંગની વાડી)

## ● મણકા–૧૭ ના સવાલોના સાચા જવાબો ●

૧. તફાવત એ જ છે... તારા અને મારા વિશે જાહિદ!
વિચારીને તું જીવે છે... હું જીવીને વિચારું છું. (આ વિચારધારા **અમૃત ઘાયલ**ની છે.)

૨. કચ્છ વાગડના અમદાવાદ વસતા **કીર્તિ** વિદ્યાર્થીએ SSC ગુજરાતી મીડિયમમાં **૯૭.૫૧%** પર્સન્ટાઈલ માર્કસ લાવ્યા છે.

૩. ગીતામંદિર ડાયાલિસિસ સેન્ટર તથા ચાંગોદર મેડિકલ – એમ બંને સેન્ટરમાં રૂપિયા ત્રણ-ત્રણ લાખની ભેટ આપનાર **શ્રીમતી ભારતીબેન**ને અભિનંદન.... ધન્યવાદ!

૪. જૂન માસમાં તમામ મેડિકલ સેન્ટરમાં વિવિધ પ્રકારની મેડિકલ સેવાનો લાભ **૩૧૨૪૦** વ્યક્તિઓએ લીધો હતો.

૫. શ્રી બામણવાડા તીર્થમાં **મહાવીર સ્વામી** ભગવાન મૂળનાયક છે.

૬. દ્વિદળ કોને કહેવાય? **જે ધાનમાં બે વિભાગ હોય તેને.**

૭. રાષ્ટ્રીય પેટ્રોલિયમ દિવસ – **૨૭ ઓગસ્ટ.**

૮. મુંબઈની ગોદીમાં **૧૯૪૪** વર્ષમાં જબ્બર ધડાકા થયા હતા.

૯. ગુજરાત રાજ્યના નાણાં અને ઉર્જામંત્રી **કનુભાઈ દેસાઈ** છે.

૧૦. 'ભારત છોડો'નું સૂત્ર કયા કચ્છી સપૂત **યુસુફ મહેરઅલીએ** આપ્યું હતું?

***મણકા-૧૬ (મંગલ મંદિર સપ્ટેમ્બર-૨૦૨૪ અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. એક વ્યક્તિ કે જેણે જવાબપત્રમાં કોઈ સ્થળે પોતાનું નામ લખેલ નથી
૨. કામિની સ્નેહલકુમાર શેઠ – નવા વાડજ, અમદાવાદ
૩. જિનલકુમાર એ. શાહ – ગાંધીનગર
૪. હસમુખ દામજી દેઢિયા – અડાલજ
૫. રમણિકલાલ કુંવરજી ગોસર – પાલડી, અમદાવાદ
૬. અજય અશ્વિનભાઈ રાણા – કોચરબ, અમદાવાદ
૭. રોનકબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૮. લુબનાબેન આઈ. શેખ – કાલુપુર, અમદાવાદ
૯. અવ્વાબરાજ એ. શેખ – કાલુપુર, અમદાવાદ
૧૦. નવનીત ત્રિકમલાલ શેઠ – બોપલ, અમદાવાદ
૧૧. ઝરણા પારેખ – અમદાવાદ
૧૨. કિંજલ દિવ્યેશ શેઠ – સુભાષબ્રિજ, અમદાવાદ
૧૩. મુકેશ અમૃતલાલ શાહ – બહેરામપુરા, અમદાવાદ
૧૪. મિત્તલ એ. પટેલ – પાલડી, અમદાવાદ
૧૫. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૧૬. વસંત 'કચ્છ કેસરી' – મુલુંડ, મુંબઈ
૧૭. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૧૮. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ

*નોંધ : જવાબ આપવામાં ૮ વ્યક્તિ એવી છે કે જેમણે પ્રશ્ન નં.-૨ ના પર્સન્ટાઈલનો જવાબ ૯૭.૫૧% લખવાને બદલે પર્સન્ટેજ ૯૧.૫૦% લખેલ છે. તેથી દરેક જવાબ આપનાર વ્યક્તિને જણાવવાનું કે પ્રથમ તેઓ પ્રશ્નનો અભ્યાસ પૂરેપૂરો કરે અને પછી જ જવાબ લખે.*

*ઉપરોક્ત નામોમાંથી ડ્રો કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | કિંજલ દિવ્યેશ શેઠ | – સુભાષ બ્રિજ, અમદાવાદ | મો. ૯૨૨૮૮ ૫૨૦૫૭ |
| ૨. | રમણિકલાલ કુંવરજી ગોસર | – પાલડી, અમદાવાદ | મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૩. | મિત્તલ એ. પટેલ | – પાલડી, અમદાવાદ | મો. ૯૯૭૪૫ ૮૨૮૫૫ |
| ૪. | દિશા પટેલ | – પાલડી, અમદાવાદ | મો. ૯૭૧૨૮ ૭૩૨૦૩ |
| ૫. | જિનલકુમાર એ. શાહ | – ગાંધીનગર | મો. ૮૮૪૯૯ ૪૪૬૪૧ |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **નોંધ :** (૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.

**મારો સમાજ... મારું મુખપત્ર... મારો મનગમતો વિભાગ...**

## ઉડતી નજરે.... *માસ ઓગસ્ટ-૨૦૨૪ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ..... ૬૦૦<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ..... ૫૦<br>● બોડી ચેક-અપ ..... ૨૫૦<br>● સોનોગ્રાફી ..... ૧,૦૬૨<br>● ટી.એમ.ટી. ..... ૩૮<br>● ઑપરેશન ..... ૫<br>● ઈકો ..... ૧૯૪<br>● અન્ય ..... ૭,૮૬૮ | **૧૦,૦૬૭** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● લાભ લેનારી વ્યક્તિઓ ..... ૫૬૩<br>● કેન્ટીન ..... ૪,૨૧૦ | **૪,૬૦૨** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● પુરુષો ..... ૯૫<br>● સ્ત્રીઓ ..... ૨૨<br>● બાળકો ..... ૫ | **૧૨૨** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | **૧૬૯** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ..... ૨,૧૬૨<br>● મ્યુઝીયમ ..... ૮૮૫<br>● કેન્ટીન ..... ૩,૭૨૦<br>● જલારામ અન્નક્ષેત્ર ..... ૪૨૦<br>● ડિસ્પેન્સરી ..... ૬૫ | **૭,૨૫૨** |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | **૫૭૧** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા* દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ ..... ૧૮૫<br>● સોનોગ્રાફી ..... ૩૯૧<br>● ઑપરેશન ..... ૧૩<br>● માઈનોર ઓ.ટી. ..... ૧<br>● ફિઝીયોથેરાપી ..... ૧,૨૮૧<br>● અન્ય ..... ૫,૦૧૪ | **૬,૮૮૫** |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | **૨૫૦** |

| | | |
|---|---|---|
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...<br>*જેમાંથી* – ● એક્સ-રે ... **૫૯**<br>● સોનોગ્રાફી ... **૫૪**<br>● બોડી ચેક-અપ ... **૩૫**<br>● ઈકો ... **૭**<br>● અન્ય ... **૬૯૫** | **૮૫૦** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...<br>*જેમાંથી* – ● એક્સ-રે ... **૧૧૩**<br>● સોનોગ્રાફી ... **૪૮**<br>● ફિઝીયોથેરાપી ... **૨૪૨**<br>● ડેન્ટલ ... **૬૬**<br>● બોડી ચેક-અપ ... **૧૬**<br>● ઈકો ... **૧૪**<br>● પેથોલોજી ... **૧૨૮**<br>● ટી.એમ.ટી. ... **૬**<br>● ઈ.સી.જી. ... **૫૦**<br>● અન્ય ... **૨૭૪** | **૯૫૭** |
| | *માસ ઓગસ્ટ – ૨૦૨૪ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* ... | **૩૧,૭૨૫** |

## પ્રતિભાવ

**(અનુસંધાન : પાના નં. – ૨૮ ઉપરથી ચાલુ)**

શ્રી હરેશભાઈના સૂચન નિઃસ્વાર્થ ભાવના, ઉમંગ ઉત્સાહમાં વધારો કરનાર તેમજ ભાવિને ઉજ્જવળ બનાવવા સંદર્ભે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તે માટે વિચારી શકે છે તેમજ તે વિચારણા માટે પુખ્ત વિચારણા તેમજ અભ્યાસ કરી સ્વપ્ન સૂચનને શક્ય બનાવી શકાય છે. તેથી મારી આપ સૌને આ સંદર્ભે અમલ કરવા નમ્ર વિનંતી છે. જેથી કચ્છ હસ્તકળા, સંગીત, કળાઓ, લેખન તેમજ વિદ્યાર્થીઓને યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન તેમજ અન્ય પરીક્ષાઓની તૈયારી સંશોધન માટે વિશાળ અદ્યતન ગ્રંથાલય ઊભું કરી, પ્રત્યેક વિષયના પુસ્તકોનો ભંડાર ગ્રંથાલયમાં ઉભો કરી શકાય.

ઉપરોક્ત વિષયે વિચારણા કરવા ફરીથી નમ્ર વિનંતી છે. શ્રી કલાધર મુતવા, જે કચ્છી-સિંધી, હિંદી, ઉર્દુ ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર તેમજ સંશોધક છે અને બન્ની સિંધુ સેવા સંઘના મુખ્ય સંરક્ષક છે સાથે મો. ૯૪૨૭૨ ૦૧૦૯૩ ઉપર સંપર્ક કરી, માહિતી મેળવી, સ્થળની જાત મુલાકાત લઈ શકાય છે. કચ્છ બન્ની વિસ્તારમાં આ પ્રકારનો ગ્રંથાલય વિશ્વ કક્ષાનો સંશોધન કેન્દ્ર બની શકે તેવી સંભાવનાઓ રહેલ છે.

★ 'મંગલ મંદિર'નો માર્ચ-૨૦૨૪નો અંક મળેલ છે. આભાર. આ અંકમાં પ્રકાશિત લેખો જ્ઞાનમાં વધારો કરનાર તેમજ વિચારવા માટે પ્રેરીત કરનાર છે. વિશેષ કરીને આપનો તંત્રીલેખ "અંગદાન જેવી ઉત્કૃષ્ટ પ્રવૃત્તિ આ સમાજે હાથ પર લેવી જોઈએ." આજના સમયની માંગની અનુરૂપ જરૂરિયાત તેમજ માનવસેવા છે. આ પ્રવૃત્તિમાં પ્રત્યેક સમાજની સંસ્થાઓએ આગળ આવી સારો તેમજ અમલી વેગ આપવો જોઈએ. જેથી 'માનવ સેવા જ ઉત્તમ સેવા અને અંગદાન જ શ્રેષ્ઠત્તમ દાન છે' – ભાવનાને રાજ્ય તેમજ દેશમાં પ્રેરીત કરી શકાય. આ સર્વોત્તમ તંત્રીલેખ માટે આપને ઘણા ઘણા અભિનંદન.

**આ બાબતને ધ્યાનમાં રાખી ઘણી પુખ્ત વિચારણાની સાથે 'મંગલ મંદિર' સપ્ટેમ્બર ૨૦૨૪માં પ્રકાશિત દેહદાન કરવા માટેનું ફોર્મ ભરી આ સાથે મોકલું છે, તે વિલ રૂપે સ્વીકારવા વિનંતી છે.**

***ડૉ. જેઠો લાલવાણી - અમદાવાદ***
***મો. ૯૮૭૯૫ ૬૩૩૧૨, ૯૪૦૯૬ ૭૨૨૨૫***

*બાળકને જમવાનું આપવામાં ન આવે તો તે થોડો સમય રડશે પરંતુ જો સંસ્કાર આપવામાં ન આવે તો તે આખી જિંદગી રડશે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *દ્વારા આયોજિત*

## વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય, સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ

### રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૨૪



સ્ટેજ પર બિરાજમાન સંસ્થાના હોદ્દેદારો. (ડાબી બાજુથી) સહ ખજાનચી શ્રી દેવેશ દંડ, ખજાનચી શ્રી વિમેશ શાહ મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ સાવલા અને સહમંત્રી શ્રી વિશાલ શાહ



સભ્યશ્રીઓને ઉદ્‌બોધન કરતા મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ



શ્રી ક.જૈ.સે.સ.ની વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતી આપતા શ્રી હસમુખભાઈ ગઢેચા



ખમત ખામણા કરાવતા ટ્રસ્ટી શ્રી રમણિકભાઈ ગોસર




બલડ ડોનેશન સમિતિના કાર્યકરો



કાર્યક્રમ નિહાળતા સમાજના સભ્યશ્રીઓ




સરસ્વતી સન્માનના દાતાશ્રીઓ.
(ડાબી બાજુથી) શ્રી મહેન્દ્ર વસા, શ્રીમતી નિર્મળાબેન શાહ,
શ્રીમતી અલ્કાબેન મહેતા, શ્રી શાંતિલાલ સાવલા અને શ્રી મહેન્દ્ર દોશી




સરસ્વતી સન્માનના દાતાશ્રીઓ સાથે બહુમાન મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ




વિદ્યાર્થીનું બહુમાન કરતા દાતાશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ




વિદ્યાર્થીનું બહુમાન કરતા શ્રી મહેન્દ્રભાઈ વસા



વિદ્યાર્થીનું બહુમાન કરતા શ્રી મહેન્દ્રભાઈ દોશી




વિદ્યાર્થીનું બહુમાન કરતા શ્રી શાંતિલાલભાઈ સાવલા




વિદ્યાર્થીનું બહુમાન કરતા શ્રીમતી અલ્કાબેન રસીકલાલ મહેતા



સાંસ્કૃતિક સમિતિ દ્વારા આયોજિત 'ટેલેન્ટ શો'ના સૂત્રધાર કૃપાલી રાંભિયા



'ટેલેન્ટ શો'માં ઉત્સાહભેર ભાગ લેનાર પાર્ટીસિપેન્ટ્સ અને સાંસ્કૃતિક સમિતિના સભ્યો



સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન
જુદા જુદા બાળ કલાકારો દ્વારા વિવિધ પરફોર્મન્સ

પિતા અને પુત્રી દ્વારા
પ્રેક્ટીકલ જાગૃતિનો સંદેશ આપતી
સ્કીટનું પરફોર્મન્સ





ટ્રેડિશનલ ગરબાથી
સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત
અને જુદુ જુદુ પરફોર્મન્સ આપતા
સાંસ્કૃતિક સમિતિના કલાકારો



બોલીવુડ ગીત પર
ગરબાના તાલે ઝુમતા
પાર્ટીસિપેન્ટ્સ

સ્નેહ મિલન કાર્યક્રમની વધુ તસવીરી ઝલક માટે જુઓ પાના નં.-૬૫

આપણા ડૉક્ટર્સને પહેચાનો

## આપણા ડૉક્ટર્સને પહેચાનો
## મણકો - ૧૫ : ડૉ. ઋત્વીન શાહ

**અશોક મહેતા**



**ડૉ. ઋત્વીન શાહ**
**MBBS, MD (Medicine)**
**DNB Nephrology**

ડૉ. ઋત્વીન શાહ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં છેલ્લા બે વર્ષથી કાર્યરત છે.

ડૉ. ઋત્વીનનો જન્મ તા. ૧૧ સપ્ટેમ્બર, ૧૯૯૧ના રોજ અમદાવાદમાં થયો હતો.

તેમનું શાળાનું પ્રારંભિક શિક્ષણ શારદા મંદિર સ્કૂલમાં તથા પ્રાથમિકથી હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ અમદાવાદની પ્રસિદ્ધ શેઠ સી.એન. વિદ્યાલયમાં થયું.

તેમણે ભણવામાં અને શાળાની દરેક ઈતર પ્રવૃત્તિઓમાં હંમેશાં અગ્રેસર રહીને શાળામાં એક અલગ છાપ ઊભી કરી હતી.

ધોરણ-૧૦ માં સમગ્ર ગુજરાત બોર્ડમાં ત્રીજું સ્થાન અને ધોરણ-૧૨માં આઠમું સ્થાન મેળવીને અમદાવાદની પ્રસિદ્ધ બી.જે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો.

M.B.B.S. થયા પછી M.D. (Medicine) નો અભ્યાસ પણ બી.જે. મેડિકલમાંથી જ પૂર્ણ કર્યો અને ત્યારબાદ અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાંથી DNB Nephrologyની ડિગ્રી મેળવી.

ઘરમાં મોટા પપ્પા ડૉ. પંકજભાઈ તથા મોટા મમ્મી ડૉ. ધર્મિષ્ઠાબેનને જોઈને બાળપણથી જ તેમની ડૉક્ટર બનવાની અદમ્ય ઈચ્છા હતી અને એ સ્વપ્ન તેમણે પૂર્ણ કર્યું અને ત્યારબાદ અમદાવાદમાં જ રહીને એક કિડની સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર તરીકે પોતાની સેવા અને કૌશલ્યનો લાભ આપવાનો તેમણે નિર્ણય કર્યો. તેઓએ શ્રેયસ ક્રોસિંગ પાસે આવેલી નવકાર હોસ્પિટલમાં પોતાની સેવાની શરૂઆત વર્ષ ૨૦૨૨થી કરી.

હાલ તેઓ વિઝિટીંગ ડૉક્ટર તરીકે વિવિધ હોસ્પિટલ અને સંસ્થાઓ જેવી કે પોલીયો ફાઉન્ડેશન, સીફા હોસ્પિટલ, તેજ હોસ્પિટલ - બોપલ, એચ.સી.જી. હોસ્પિટલ વગેરેમાં સેવા આપી રહ્યા છે.

આ ઉપરાંત અમદાવાદની બહાર મોડાસા, ઈડર, હિંમતનગરમાં પણ તેઓ કાર્યરત છે.

તેમના પત્ની ડૉ. ચાંદની શાહ પણ ઓપ્થેલ્મોલોજિસ્ટ (આંખના સર્જન) છે.

આવા તજજ્ઞ કિડની સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરનો લાભ આપણી સંસ્થાને મળી રહ્યો છે, તે સંસ્થા માટે ખૂબ ગૌરવની વાત છે.

સર્વેને આ સેવાઓનો યોગ્ય લાભ લેવા વિનંતી.

*હાલત કેવી પણ હોય, હાથમાં લીધેલ કાર્ય ચાલુ રાખો.*
*યોગ્ય સમય આવેથી,*
*ખાટી કેરી પણ મીઠા આંબામાં પરિવર્તિત થઈ જાય છે.*

## કંઈક થયું

પાણીને વોટર ભરખી ગયું
હુંડીને ચેક ભરખી ગયા.

દિવાળીને ક્રિસમસ ગળી ગયું,
કારતકને જાન્યુઆરીએ જલાવી દીધો
તિથિને તારીખે ટક્કર મારી...

ખાણું ને વાળું ડીનરની ડિશમાં ગયું

આવો ગયો, પધારો ગયું, નમસ્તે ગયું
'હાય' અને 'હલ્લો'ના હાહાકારમાં સ્નેહભીના શબ્દો ગયા

કાકા ગયા, મામા ગયા, માસા અને ફુવા ગયા,
અને એક 'અંકલ'માં એ બધા ગરકાવ થયા.

તહેવાર ગયા, ઉત્સવના વહેવાર ગયા, અને
માત્ર Party ને Celebrations રહી ગયા.

લાપસી, ખીર ને કંસાર ગયા, અને
Cake & Cocktail રહી ગયા!

માણસમાંથી માણસાઈ ને સંબંધ ગયા ને
કામ પૂરતા જ માત્ર Mobile Numbers રહી ગયા!

***પ્રેષક : નવનીત પટેલ***

## દીપોત્સવ અને નૂતનવર્ષની શુભેચ્છાઓ

# સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં જીવનપ્રેરક પુસ્તકો

| | | |
|---|---|---|
| વાત ચાલતી રહે | વર્ષા પાઠક | 250 |
| જીવનઘડતરનાં 21 મોતી | નીતેશ શાહ | 80 |
| આનંદ લહેર | સદ્‌ગુરુ | 290 |
| અંધારાં ભેદતો ઉજાસ | નાથાલાલ ગોહિલ | 180 |
| સંઘર્ષથી સિદ્ધિ સુધી | અમલા પરીખ | 120 |
| અંતરમનનો આસ્વાદ | ભૂમિકા વિરાણી | 150 |
| નારીવાદી વિચારણા | ઈલા આરબ મહેતા | 140 |
| ઘરથી ઘર સુધી | હિતેન આનંદપરા | 151 |
| ફલક | શિશિર રામાવત | 150 |
| અભાવનું ઐશ્વર્ય (પુરસ્કૃત) | ભગીરથ બ્રહ્મભટ્ટ | 100 |
| દિલકે ઝરોખોં સે | કામિની સંઘવી | 115 |
| પગલે પગલે અમીરસ | પ્રતાપભાઈ ત્રિવેદી | 140 |
| માણસાઈની કેળવણી (પુરસ્કૃત) | મનસુખ સલ્લા | 300 |
| મુક્તકંઠ | પ્રવીણ ગઢવી | 200 |
| પ્રેમ જિંદગીનું સરનામું | દિનેશ દેસાઈ | 180 |
| સફળતાનો અભિગમ | દક્ષા પટેલ, રાજેન્દ્ર પટેલ | 80 |
| સારપના સાથિયા | બાબુભાઈ સોલંકી | 120 |
| ક્રોધપુરુષ | આચાર્ય જયદર્શનસૂરિ મહારાજ | 130 |
| વિશ્વ આધુનિક કેવી રીતે બન્યું | પ્રવીણ જ. પટેલ | 200 |
| પાથેય (વ્યક્તિત્વવિકાસના લેખો) | પંકજ ઔંધિયા | 160 |
| વાટે-ઘાટે | અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | 80 |
| પ્રસંગમાધુરી | ધીરુભાઈ ઠાકર | 130 |
| મારી નોંધો પોતાના માટે | હસમુખ અઢિયા | 30 |
| મારી નોંધો પોતાના માટે (ડિલક્સ) | હસમુખ અઢિયા | 100 |
| ચરણ ના રુકે | દિલીપ રાણપુરા | 150 |
| પ્રગતિને પંથે | મૃણાલિની દેસાઈ | 55 |
| સહચિંતન | યશવન્ત મહેતા | 42 |
| લીલો ટહુકો | લાલજીભાઈ પ્રજાપતિ | 70 |
















## અન્વેષણ

**લે . પેશ કે. ભટ્ટ,**

**કિંમત: 250**

અન્વેષણ એટલે ઓડિટ. જો પોતાનું ઓડિટ કરવાનું હોય તો એ માટે પોતાના કરતાં બીજો સારો ઓડિટર કોઈ હોઈ શકે ખરો ? પોતાના જીવનનું ઓડિટ કરવાની પ્રેરણા આપતા 60 લેખોનો આ સંગ્રહ વાચકોને ખૂબ પ્રેરણા આપશે. જીવનની આસપાસની ઘટનાઓનું તર્કબદ્ધ ઓડિટ કરવાની તાજગી આપતું પુસ્તક.

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## સંસ્થા વિભાગ

**તા. ૨૮-૮-૨૦૨૪**

- સમાજ સુરક્ષા સમિતિની મીટિંગ આજે પાલડી ભવન ઉપર મળી હતી. શ્રી નિરંજન મૈશેરી, શ્રી કે.ડી. શાહ અને શ્રી નરેન્દ્ર કોઠારી હાજર હતા. સ્ટાફ અને સમાજના સભ્યની મેડિક્લેઈમની રકમની મંજૂરી આપેલ હતી.

**તા. ૧-૯-૨૦૨૪**

- આજે પાલડી ભવન ખાતે શ્રી કે.ડી. શાહ અને શ્રી દેવેશ દંડે વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૧૫ની જૂના ફાઇલો સોર્ટીંગ કરી, નિયમ પ્રમાણે જે ૭ વર્ષની ફાઈલો સાચવવાની હોય એના સિવાયની બધી ફાઈલો ડિસ્ટ્રોય કરવા મેનેજરને સોંપવામાં આવેલ હતી.

**તા. ૬-૯-૨૦૨૪**

- શ્રી વિશાલ શાહ અને શ્રી કે.ડી. શાહે આવાસ યોજનાના નવા નીતિ નિયમો અને નવનીત ભવનમાં ખાલી થયેલા ફ્લેટો માટે નવી અરજી મંગાવવા માટે નવા અરજી ફોરમેટ તૈયાર કરેલ અને 'મંગલ મંદિર'માં છપાવવા માટે મોકલી આપવામાં આવ્યા.
- આજ રોજ શ્રી નરેન્દ્ર કોઠારી, શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી કે.ડી. શાહે મેડિકલ કાર્ડ માટે અને નિયાણી બહેનો માટેના નવા નીતિ નિયમો તૈયાર કરેલ હતા.

**તા. ૧૨-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી નવીન લાલકા, શ્રી વિશાલ શાહ તથા શ્રી કે.ડી. શાહે કારોબારી, ટ્રસ્ટ બોર્ડ તથા એ.જી.એમ.ની મિનિટ્સ તૈયાર કરેલ હતી.

**તા. ૯-૯-૨૦૨૪**

- શ્રી દેવેન છેડા, શ્રી વિમેશ શાહ, શ્રી દેવેશ દંડ અને શ્રી કે.ડી. શાહે ICICI Bank ના અધિકારીઓ સાથે મીટિંગ કરેલ કે જેમાં જશોદાનગર મેડિકલ સેન્ટર માટે નવું બેંક ખાતું ખોલાવવા અને એમના (બેંક) તરફથી કઈ કઈ સેવાઓ મળી શકે તે અંગે ચર્ચા કરેલ હતી.

*જીવનમાં ક્યારે પણ મોકો મળે તો સારથી બનજો, સ્વાર્થી નહીં.*

**તા. ૧૪-૯-૨૦૨૪**

- શ્રી પ્રતાપ દંડ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ અને શ્રી ચંદ્રેશ લોડાયાએ નવનીત મેડિકલ સેન્ટર - બોપલની મુલાકાત લીધેલ હતી. ફિઝીયોથેરાપી વિભાગના એક્સ્પાન્શનના કામોનું નિરીક્ષણ કરેલ હતું. ડૉ. હિતેન્દ્ર શાહ અને ડૉ. રિદ્ધિબેન સાથે મેડિકલ સેન્ટરના ચાર્જિસ અંગે ચર્ચા કરેલ હતી.

**તા. ૧૬-૯-૨૦૨૪**

- શ્રી રમણિકભાઈ ગોસર અને શ્રી કે.ડી. શાહે આજે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની મુલાકાત લીધેલ હતી અને રીનોવેટ થયેલ બાથરૂમો (ગ્રાઉન્ડ ફ્લોર) અને બીજા માળના રૂમ નંબર ૨૧૮/૨૧૯ના રીપેર થયેલ કામનું નિરીક્ષણ કરેલ હતું. ડાયાલિસિસ સેન્ટરના પેશન્ટો સાથે સંસ્થાની સર્વિસ અંગે ચર્ચા કરેલ હતી.
- આજે સાધર્મિક સહાય સમિતિની મીટિંગ મળેલ. જેમાં શ્રી જશવંત કોઠારી, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ અને શ્રી જીતુભાઈ સંઘવી હાજર રહેલ હતા. સમાજના એક સભ્યની સહાય માટે આવેલ અરજીને મંજૂરી આપેલ હતી.
- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડે અને શ્રી વિશાલ શાહે સ્નેહ મિલનના કાર્યક્રમનું વિહંગાવલોકન કર્યું.

**તા. ૧૭-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી પ્રતાપભાઈ દંડ અને શ્રી વિશાલ શાહે ટ્રસ્ટ બોર્ડ અને કારોબારી સમિતિની મીટિંગની તારીખ અને એજન્ડા અંગે ચર્ચા કરી.

**તા. ૧૮-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ અને શ્રી વિશાલ શાહે ટ્રસ્ટ બોર્ડ અને કારોબારીની કમિટીની રચના બાબતે ચર્ચા કરી.

**તા. ૧૯-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી શાંતિલાલ સાવલા, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી વિશાલ શાહે નવનીત મેડિકલ સેન્ટર - બોપલમાં અન્ય જૈન સંઘને અપાતી મેડિકલ ફી માં રાહત આપવા ઉપર ચર્ચા કરી તેમજ પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર અને નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગરમાં વધુમાં વધુ લોકો કઈ રીતે લાભ લઈ શકે તે માટે શું પ્રયત્ન કરવા તે અંગે ચર્ચા કરી.

**તા. ૨૦-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી શાંતિલાલ સાવલા, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી વિશાલ શાહે નવનીત આવાસ અંગે ચર્ચા કરી.

**તા. ૨૧-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, શ્રી સંદીપ મહેતા અને શ્રી રોહિત સંઘવીએ સ્નેહ મિલનના જમણવાર અને શણગાર ડેકોરેટર્સના બીલ અંગે ચર્ચા કરી.

## પાલડી મેડિકલ સેન્ટર

**તા. ૧૦-૯-૨૦૨૪**

- દાંત વિભાગમાં ડૉ. નિકી દેસાઈએ રાજીનામું આપ્યા બાદ ડૉ. માધુરી ગાંધીને એપોઇન્ટ કરવામાં આવેલ છે. તેમનો સમય સવારે ૯ થી ૧૨નો છે. તેઓ પહેલા પણ આપણા સેન્ટરમાં સેવા આપી ચૂક્યા છે.

**તા. ૧૧-૯-૨૦૨૪**

- આજ રોજ મેડિકલ સમિતિની મીટિંગ મળેલ હતી. તેમાં (૧) એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂા. ૩૫ લાખનું ડોનેશન આવનાર છે. તેમાંથી પાલડી મેડિકલ સેન્ટર ખાતે નવું G.E. Wipro નું રૂા. ૨૩ લાખનું સોનોગ્રાફી મશીન અને બોપલ મેડિકલ સેન્ટર માટે એક કાર્ડિયાક Probe રૂા. ૧,૨૫,૦૦૦/-નું ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું. (૨) આંખ વિભાગમાં રૂા. ૪,૮૦,૦૦૦/-નું ઓટોરીફ્રેક્ટોમીટર અને ચશ્માના નંબર કાઢવાની ડૉક્ટર Chair રૂા. ૧,૩૦,૦૦૦/- આસપાસની કિંમતનું ખરીદવાનું નક્કી થયેલ હતું. (૩) બોપલ મેડિકલ સેન્ટર માટે ઇ.એન.ટી. વિભાગમાં Microscope, Endoscope, T.V. Camera વગેરે આશરે રૂા. ૫,૦૦,૦૦૦/-ની કિંમતનું ખરીદવાનું નક્કી થયેલ છે.

**તા. ૧૩-૯-૨૦૨૪**

- ડૉ. આકાશ પટેલ દ્વારા મોતિયાના રૂા. ૧૮,૦૦૦/-વાળા બે ઑપરેશન્સ કરવામાં આવ્યા.

**તા. ૧૬-૯-૨૦૨૪**

- મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા કેન્સર અવેરનેસ માટે પેપ્સ સ્મીઅર અને મેમોગ્રાફીની ફી માં તપાસ માટે પાંચ મહિલાઓ આવેલ છે. તે પછી ૪ ઓક્ટોબર સુધી રોજ ૪ થી ૫ બહેનો આવશે.

**તા. ૨૦-૯-૨૦૨૪**

- ડૉ. આકાશ પટેલ દ્વારા મોતિયાના રૂા. ૧૮,૦૦૦/-વાળા બે ઑપરેશન્સ કરવામાં આવ્યા.

## નવનીત મેડિકલ સેન્ટર – બોપલ

**તા. ૨૯-૮-૨૦૨૪**

- આજ રોજ ડૉ. ચાંદની અને ડૉ. પ્રકૃતિ દ્વારા મોતિયાના બે ઑપરેશન્સ કરવામાં આવેલ હતા.

**તા. ૩૦-૮-૨૦૨૪**

- આજ રોજ Eye OT માટે જરૂર જણાતા સાધનો અને મશીન લેવા અંગે ડૉ. હિતેન્દ્રભાઈ સાથે વાત થયેલ હતી.

**તા. ૩૧-૮-૨૦૨૪**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના ૩ ઑપરેશન અને ડૉ. ચાંદની દ્વારા ૧ ઑપરેશન થયેલ હતા. આજ રોજ ફિઝીયોથેરાપી માટે નવા મશીન CPM અને Parallel Bar લીધેલ હતા.
- આજ રોજ ડૉ. એશા બંસલ (જનરલ સર્જન) સાથે ડૉ. હિતેન્દ્રભાઈએ મળી, જશોદાનગર અંગે ચર્ચા કરેલ હતી.

**તા. ૨-૯-૨૦૨૪**

- આજ રોજ ઓગસ્ટ-૨૦૨૪નો મંથલી ડેટા આપેલ હતો. જેમાં ટોટલ ૬૮૮૫ દર્દીઓએ સારવાર લીધેલ હતી અને ૨૪૮ ડાયાલિસિસ થયેલ હતા.

**તા. ૬-૯-૨૦૨૪**

- આજ રોજ ત્રીજા માળે ફિઝીયોથેરાપી વિભાગનું એક્સ્પાન્શન કરવા અંગે કામ ચાલુ કરેલ હતું.

**તા. ૯-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી પ્રણવભાઈ દુધાનીયાએ બોપલ સેન્ટર ખાતે રૂા. ૨૫,૦૦૦/-નું ડોનેશન આપેલ હતું.

**તા. ૧૨-૯-૨૦૨૪**

- આજ રોજ ગુજરાત સમાચાર અને લોકલ ન્યુઝ પેપર સીટી લાઈનમાં વિવિધ વિભાગ માટે સ્ટાફ અંગે જાહેરાત આપવામાં આવેલ હતી.

*જે કાર્ય કરવાથી ઈશ્વર પ્રસન્ન રહે એ કાર્ય કોઈ પણ પૂજાથી ઓછું નથી.*

## પરમકૃપા મેડિકલ સેન્ટર – ચાંગોદર

**તા. ૨૨-૮-૨૦૨૪**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ સેન્ટરની મુલાકાતે આવ્યા અને પ્રતીક વ્યાસ સાથે કામ બાબતે ચર્ચા કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું. ડૉ. કડિયાવાલા સાથે પેશન્ટ બાબતે ચર્ચા કરી.
- આજ રોજ જયેશ સિક્યોરીટી સર્વિસની મુલાકાત લીધી અને ત્યાં દિનેશ યાદવ - કોન્ટ્રાક્ટર અને રામાભાઈ સુપરવાઈઝર સાથે મીટિંગ કરી સેન્ટર વિશે માહિતી આપી. નવા સિક્યોરીટી ગાર્ડની મેડિકલ ફિટનેસ સેન્ટરમાં કરાવવા બાબતે ભલામણ કરી.

**તા. ૨૩-૮-૨૦૨૪**

- આજ રોજ મેક્રોપોલીમર્સ કંપનીમાં શ્રી મૌલીકભાઈ અને કિટેન એન્ટરપ્રાઈઝ કંપનીમાં ચાંદનીબેન ઠક્કરને મળ્યા. અગાઉ થયેલ મીટિંગમાં મેડિકલ ફિટનેસ કરાવવા બાબતે ચર્ચા કરી. પરંતુ બંને કંપનીમાં ફેક્ટરી એક્ટ મુજબ ૩૨/૩૩ ફોર્મ તેમજ CMO ના સહી સિક્કા મેળવી લેવા જણાવવામાં આવ્યું.

**તા. ૨૪-૮-૨૦૨૪**

- આજ રોજ દીપકભાઈ ત્રિવેદી, જે જશોદાનગર સેન્ટરમાં કામ કરે છે તેમણે ચાંગોદર સેન્ટરની મુલાકાત લીધેલ હતી. ડૉ. હિતેન્દ્ર શાહના કહેવા મુજબ પ્રતીક વ્યાસે દીપકભાઈને ત્યાંના વિસ્તારમાં ડૉક્ટર અને ઇન્ડસ્ટ્રીઝમાં માર્કેટીંગ કરવા બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું.
- આજ રોજ સલામતી સિક્યોરીટી સર્વિસીસ કંપનીમાં ૩ વર્કરની મેડિકલ ફિટનેસની ફાઈલ શ્રી સંજય રાઠોડ - સુપરવાઇઝરને આપી.

**તા. ૨૯-૮-૨૦૨૪**

- આજ રોજ ચાંગોદર ખાતે વર્સેટાઇલ પેકેજિંગ કંપનીના ડાયરેક્ટર ચિંતન દોશી અને અમૂલ ઓઈલ કંપની - ચાંગોદર ખાતે કે.ડી. પ્રજાપતિ - સુપરવાઇઝર સાથે મીટિંગ કરીને સેન્ટર વિશે માહિતી આપવામાં આવી.

**તા. ૩૦-૮-૨૦૨૪**

- આજ રોજ નેસ્લે ઇન્ડિયા લિમિટેડ કંપનીના મેનેજર શ્રી હિરેન ઉદેશીએ સેન્ટરની મુલાકાત લીધેલ હતી. તેઓએ પ્રતીક વ્યાસ સાથે મીટિંગ કરી સેન્ટરની માહિતી, ચાર્જિસ, ડૉક્ટર્સના ઓ.પી.ડી. ટાઈમ વગેરે વિશે માહિતી મેળવેલ હતી. શ્રી હિરેનભાઈ ઉદેશી પોતે કચ્છી સમાજનાં હોવાથી પોતાની કંપની અને બીજી કંપનીના પણ રેફરન્સ આપીને સેન્ટરને મદદરૂપ થશે તેમ તેઓએ જણાવ્યું હતું.
- આજથી પરમકૃપા મેડિકલ સેન્ટરમાં ડૉ. ધારાબેન (ગાયનેકોલોજિસ્ટ) દ્વારા પ્રથમ પેશન્ટની એન્ટીનેટલ સોનોગ્રાફી કરીને એક નવા કામની શરૂઆત કરવામાં આવી.

**તા. ૩૧-૮-૨૦૨૪**

- આજ રોજ મંગલમ પેકેજિંગ, મેકપાવર ઇન્ડસ્ટ્રીઝ, પ્રાર્થના ઍલોય, એસ.ડી. પેઇન્ટ્સ કંપનીમાં ફરીવાર મુલાકાત લેવામાં આવી અને તેઓ સાથે પેશન્ટ મોકલવા બાબતે ચર્ચા કરવામાં આવી.

**તા. ૨-૯-૨૦૨૪**

- આજ રોજ શ્રી જયેશભાઈ મજમુદાર સેન્ટરની મુલાકાતે આવેલ હતા અને ઓર્થોપેડિક ડૉક્ટર અનિકેત શાહ પાસે સારવાર કરાવી જરૂરી બ્લડ રીપોર્ટ અને એક્સ-રે કઢાવેલ હતા.
- આજ રોજ ચાંગોદર ખાતે ૩ કંપનીની મુલાકાત લેવામાં આવી અને સેન્ટરમાં થતી સારવાર વિશે માહિતી આપવામાં આવી.

**તા. ૪-૯-૨૦૨૪**

- આજ રોજ લાલ દરવાજા જિલ્લા પંચાયત કચેરીની મુલાકાત લીધી અને PNDT ડિપાર્ટમેન્ટમાં સેન્ટરનું ઓગસ્ટ-૨૦૨૪નું એન્ટીનેટલ સોનોગ્રાફીનું ફોર્મ જમા કરાવ્યું.

**તા. ૫-૯-૨૦૨૪થી ૯-૯-૨૦૨૪**

- આ દિવસો દરમિયાન સેન્ટરના ઓગસ્ટ-૨૦૨૪ના ૧૪ કંપનીના વર્કરોની સારવારના બીલો આપવાનું કામ પૂર્ણ કર્યું.

**તા. ૧૧-૯-૨૦૨૪**

- આજ રોજ હેમટેક કંપનીના ૩ વર્કરના મેડિકલ ફિટનેસ સર્ટીફિકેટ અને રીપોર્ટ આપવાનું કામ કર્યું.
- આજ રોજ હેમા રેમેડાઈઝ અને વિમલ કંપનીનું બીલનું પેમેન્ટ લીધું.
- આજ રોજ બે કંપનીમાં મુલાકાત લીધી અને સેન્ટર વિશે માહિતી આપી.

**તા. ૧૨-૯-૨૦૨૪**

- આજ રોજ મોરૈયા ગામનાં ૬ ડૉક્ટરને મળીને સેન્ટરમાં થતી સારવાર વિશે ફરીવાર માહિતી આપી. તેમજ સોનોગ્રાફી, ૨-ડી ઈકો, બ્લડ રીપોર્ટ, પી.એફ. રીપોર્ટ વિશે માહિતી આપી.

**તા. ૧૪-૯-૨૦૨૪**

- આજ રોજ પાલડી ભવન ખાતે મુલાકાત લીધી અને મેડિસીન તેમજ પેથોલોજી ડિપાર્ટમેન્ટની માંગણી મુજબનો સામાન કિન્નરીબેન પાસેથી મેળવ્યો. ત્યારબાદ શ્રી વિશાલ શાહ સાથે સેન્ટરમાં પેશન્ટ વધવા અંગે ચર્ચા કરી અને શ્રી કિશોરભાઈની મુલાકાત લીધી.
- સલામતી સિક્યોરીટી કંપનીના ૨ વર્કરના મેડિકલ ફિટનેસની રીપોર્ટ ફાઈલ સુપરવાઇઝર સંજય રાઠોડને આપી.

## નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર

**તા. ૩૧-૮-૨૦૨૪**

- ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને સેન્ટરની કામગીરી અંગે માહિતી મેળવી હતી તથા સેન્ટરના પ્રચાર માટે શું પગલા લઈ શકાય એની ગાઈડલાઈન આપી હતી. જશોદાનગર સેન્ટરના દીપકભાઈ ત્રિવેદીને PRO તરીકે નિમણુંક કર્યા. જે વિવિધ હોસ્પિટલ તથા અલગ અલગ ડૉક્ટરને મળીને આપણા સેન્ટર વિશે માહિતી આપશે તથા Admin સ્નેહલભાઈ ભાવસારને પણ આજુબાજુની સોસાયટીના ચેરમેન-સેક્રેટરીના કોન્ટેક્ટ નંબર લઇને સેન્ટરની માહિતી આપવાનું કામ સોંપ્યું.

**તા. ૬-૯-૨૦૨૪**

- ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને કેમ્પ કરવા અંગે માર્ગદર્શન આપ્યું.

**તા. ૧૦-૯-૨૦૨૪**

- ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી અને ડૉક્ટર્સની એપોઇન્ટમેન્ટ વિશે વાતચીત કરી હતી.

**તા. ૧૪-૯-૨૦૨૪**

- જશોદાનગર સેન્ટર તરફથી ફ્રી કેમ્પના આયોજનનું પ્લાનિંગ કરવામાં આવ્યું કે જેમાં ડાયાબિટીસ, બ્લડ ગ્રુપ તથા બી.પી.ની તપાસ તથા અન્ય કોઈ પણ તકલીફ માટે માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પ તક્ષશિલા કોલોની - મણિનગરમાં યોજવામાં આવેલ છે.
- આજ રોજ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. કોમલ દવે દ્વારા ફ્રી કેમ્પનું આયોજન મણિનગર ખાતે તક્ષશિલા કોલોનિયલ્સમાં કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નિઃશુલ્ક ડાયાબિટીસ, બ્લડ ગ્રુપ તથા બી.પી.ની તપાસ કરવામાં આવી હતી. કેમ્પમાં સેન્ટરના સ્ટાફમાંથી લેબ ટેકનિશિયન અલ્પાબેન મોદી તથા મદદગાર તરીકે અનુષ્કા સોની, શૈલેષ સોલંકી તથા દીપકભાઈ ત્રિવેદીએ હાજરી આપી હતી. કેમ્પમાં કુલ ૩૭ લોકોએ લાભ લીધો હતો.

**તા. ૧૭-૯-૨૦૨૪**

- આજ રોજ બે ઓ.પી.ડી. આસિસ્ટન્ટની નિમણુંક કરવામાં આવેલ હતી.

**તા. ૧૯-૯-૨૦૨૪**

- ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી હતી તથા સેન્ટરની કામગીરી વિશે વિસ્તારથી માહિતી મેળવી હતી. તા. ૧૯-૯-૨૪ના રોજ સેન્ટરના Admin સ્નેહલભાઈ ભાવસારે સોસાયટીની મુલાકાત લઈ સેન્ટરની અવૅરનેસ વધારવાની કામગીરી શરૂ કરી હતી. તેમણે અલગ અલગ ૧૦ સોસાયટીઓમાં જઇને સેન્ટર વિશે માહિતી આપી હતી.
- આજ રોજ એક કાઉન્ટર ક્લાર્ક અને એક લેબ ટેકનિશિયનની નિમણુંક કરવામાં આવેલ હતી.

**તા. ૨૦-૯-૨૦૨૪**

- આજ રોજ સેન્ટરમાં નવા ગાયનેકોલોજિસ્ટ ડૉ. શાલીન જૈનની નિમણુંક કરવામાં આવી. એમની ઓ.પી.ડી. સોમ-મંગળ-ગુરૂ-શુક્ર સાંજે ૫.૦૦થી ૬.૩૦ શરૂ કરવામાં આવી.

**તા. ૨૧-૯-૨૦૨૪**

- આજ રોજ ડેન્ટલ વિભાગમાં ડૉ. કૃપા (BDS) ની નિમણુંક કરવામાં આવેલ હતી.

**તા. ૨૨-૯-૨૦૨૪**

- આજ રોજ જીવનધારા વૃદ્ધાશ્રમ - લાંભાના ટ્રસ્ટી તથા એમના સ્ટાફે જશોદાનગર સેન્ટરની મુલાકાત લીધી તથા ડૉ. કોમલ પાસેથી સેન્ટરની સુવિધાઓ વિશે માહિતી મેળવી.

**તા. ૨૪-૯-૨૦૨૪**

- EYE OT માં AIR CURTAIN લગાવવા તથા ક્વોટેશન અંગે ડૉ. હિતેન્દ્ર શાહ સાથે ચર્ચા થયેલ હતી. ■

# અતીતના ઓવારેથી.... : મણકો-૧૪

*'મંગલ મંદિર'ના સપ્ટેમ્બર ૨૦૨૪ના અંકમાં "અતીતના ઓવારેથી" કોલમના મણકા નંબર ૧૩ માં આપણે વર્ષ ૨૦૦૫-૨૦૦૬થી વર્ષ ૨૦૦૯-૨૦૧૦ સુધીના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યોના નામથી પરીચિત થયા.*

*આ સમય દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અગાઉના વર્ષો દરમિયાન કરવામાં આવેલ કાર્યવાહી જેવી જ ઉત્તમ કક્ષાની રહેવા પામેલ હતી.*

*એ સમયની સમાજની જનરલ કાર્યવાહીનો ખ્યાલ આવે એ હેતુથી અત્રે 'મંગલ મંદિર'ના જાન્યુઆરી-૨૦૦૪ અને ફેબ્રુઆરી-૨૦૦૫માં પ્રસારિત કરવામાં આવેલ 'માસિક અહેવાલ' અત્રે વાચકવર્ગની જાણકારી માટે પ્રસ્તુત કરવામાં આવેલ છે.*

*આ અહેવાલના વાંચન બાદ 'મંગલ મંદિર'નો કોઈ પણ વાચક સમાજની આ પ્રકારની અગાઉની કાર્યવાહીથી પણ જરૂરથી અભિભૂત થઈ શકશે!*

*– તંત્રી મંડળ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ : ડિસેમ્બર-૨૦૦૪

- **તા. ૧-૧૨-૦૪**

  મુંબઈથી શ્રી બંસીલાલ મગનલાલ ગડા શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પધારેલ હતા. મુંબઈમાં રચવામાં આવનાર 'અતિથિ ભવન' માટે જમીન સંપાદન પ્રક્રિયા માટે તેમની સાથે ચર્ચા થઈ. ભાડા તેમજ મુંબઈની બંધ થયેલ મિલોની જમીન સંપાદન પ્રક્રિયા અંગે ચર્ચા કરવામાં આવી.

- **તા. ૩-૧૨-૨૦૦૪**

  વાગડ સર્વોદય હોસ્પિટલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી રતનશીભાઈ તથા શ્રી લીલાધર ગડા તથા શ્રી રાજેન્દ્ર પાસડ આજે શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ - સી.આઈ.આઈ. દ્વારા તેમને એમ્બ્યુલન્સ વાન ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે આઈ.આઈ.એમ.માં અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે તેઓના આમંત્રણથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના લગભગ ૧૫ જેટલા ટ્રસ્ટી તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહેલ હતા. બાદમાં શ્રી રતનશીભાઈ, શ્રી લીલાધરભાઈ તથા શ્રી રાજેન્દ્રભાઈને 'કચ્છી વિશ્રામ ગૃહ'નું નિરીક્ષણ કરવા લઈ જવામાં આવેલ હતા.

- **તા. ૪-૧૨-૨૦૦૪**

★ આજે શ્રી હંસરાજભાઈ ધોળુ સાથે શ્રી કચ્છી જૈન ભવન પર એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. ડો. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હીરજીભાઈ, શ્રી મુળજીભાઈ, શ્રી મણિલાલભાઈ ગોસર વગેરે આ મિટીંગમાં ઉપસ્થિત રહેલ હતા. શ્રી હંસરાજભાઈ સાથે નર્મદા નદીના સિંચાઈના પાણી તથા રણ સરોવર બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓએ અગાઉ અપાયેલ ડી. ટી. બૂચનો આ અંગેનો રીપોર્ટ રીફર કરી જવા ભલામણ આપેલ હતી. આ પ્રસંગે અંજારથી પધારેલ ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી નેમજીભાઈ કેનીયા પણ ઉપસ્થિત રહેલ હતા.

★ આયુર્વેદ કેમ્પ માટેની દવાઓ ખરીદવા માટે સંસ્થાની પરચેઝ કમિટીની મીટિંગ આજે મળી હતી.

- **તા. ૫-૧૨-૨૦૦૪**

  આજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિટીની એક મીટિંગ જરૂરી પ્રશ્ને નિર્ણયો લેવા મળેલ હતી. આ મીટિંગ બાદ શ્રી દામી રાંભિયા સાથે એક મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું. જે સમયે અનેક ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહેલ હતા. શ્રી દામી રાંભિયા હાલે અમેરિકાથી અત્રે પધારેલ છે અને તેઓ ભૂતકાળમાં ૮ વર્ષ સુધી (૧૯૬૧થી ૧૯૬૮) દરમિયાન અમદાવાદ રહી ચૂકેલ છે. તે સમયે ૧૯૬૩માં આ સંસ્થાની પુરોગામી સંસ્થા 'કચ્છી વીસા ઓસવાલ મિત્ર મંડળ'ની સ્થાપના કરવામાં તેમનો પણ શ્રેય હતો. શ્રી દામી રાંભિયા સાથે અનેકવિધ પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. ત્યારબાદ તેઓશ્રીને 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ'ની મુલાકાતે પણ લઈ જવામાં આવેલ હતા.

- **તા. ૬-૧૨-૨૦૦૪**

  કેન્ટીનને લગતા પ્રશ્નોની ચર્ચા વિચારણા માટે કેન્ટીન કમિટીની મીટિંગ આજે મળી હતી. જેમાં કન્વીનર શ્રી મણિલાલ ગોસર, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે. ડી. શાહ,

શ્રી રમણિકલાલ ગોસર, શ્રી બાબુભાઈ, શ્રી રવિલાલ પારેખ હાજર રહેલ હતા.

- **તા. ૭-૧૨-૨૦૦૪**

આજે 'કચ્છ રચના'ના તંત્રી શ્રી ભવાનજીભાઈ ગાલા 'શ્રી કચ્છી જૈન ભવન' પર પધારેલ હતા. આ સંસ્થા દ્વારા ગત તા. ૫-૯-૨૦૦૪ના મુંબઈમાં યોજાયેલ સેમિનાર વિષે તથા અન્ય અનેક પ્રશ્નો બાબતે તેમની સાથે સૌજન્યસભર વાતાવરણમાં ચર્ચા કરવામાં આવેલ હતી. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી મુળજી નરશી શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર વગેરે કાર્યકરો આ સમયે ઉપસ્થિત રહેલ હતા.

- **તા. ૮-૧૨-૨૦૦૪**

★ ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડે કચ્છના સર્વાંગી વિકાસ માટે જે એજન્સીને સર્વે કરવાનું કામ સોંપેલ છે તે 'દલાલ મેક મેકડોનાલ્ડ'ના પ્રતિનિધિ શ્રી વિવેકાનંદ ગુપ્તા તથા શ્રી એ.પી.ટી. પારાશર શ્રી કચ્છી જૈન ભવન પર આ બાબતે ચર્ચા કરવા આવેલ હતા. પાલનપુર - ગાંધીધામ બ્રોડગેજ લાઈન, ભુજ - નલીયા બ્રોડગેજ લાઈન, ગાંધીધામ - મુંદ્રા - માંડવી - નલીયા બ્રોડગેજ લાઈન, રાપર વિભાગને રેલવે, અબડાસા વિસ્તારમાં રસ્તાઓની સુવિધા, કંડલા એરપોર્ટ પર એરલાઈન્સની સેવા, ઈન્ડસ્ટ્રીઝ માટે સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કચ્છી કારીગરો પેદા કરવા નાના-મોટા ટેકનિકલ કોર્સ વગેરે અનેક વિષયે તેમની સાથે ચર્ચા કરવામાં આવેલ હતી. આ સમયે ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપ નારાણજી દંડ ઉપસ્થિત રહેલ હતા.

★ આજે ગુજરાત વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી ધીરુભાઈ સાથે તેમના નિવાસસ્થાને એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. ગાંધીધામમાં ભવિષ્યમાં ચાલુ ઈન્ડસ્ટ્રીઝના પ્રશ્નો તથા એક ઈન્ડસ્ટ્રીયલ સેમિનાર યોજી શકાય કે નહીં તેની વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી. તેઓશ્રી સાથે કચ્છ યુનિવર્સિટીના પ્રશ્નો માટે શિક્ષણ પ્રધાન શ્રીમતી આનંદીબહેન પટેલ, ભુજની જી. કે. જનરલ હોસ્પિટલના પ્રશ્નો માટે આરોગ્ય પ્રધાન શ્રી આઈ. કે. જાડેજા તથા નર્મદાના વધારાના પાણી તેમજ વરસાદી પાણીના આયોજનો માટે સિંચાઈ પ્રધાન શ્રી નરોત્તમભાઈ પટેલ સાથે અલગ અલગ સમયે મીટિંગોના આયોજનો બાબતે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. આ મીટિંગમાં ડો. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ ઉપસ્થિત રહેલ હતા.

- **તા. ૯-૧૨-૨૦૦૪**

મ્યુનિસિપાલીટીમાં પ્લાનો પાસ કરાવવાનું કાર્ય કરતાં શ્રી કે. કે. ગજ્જર સાથે શ્રી કચ્છી જૈન ભવન પર ચર્ચા કરવામાં આવેલ હતી. ગીતા મંદિર પરના 'સેવા ભવન' તથા પાલડીના 'શ્રી કચ્છી જૈન ભવન' પરના જરૂરી ફેરફારીકરણ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ચર્ચા વિચારણાને અંતે આ નિર્ણયો અનુસાર વધુ વિગતો તથા સ્કેચીસ તૈયાર કરવાનું શ્રી કે. કે. ગજ્જરને સુપ્રત કરવામાં આવેલ હતું. આ મીટિંગમાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હીરજી પાસુ શાહ ઉપસ્થિત રહેલ હતા.

- **તા. ૧૧-૧૨-૨૦૦૪**

સરદાર સરોવર નર્મદા નિગમના ગાંધીધામ ખાતેના સુપ્રિન્ટેન્ડીંગ એન્જિનિયર શ્રી કે. જે. ત્રિવેદી દ્વારા માહિતી આપવામાં આવેલ હતી કે ગત તા. ૯-૧૨-૨૦૦૪ના હાઈકોર્ટમાં કચ્છ જળસંકટ નિવારણ સમિતિએ દાખલ કરેલ કેસ ચાલેલ હતો અને તેમાં નામદાર ન્યાયમૂર્તિઓને ટેકનિકલ તથા ઈકોનોમિકલ બાબતે સલાહ આપવા તટસ્થ તજજ્ઞોની એક સમિતિની રચના કરવાનું નામદાર ન્યાયમૂર્તિઓ તરફથી સૂચન હતું કે જેનો બંને પક્ષોએ સ્વીકાર કરેલ હતો. હવે આ બાબતે એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવનાર છે.

- **તા. ૧૨-૧૨-૨૦૦૪**

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ માટેના એક દાતા શ્રી પારસ પદમશી લોડાયા (મુંબઈ) તેમજ કચ્છ પેસેન્જર એસોસિએશનના સભ્ય શ્રી પ્રબોધ મુનવરે આજે પાલડી ભવનની મુલાકાત લીધેલ હતી.

- **તા. ૧૪-૧૨-૨૦૦૪**

શ્રી કચ્છી જૈન ભવન, પાલડીના મકાનના રીપેરીંગ કામ અંગે વિચારણા કરવા ભવન કમિટીની એક બેઠક આજે મળી હતી.

- **તા. ૧૪-૧૨-૨૦૦૪ અને ૧૫-૧૨-૨૦૦૪**

મુંબઈમાં સૂચિત અતિથિ ભવન માટે જગ્યા / પ્લોટની તલાશ માટે શ્રી હીરજી પાસુભાઈ શાહ તેમજ શ્રી મુરજી નરશી લોડાયાએ બે દિવસ માટે મુંબઈની મુલાકાત લીધી હતી અને એ માટે સ્થાનિક કેટલાક લોકોનો સંપર્ક કરેલ હતો.

- **તા. ૧૫-૧૨-૨૦૦૪**

★ આજે કચ્છ જળ સંકટ નિવારણ સમિતિના નર્મદા નિગમ તથા ગુજરાત સરકાર શ્રી સામેના હાઈકોર્ટના કેસની તારીખ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કે. ડી. શાહ તથા શ્રી બાબુભાઈ કે. મહેતા આ સમયે ઉપસ્થિત રહેલ હતા. ફરી આ કેસની તારીખ ૨૯-૧૨-૨૦૦૪ની પડેલ હતી.

★ માંડવી વિભાગના ભૂતપૂર્વ ધારાસભ્ય તથા ગુજરાત રાજયના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાના માતુશ્રીનું અવસાન અગાઉ તા. ૨૬-૧૧-૨૦૦૪ના માંડવીમાં થયા બાદ શ્રી સુરેશચંદ્ર મહેતા ગાંધીનગર આવી જવાથી તેમને મળવા પંદરેક સભ્યોનું એક પ્રતિનિધિમંડળ તેમને ત્યાં ગયેલ કે જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના આગેવાનો, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આગેવાનો, મુંબઈથી પધારેલ શ્રી ક.જૈ.સે.સ.ના એક કાયમી ટ્રસ્ટી શ્રી જગશી જેઠાભાઈ છેડા તથા માંડવી વિભાગના હાલના ધારાસભ્ય શ્રી છબીલદાસ પટેલનો પણ સમાવેશ થયેલ હતો.

● **તા. ૧૭-૧૨-૨૦૦૪**

★ આજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં મેડિકલ સેન્ટરને લગતા અનેક પ્રશ્નોની ચર્ચા કરી, નિર્ણયો લેવામાં આવેલ હતા. આ સેન્ટરમાં વિઝીટ પર આવતા ડોક્ટરોના રેમ્યુનરેશનમાં ઘણાજ લાંબા સમયથી વધારો કરવામાં આવેલ ન હોવાથી તે બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. ઈ-સ્કેન મશીનની ખરીદી માટે ટ્રસ્ટ મંડળને ભલામણ કરવાનો નિર્ણય પણ કરવામાં આવેલ હતો. આ મીટિંગમાં ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશોક મહેતા, શ્રી અશ્વિન સાવલા, શ્રી રજનીભાઈ પારેખ તથા ડૉ. એમ. વી. શાહ ઉપસ્થિત રહેલ હતા.

★ આજે 'ક્રિષ્ના હાર્ટ અને મલ્ટીસ્પેશ્યાલિટી ઈન્સ્ટિટ્યૂટ'નું એક પ્રતિનિધિમંડળ મેડિકલ સમિતિની ચાલુ મીટિંગ દરમ્યાન ભવનની મુલાકાતે આવેલ હતું કે જેમાં આ ઈન્સ્ટિટ્યૂટના ડૉ. અતુલ ચોક્સી (ચેરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર), ડૉ. અનિમેષ ચોક્સી (જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર) તથા શ્રી અશેષ શાહ (એક્ઝીક્યુટીવ વાઈસ ચેરમેન)નો સમાવેશ થયેલ હતો. ક્રિષ્ના હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ કોઈ શક્ય રીતે શ્રી ક.જૈ.સે.સ.ના મેડિકલ સેન્ટર સાથે સહયોગ સાધવા તૈયાર છે તેવી પ્રપોઝલ સાથે તેઓ અત્રે પધારેલ હતા. સમાજનું એક પ્રતિનિધિ મંડળ ક્રિષ્ના હાર્ટ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાતે ગુરૂવાર તા. ૨૩-૧૨-૨૦૦૪ના રોજ જાય તેવું નક્કી કરવામાં આવેલ હતું.

● **તા. ૧૯-૧૨-૨૦૦૪**

આજે શ્રી કચ્છી જૈન ભવનના મેડિકલ સેન્ટરમાં ફ્રી ડાયાબિટીસ કેમ્પ તથા ફ્રી આયુર્વેદ કેમ્પ યોજવામાં આવેલ હતા. ડાયાબિટીસ કેમ્પનો ૧૧૦ વ્યક્તિઓએ તથા આયુર્વેદ કેમ્પનો ૬૩ વ્યક્તિઓએ લાભ લીધેલ હતો. (વિગતવાર અહેવાલ આજ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે.)

● **તા. ૨૦-૧૨-૨૦૦૪**

આજે એક પ્રતિનિધિ મંડળ 'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સીલ'ના નેજા હેઠળ શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની મુલાકાતે ગાંધીનગર ગયેલ હતું કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી હરસુખરાય ધોળકિયા, શ્રી મુરજી નરશી શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર તથા શ્રી હીરજી પાસુ શાહનો સમાવેશ કરવામાં આવેલ હતો. કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર વહેલી તકે નિમાય, કચ્છની સરકારી માધ્યમિક શાળામાં ૨૯૫ શિક્ષકોની સામે ૨૦૭ શિક્ષકો છે કે જે સામે ૮૮ શિક્ષકોની ભરતી કરવા તેમજ કચ્છની ઉચ્ચ માધ્યમિક સરકારી શાળામાં ૧૩૫ શિક્ષકોની સામે ૧૦૬ શિક્ષકો છે કે જે સામે ૨૯ શિક્ષકોની ખાલી જગ્યા પર ભરતી કરવા વગેરે પ્રશ્નો આ પ્રતિનિધિ મંડળે રજૂ કરેલ હતા. શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવેલ કે (૧) કચ્છના કલેક્ટર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની જવાબદારી નિભાવે છે, તેથી યુનિવર્સિટીના કોઈ કામોમાં રૂકાવટ નહીં આવે પરંતુ કોઈ કચ્છી સાક્ષરના, આ પદવી લાયક નામો આપણે સૂચવી શકીએ તો તેઓ જરૂરથી વિચારશે. (૨) કચ્છમાં માઈનિંગ, જીઓલોજી, ઓસીનેશન વગેરે ફેકલ્ટી સરકાર ચાલુ નહીં કરે પરંતુ આ માટે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને તેઓ જરૂરથી પ્રોત્સાહન આપશે. (૩) કચ્છની સરકારી માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ભુજના એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જની મદદ લઈ આવતા એક મહિનામાં ઓછા પડતા શિક્ષકોની ભરતી કરી દેવામાં આવશે. (૪) અન્ય સ્કૂલો કે જે સરકારી ગ્રાન્ટ મેળવે છે તેમને પણ ઓછા પડતા શિક્ષકોની ભરતી કરવાનું જણાવી દેવામાં આવેલ છે.

ત્યારબાદ આ પ્રતિનિધિ મંડળે જળસિંચાઈ તથા પાણી પુરવઠા મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલની મુલાકાત લીધેલ હતી કે જ્યારે માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી છબીલદાસ પટેલ પણ ઉપસ્થિત રહેલ હતા. કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણી અંગેના આયોજનો વિષે વિવિધ ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી નરોત્તમભાઈ પટેલે જણાવેલ કે (૧) કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ આ બાબતે સર્વે કરી યોગ્ય સૂચનો કરશે તો તેને જરૂરથી આવકારવામાં આવશે. (૨) કચ્છીઓ આ કચ્છ બ્રાંચ કેનાલ વગેરે કાર્યોમાં પૈસા રોકે તો કામ ઝડપી બનશે અને તે આવકારપાત્ર રહેશે. આ અંગેની શરતો અને સૂચનો આવકાર્ય રહેશે તેવું પણ તેમણે જણાવેલ હતું.

ત્યારબાદ આ પ્રતિનિધિ મંડળે સિંચાઈ વિભાગના સચિવ શ્રી એમ. એસ. પટેલની મુલાકાત લીધેલ હતી. તે સમયે વોટર સપ્લાય ડિપાર્ટમેન્ટના ચીફ એન્જિનિયર શ્રી સી. વી.

નાડપારા તથા કચ્છ સિંચાઈ વર્તુળના અધિક્ષક એન્જિનિયર શ્રી બી. એસ. પટેલ પણ ઉપસ્થિત રહેલ હતા.

અગાઉ તેઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી માંડવી, મુંદ્રા તથા અબડાસા તાલુકાના જે ૨૯૦ ચેક-ડેમોના લોકેશન્સ જણાવવામાં આવેલ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તરફથી શેલો સેન્ડસ્ટોન તથા બાલાસ્ટના ખડકોના વિભાગની પટ્ટી પર આવેલ ૯ તાલુકાના જે ૧૭૮ ગામોના નામો સૂચવવામાં આવેલ તેના પર આગળની કાર્યવાહી કરવાનું તેઓએ સ્વીકારેલ હતું અને તે પ્રમાણે કાર્યવાહી કરવાની તેઓએ સૂચના પણ આપી દીધેલ હતી.

વધારાના પાણી માટે અત્યારે માંડવીના મોડકૂવા પાસેથી જે વધારાની કેનાલ અબડાસા તાલુકાના વડજર ગામ સુધી લઈ જવાનું સૂચન છે તેને નારાયણ સરોવર તથા લખપત સુધી લંબાવવાનું સૂચન પણ તેઓએ સ્વીકારેલ હતું.

શ્રી છબીલદાસ પટેલના સૂચન અનુસાર ધોળાવીરા તથા ખાવડા વચ્ચે ચેક-ડેમ તથા રસ્તો બાંધી, તે વિભાગમાં બનતા સરોવર માટેના સૂચન માટે શક્યતા તપાસવાની તેઓએ ખાતરી ઉચ્ચારેલ હતી.

આવતા બાર માસમાં સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ રૂા. ૧૭૮ કરોડના ખર્ચે દરિયા કિનારા પરની વિવિધ નદીઓના મુખ પર ૩૮ બંધારા તથા ૧૪ ભરતી નિયંત્રકોના કામ પૂર્ણ કરવાની તથા અગત્યના ધોરણે તે કામો હાથ પર લેવાની તેમણે ખાતરી ઉચ્ચારેલ હતી.

રણ સરોવર અંગેના સૂચનો મોકલી આપવાનું શ્રી એમ. એસ. પટેલે જણાવેલ હતું કે જેનો આ પ્રતિનિધિ મંડળે સ્વીકાર કરેલ હતો.

શ્રીમતી આનંદીબહેન પટેલ તથા શ્રી નરોત્તમભાઈ પટેલ સાથેની મીટિંગો શ્રી ધીરુભાઈ શાહના પ્રયાસોથી યોજી શકાયેલ હતી.

શ્રી એમ. એસ. પટેલ સાથેની મીટિંગ માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી છબીલદાસ પટેલના સહયોગથી યોજી શકાયેલ હતી.

- **તા. ૨૨-૧૨-૨૦૦૪**

આજે મુંબઈથી શ્રી લેક્ષ જૈન વગેરે ૪ વ્યક્તિ તથા ભુજથી શ્રી તારાચંદ છેડા વગેરે લાખાપરની કોલ ફેક્ટરીના અનુસંધાને ગાંધીનગરમાં ચર્ચા કરવા તથા કોર્ટના કામકાજ અંગે અમદાવાદ આવેલ હતા ત્યારે તેઓશ્રી સાથે આ બાબતે વિગતવાર ચર્ચા થઈ અને તેઓએ આ કોલ ફેક્ટરીના કારણે પર્યાવરણ પર થતી અસરો તથા આ ફેક્ટરી જે ભૂજળ ખેંચી લે છે તેની સવિસ્તાર માહિતી આપેલ હતી.

- **તા. ૨૩-૧૨-૨૦૦૪**

આજે શ્રી કચ્છી જૈન સેવા સમાજના એક પ્રતિનિધિ મંડળે બોપલ - ઘૂમામાં આવેલ 'ક્રિષ્ના હાર્ટ અને મલ્ટીસ્પેશ્યાલિટી ઈન્સ્ટિટ્યૂટ'ની મુલાકાત લીધેલ હતી. આ પ્રતિનિધિ મંડળમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે. ડી. શાહ, ડૉ. હિમાંશુ શાહ, શ્રી અશ્વિન સાવલા, શ્રી રજનીભાઈ શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી બાબુભાઈ કે. શાહનો સમાવેશ થયેલ હતો. ક્રિષ્ના હાર્ટ હોસ્પિટલના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર ડૉ. અનિમેષ ચોક્સીએ સાથે રહીને આ આખી હોસ્પિટલની તેમજ તેના એક એક વિભાગની મુલાકાત લેવડાવી દરેકની સવિસ્તાર માહિતી આપેલ હતી.

આ ઈન્સ્ટિટ્યૂટ અદ્યતન તથા ખૂબજ ઉચ્ચ મેડિકલ સાધનોથી સજ્જ છે તેમજ અહીંની ચોક્સાઈ તથા ચોખ્ખાઈ ખૂબજ સારી છે.

આ સમયની મીટિંગમાં તેઓના ચેરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર ડૉ. અતુલ ચોક્સી, વાઈસ ચેરમેન શ્રી અશેષ શાહ, આજે જ અમેરિકાથી પધારેલ ડૉ. મેહુલ શાહ તથા ડૉ. અનિમેષ ચોક્સી ઉપસ્થિત રહેલ હતા.

તેઓએ જણાવેલ કે અમેરિકાના ૧૦૮ ઈન્ડિયન ડોક્ટરોએ પોતાનો હિસ્સો આપી આ કોર્પોરેટ હોસ્પિટલ અહીંના લોકોની માત્ર ઉચ્ચ પ્રકારની સેવા કરવાની ભાવનાથી બનાવેલ છે. બંને સંસ્થા સેવાભાવી સંસ્થા હોવાથી ભવિષ્યમાં શક્ય યોગ્ય રીતે સંયોજિત થઈ સેવાના કાર્યો કરવા જોઈએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજનું પ્રતિનિધિ મંડળ તેઓની ભાવના સાથે સહમત થયેલ હતું અને ભવિષ્યમાં કઈ રીતે સાથે રહીને કાર્યો કરી શકાય તેની વિગતો ઘડી રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **તા. ૨૪-૧૨-૨૦૦૪**

આજે મેડિકલ સમિતિની મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર યોજવામાં આવેલ હતી. જેમાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી અશ્વિનભાઈ સાવલા તથા ડૉ. વી. એમ. શાહ ઉપસ્થિત રહેલ હતા. પેથોલોજી લેબોરેટરીની કાર્યવાહી અંગે પેથોલોજી લેબોરેટરીનો ચાર્જ સંભાળતા ડૉ. શિરીષભાઈ તથા ડૉ. દિલીપભાઈ સાથે ચર્ચા કરવામાં આવી. ક્રિષ્ના કાર્ડિયોલોજી ઈન્સ્ટિટ્યૂટ સાથે કઈ રીતે સહયોગ થઈ શકે તેની ચર્ચા વિચારણા કરવામાં આવી અને માર્ચ-૨૦૦૫ની શરૂઆતમાં તેઓના સહયોગથી એક કાર્ડિયાક કેમ્પ શ્રી કચ્છી જૈન ભવન પર રાખવાનું નક્કી કરવામાં આવ્યું. ફેબ્રુઆરી-૨૦૦૫ના આખા મહિના દરમિયાન ફુલ બોડી

ચેક-અપ કેમ્પ રાખવાનું નક્કી કરવામાં આવ્યું અને આ કેમ્પના દર્દીઓ પાસેથી રૂા. ૨૫૦/-ના બદલે રૂા. ૧૨૫/- લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. મેડિકલ સેન્ટરમાં સેવા આપતા કન્સલ્ટીંગ ડોક્ટરોના રેમ્યુનરેશનની સુધારણા અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **તા. ૨૫-૧૨-૨૦૦૪**
  આજે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની શિક્ષણ સમિતિની એક મીટિંગ યોજવામાં આવેલ હતી કે જેમાં પ્રો. જીતેન્દ્ર અંતાણી, શ્રી હરસુખરાય ધોળકિયા, શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી અશોકભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની નિમણુંક વગેરે બાબતો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી અને તે બાબતે જરૂરી કાર્યવાહી શિક્ષણમંત્રીશ્રી વગેરે સાથે કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **તા. ૨૬-૧૨-૨૦૦૪**
  આજે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની એક જનરલ સભા બોલાવવામાં આવેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી હસમુખ ગઢેચા, શ્રી રસીકભાઈ મામતોરા, શ્રી કોમલ છેડા, પ્રો. જીતેન્દ્ર અંતાણી, શ્રી કાંતિભાઈ પી. પેથાણી તથા શ્રી કે. ડી. શાહ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં શિક્ષણ, ઉદ્યોગ, સ્વાસ્થ્ય, વરસાદી પાણી તથા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની કાર્યવાહી માટે ફંડ રેઈઝીંગ વગેરે વિષયોની ચર્ચા કરવામાં આવેલ હતી. એપ્રિલ-૨૦૦૫ દરમિયાન ગાંધીધામ ખાતે ઈન્ડસ્ટ્રીયલ સેમિનાર યોજવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું. બપોર પછી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સીલના સભ્યો સાથે તેની સલાહકાર સમિતિની મીટિંગ બોલાવવામાં આવેલ હતી કે જેમાં સલાહકાર સમિતિના એકમાત્ર સભ્ય શ્રી ધીરુભાઈ શાહ ઉપસ્થિત રહેલ હતા. આ સભામાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે અત્યાર સુધી કરેલ કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવેલ હતી અને તેની ભવિષ્યની કામગીરી માટે શ્રી ધીરુભાઈ શાહે અનેક સૂચનો કરેલ હતા અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડેલ હતું.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ : જાન્યુઆરી-૨૦૦૫

- **તા. ૨૮-૧૨-૨૦૦૪**
  શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતા મેડિકલ સેન્ટરના વિઝીટીંગ ડોક્ટરોના રેન્યુમરેશન રીવાઈઝ કરવા માટે ચર્ચા વિચારણા કરવા એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિન સાવલા તથા શ્રી કે. ડી. શાહ ઉપસ્થિત રહેલ હતા અને આ બાબતે સર્વસાધારણ નિયમો તથા રીવાઈઝ્ડ રેન્યુમરેશન નક્કી કરી શકાયેલ હતા.

- **તા. ૨૯-૧૨-૨૦૦૪**
  તા. ૨૬-૧૨-૨૦૦૪ના દક્ષિણ ભારત તથા દક્ષિણ એશિયાના અનેક દેશોમાં આવેલ સુનામી મોજાના પરિણામો બાબતે તથા રાહતકાર્ય માટે ચર્ચા કરવા એક અવિધિસરની મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી નવીનભાઈ પોલડિયા તથા શ્રી રાજુ ગાલા ઉપસ્થિત રહેલ હતા.

- **તા. ૨-૧-૨૦૦૫**
  આજે શ્રી કચ્છી જૈન ભવન પર દક્ષિણ ભારતના સુનામી પિડીતોના રાહત માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ તથા આમંત્રિતોની એક સંયુક્ત સભા યોજવામાં આવેલ હતી અને સુનામી પીડિતોના રાહત માટે એક ફંડ એકત્રિત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ ફંડની શરૂઆત કરતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના રૂા. ૨.૫૧ લાખ તથા નવનીત ગ્રુપના રૂા. ૧.૨૧ લાખ જાહેર કરવામાં આવેલ હતા. ત્યારબાદ આ ફંડના યોગ્ય વપરાશ માટે શ્રી હસમુખભાઈ ગઢેચાના કન્વીનરપણા હેઠળ એક સમિતિની રચના કરવામાં આવેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી નવીનભાઈ પોલડિયા તથા શ્રી કે. આર. શાહનો સમાવેશ કરવામાં આવેલ હતો.

- **તા. ૩-૧-૨૦૦૫**
  આજે મેડિકલ સમિતિની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર રાત્રે ૯.૦૦ વાગ્યે મળેલ હતી કે જેમાં ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા તથા ડૉ. વી. એમ. શાહ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં મેડિકલ સેન્ટરને લગતી કેટલીક જરૂરી રૂટીન ચર્ચા કરવામાં આવેલ હતી.

- **તા. ૯-૧-૨૦૦૫**
  આજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક રેગ્યુલર મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના ડોક્ટરોના રીવાઈઝ્ડ રેન્યુમરેશન, ફિઝીયોથેરાપી, આયુર્વેદ તથા હોમિયોપેથ

વિભાગને બેઝમેન્ટમાં કરવા બાબતે, ફેબ્રુઆરી-૨૦૦૫ના સમગ્ર મહિના દરમિયાન ફુલ બોડી ચેક-અપ કેમ્પ યોજવા બાબતે તથા ઈમ્પેક્ટ ફી બાબતે યોગ્ય ચર્ચા વિચારણા કરી, નિર્ણય લેવામાં આવેલ હતા.

- **તા. ૧૦-૧-૨૦૦૫**

શ્રીમતી મેનકા ગાંધીની પર્યાવરણ બાબતે ભુજ - કચ્છમાં યોજાયેલ રેલીમાં સમાજના એક ટ્રસ્ટી શ્રી હીરજી પાસુ શાહે હાજરી આપી હતી.

- **તા. ૧૧-૧-૨૦૦૫**

કચ્છની જમીનના લેન્ડ રેવન્યુના વિવિધ પ્રશ્ને ચર્ચા કરવા તથા તેના કાયમી નિરાકરણ અંગે ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશભાઈ મહેતા સાથે એક મીટિંગમાં ચર્ચા વિચારણા કરવામાં આવેલ અને આ બાબતે વિવિધ ચર્ચા કરવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી અશોકભાઈ મહેતા અને કચ્છથી શ્રી શશીકાંત ઠક્કર હાજર રહ્યા હતા. માંડવી વિભાગના ધારાસભ્ય શ્રી છબીલદાસ પટેલ સાથે ગડુલી - સાંતલપુર રોડ તથા નર્મદા નદીના વધારાના પાણીના સંગ્રહ માટે પણ શ્રી શશીકાંતભાઈ ઠક્કર અને શ્રી અશોકભાઈ મહેતાએ ચર્ચા કરી હતી.

- **તા. ૧૭-૧-૨૦૦૫**

★ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની સલાહકાર સમિતિના એક સભ્ય શ્રી પ્રેમજી વિઠ્ઠલદાસ ઠક્કર તથા શ્રી નાનજી સુંદરજી સેજપાલે (ભીવંડીવાલા) શ્રી કચ્છી જૈન ભવનની આજે મુલાકાત લીધેલ હતી. તેઓ શ્રી કચ્છી જૈન ભવન પર ચાલતા મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિ જોઈને પ્રભાવિત થયેલ હતા અને ગાયનેક કેમ્પ રાખવાની ભલામણ કરેલ હતી. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી મણિલાલ કુંવરજી ગોસર વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★ શ્રી અંજાર જૈન ભૂકંપ પીડિત રાહત સમિતિ તથા શ્રી વીસા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ સમાજ તરફથી અંજારમાં બંધાયેલ જૈન સમાજ માટેના આવાસોની અર્પણ વિધિ તા. ૧૭-૧-૨૦૦૫ના રોજ યોજવામાં આવેલ હતી. આપણા સમાજ તરફથી સંસ્થાના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા સંસ્થાના ટ્રસ્ટી શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલાએ હાજરી આપી હતી.

★ સમાજની બહેનો પણ પોતાના કુટુંબની આવકમાં નોંધપાત્ર ફાળો આપી શકે અને સ્વાવલંબી બની શકે તે માટે આયોજન કરવા સંસ્થાની મહિલા ઉત્કર્ષ સમિતિની એક મીટિંગ આજે મળી હતી.

- **તા. ૧૮-૧-૨૦૦૫**

આજે ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હસમુખભાઈ ગઢેચાએ ગુજરાત રાજ્ય વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહ સાથે ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી દક્ષિણ ભારતના સુનામી પીડિતોના રાહત માટે મુખ્ય મંત્રીશ્રીના ફંડમાં રૂા. ૨.૫૧ લાખનો ચેક અર્પણ કર્યો હતો.

- **તા. ૨૨-૧-૨૦૦૫**

આજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહે બહુચર્ચિત લાખાપર સ્થિત મહાશક્તિ કોક ફેક્ટરીની મુલાકાત લીધેલ હતી. તેઓએ સાડાઉના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મુંદ્રાની ટીસ્યુ કલ્ચર લેબોરેટરી તથા બીદડા સર્વોદય હોસ્પિટલના કેમ્પની પણ મુલાકાત લીધેલ હતી.

- **તા. ૨૩-૧-૨૦૦૫**

આજે કચ્છ નવનિર્માણ અભિયાન - ભુજ ખાતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના નેજા હેઠળ કચ્છના બાગાયતી પાકો, એગ્રોબેઝ ઈન્ડસ્ટ્રીઝ તથા કચ્છના મિનરલ બેઝ ઈન્ડસ્ટ્રીઝની ચર્ચા કરવા એક મીટિંગ ગોઠવવામાં આવેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહે ઉપસ્થિત રહી આ વિષયે વિવિધ ચર્ચાઓ કરેલ હતી. આ મીટિંગમાં શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી મધુભાઈ માંકડ, શ્રી છબીલદાસ પટેલ, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી મહેશ ઠક્કર, શ્રી શૈલેષ વ્યાસ, શ્રી રાહુલ ઝાલા, શ્રી હરીશ પ્રેમજી નાગડા, શ્રી હીરજી દેવજી નીસર, શ્રી અશ્વિન ખેરાજ દેઢિયા, શ્રી ચંદુભા ગુમાનસિંહ ઝાલા, શ્રી વિનોદ ઝાલા, શ્રી કેશવજી હરીયા, શ્રી પરસોત્તમ સોલંકી, શ્રી મનોજ સોલંકી, શ્રી નરેન્દ્ર ભગવાનદાસ શાહ તથા અન્ય અનેક ખેડૂતોએ ઉપસ્થિત રહી ખૂબજ ઉપયોગી ચર્ચા કરેલ હતી. આ વિષયે કચ્છમાં ગ્રેડિંગ સેન્ટર, કોલ્ડ સ્ટોરેજ, પલ્પ પ્રોસેસીંગ સેન્ટર, પીકલ્સ યુનીટ, પેકેજિંગ સેન્ટર તથા એક્સપોર્ટ માર્કેટીંગના વિકાસની ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આજે રતનાલ, અંજાર ખાતે આવેલ શ્રી રાહુલ ગાલાના ''પ્રવીણ બાગ'' ફાર્મની પણ મુલાકાત લેવામાં આવેલ હતી કે જ્યાં અંજીર, દાડમ, દ્રાક્ષ તથા ખારેકના વિવિધ બાગાયતી પાકો વૈજ્ઞાનિક પદ્ધતિથી અને ડ્રીપ ઈરીગેશન દ્વારા લેવામાં આવે છે. શ્રી રાહુલ ગાલા રાયણ ગામના માત્ર ૨૫ વર્ષની ઉંમરના યુવાન કૃષિકાર છે અને તેઓએ ઓસ્ટ્રેલિયા જઈ ખેતી વિષયમાં ગ્રેજ્યુએશન કરેલ છે. આ મુલાકાતના સમયે માંડવી વિભાગના ધારાસભ્યશ્રી છબીલદાસ પટેલ પણ ઉપસ્થિત રહેલ હતા.

- **તા. ૨૪-૧-૨૦૦૫**

આજે ડો. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હીરજી પાસુ શાહે મહાશક્તિ કોક ફેક્ટરીના કારણે પર્યાવરણમાં કહેવામાં આવતા અસરગ્રસ્ત લાખાપર ગામની રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને ત્યાં અનેક લોકોને રૂબરૂ મળેલ હતા. તેઓએ ડસ્ટ પોલ્યુશન, એર પોલ્યુશન તથા સાઉન્ડ પોલ્યુશન બાબતે ચર્ચા કરેલ હતી.

ત્યારબાદ આ ટીમે નર્મદા નિગમની આદિપુર - ગાંધીધામ ખાતેની ઓફિસની મુલાકાત લીધેલ હતી અને કચ્છ બ્રાંચ કેનાલના કામો કચ્છમાં ચાલુ કરવા વિષે ચર્ચા કરેલ હતી.

ત્યારબાદ આ ટીમ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાતે ગયેલ હતી અને ત્યાં શ્રી બાબુલાલજી સીંઘવી, શ્રી હીરાલાલ પારેખ, શ્રી અશોક શર્મા, શ્રી બચુભાઈ આહીર તથા શ્રી મહેશભાઈ તીર્થાની સાથે કચ્છમાં ઈન્ડસ્ટ્રીયલ સેમિનાર યોજવા ચર્ચા કરવામાં આવેલ હતી. આ પ્રસંગે ગુજરાત સરકાર તરફથી ગાંધીધામ ખાતે યોજવામાં આવનાર તા. ૧૨-૨-૨૦૦૫ના વાઈબ્રન્ટ કચ્છ સેમિનારની પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **તા. ૨૬-૧-૨૦૦૫**

આપણા રાષ્ટ્રના આજના ગણતંત્ર દિવસ નિમિત્તે, સંસ્થાના પ્રાંગણમાં, ગુજરાત રાજ્યના નાણાં પંચના અધ્યક્ષ અને ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી ધીરુભાઈ શાહના વરદ્ હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ "સંકલ્પ" આયોજિત રમતગમત સ્પર્ધાઓ શ્રી ધીરુભાઈ શાહ, પ્રમુખ શ્રી ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપ દંડ વગેરેની હાજરીમાં શરૂ થઈ હતી. ધ્વજવંદન તેમજ રમતગમત સ્પર્ધાઓ દરમ્યાન સંસ્થાના અગ્રણીઓ, ભાઈ-બહેનો તથા નાના ભૂલકાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા હતા.

- **તા. ૨૭-૧-૨૦૦૫**

શ્રી કચ્છી જૈન સેવા સમાજની ખરીદ સમિતિનું એક પ્રતિનિધિ મંડળ આપણા ભવનો માટેની પલંગ તથા કબાટોની ખરીદી માટે તપાસ કરવા ચાણસ્માની મુલાકાતે ગયેલ હતા કે જ્યાં કબાટો બનાવવાની હોલસેલ માર્કેટ છે. બજારમાં સર્વે કર્યા બાદ શ્રી શંખેશ્વરમાં નિર્મિત દાદાવાડીનાં પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજરી આપેલ હતી. પ્રતિનિધિ મંડળમાં શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી બાબુભાઈ ખેતશી મહેતા, શ્રી ચંદ્રકાંત દામજી શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર તથા શ્રી જીગેશ આર. શાહ સામેલ હતા. ■

## જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

(અનુસંધાન : પાના નં.– ૫૨ ઉપરથી ચાલુ)

અને ભારે હતું. તેમાં પીન માત્ર ખોસવાની સગવડ હતી. પીન હાથ વડે વાળવી પડતી. ૧૮૭૭માં હેન્રી હેઈલ નામના મિકેનિકે કાગળમાં પીન ખોસીને આપોઆપ વળી જાય તેવું સ્ટેપલર બનાવ્યું. આ બધા વજનદાર હતા અને છૂટી પીનોને બદલે સળંગ તારનો ઉપયોગ થતો હતો. જરૂર પ્રમાણે તાર કપાઈને પીન બનતી. આને બધા 'પેપર ફાસ્ટનર' કહેતા. ૧૯૭૧માં સ્ટેપલર નામ પ્રચલિત બનેલું. ત્યારબાદ ઘણા પ્રકારના સ્ટેપલર વિકસ્યા.

આજે તો કાગળ કે કાપડ જેવી ચીજોને લાકડાં કે બીજી સપાટી પર જોડવા માટે સ્ટેપલ ગન પણ વિકસી છે. ડૉક્ટરો ઑપરેશન દરમિયાન પણ ઘણીવાર જરૂર પડ્યે સર્જીકલ સ્ટેપલરનો ઉપયોગ કરે છે.

## બાયોડીઝલ શું છે? તે શેમાંથી બને?

પેટ્રોલ અને ડીઝલ – વાહનો માટેના મુખ્ય બળતણ છે. જો કે બંનેના એન્જિનમાં થોડો ફરક હોય છે. ડીઝલ પણ ક્રુડ ઓઈલમાંથી બને છે. ડીઝલ વડે ચાલતા એન્જિનની શોધ રૂડોલ્ફ ડીઝલ નામના વિજ્ઞાનીએ કરેલી. ડીઝલનો હેતુ વનસ્પતિ તેલ વડે ચાલતા એન્જિન બનાવવાનો હતો. તેણે સીંગતેલ વડે ચાલતું એન્જિન બનાવેલું. શરૂઆતમાં સીંગતેલ વડે જ એન્જિન ચાલતું પરંતુ ડીઝલે ક્રુડમાંથી ડીઝલ મેળવવાની રીત સોધી. એન્જિનમાં ડીઝલનો વપરાશ શરૂ કર્યો. ડીઝલમાં અશુદ્ધિનું પ્રમાણ વધુ હોય છે. પરંતુ પેટ્રોલ કરતાં પ્રમાણમાં સસ્તું હોય છે. પેટ્રોલ અને ડીઝલ બળે ત્યારે પ્રદૂષિત વાયુઓ પેદા થાય છે અને પર્યાવરણને નુકસાન કરે છે. એટલે વિજ્ઞાનીઓ વાહનોમાં પેટ્રોલ અને ડીઝલના સ્થાને ઓછું પ્રદૂષણ કરે તેવા બળતણની શોધ કરે છે.

વનસ્પતિના તેલ, ડીઝલને સ્થાને વપરાય તેને બાયોડીઝલ કહે છે. બાયો એટલે સજીવને લગતું. વનસ્પતિ સજીવ છે. તેના તેલ બળે ત્યારે ઓછું પ્રદૂષણ કરે છે. થોડા પ્રમાણમાં ડીઝલ સાથે તે મેળવવાથી ઓછું પ્રદૂષણ થાય છે. સૂર્યમુખી, સોયાબીન, કપાસીયા વગેરેના તેલમાંથી બાયોડીઝલ બને છે. બાયો ડીઝલમાં વધુ પ્રમાણ ડીઝલનું હોય છે. વનસ્પતિ તેલનું પ્રમાણ ૧૫થી ૨૦ ટકા જ હોય છે. પરંતુ પ્રદૂષણ ઓછું કરવા માટેનો આ સારો વિકલ્પ ગણાય છે. ■

*ઈશ્વરની ન્યાયની ચક્કી ધીમી જરૂર છે પરંતુ તે ખૂબ બારીક પીસે છે.*

દેશ વિદેશ

# દેશ – વિદેશ...

ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

★ **અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા ગુજરાતમાં ભણશે** : અમદાવાદની IIM માં એડમિશન મળ્યું. ઇન્સ્ટાગ્રામ પર ફોટો શૅર કરીને કહ્યું – મારું સપનું પૂર્ણ થયું. *(તા. ૨-૯-૨૦૨૪)*

★ **ગુજરાતમાં દર એક કલાકે એકનો આપઘાત** : *૩ વર્ષમાં ૨૫,૪૭૮ વ્યક્તિઓએ જીવન ટૂંકાવ્યું. ગૃહકંકાસને કારણે 'બિચારા' ૬૯% પુરુષોએ આત્મહત્યાથી બચવા મદદ માંગી.*

દર વર્ષે ૧૦ સપ્ટેમ્બરે વિશ્વ આપઘાત નિવારણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. લોકો સામાન્ય બાબતોમાં જીવનથી હારી જતા હોય છે અને મોતને વહાલું કરી લેતા હોય છે. આપઘાતના બનાવોની વાત કરવામાં આવે તો ગુજરાતમાં રોજ ૨૪ લોકો જીવન ટૂંકાવે છે. *(તા. ૯-૯-૨૦૨૪)*

★ **પાલનપુરમાં બન્યો રાજ્યનો પ્રથમ પિલ્લર થ્રી લેગ બ્રિજ** : *હવે આબુ-અંબાજી જતાં અમદાવાદીઓને ટ્રાફિકમાંથી મુક્તિ.* અમદાવાદ અને સુરત જેવા મેટ્રો શહેરના રસ્તાઓ પર ઠેર ઠેર ફ્લાયઑવર અને અંડરબ્રિજ નજરે પડે. પરંતુ આ બંને શહેરોમાં પણ અત્યાર સુધી નથી બનાવાયો એવો રાજ્યનો પ્રથમ અને દેશનો બીજો પિલ્લર પરનો થ્રી લેગ બ્રિજ પાલનપુરમાં બન્યો છે. *(તા. ૧૨-૯-૨૦૨૪)*

★ **પી.એમ. મોદીનો ગુજરાતમાં બીજો દિવસ** : મહાત્મા મંદિરમાં રીન્યુએબલ એનર્જી સમિટનું ઉદ્‌ઘાટન કરશે. લોકો આવી પહોંચ્યા. મેટ્રો ટ્રેનમાં સવારી કરશે.

આજરોજ ૧૬ સપ્ટેમ્બરના સોમવારે સવારે ૧૦.૩૦ વાગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહાત્મા મંદિરમાં રીન્યુએબલ એનર્જી સમિટનું ઉદ્‌ઘાટન કરશે. આ કાર્યક્રમને લઈને મહાત્મા મંદિરમાં કાર્યક્રમ સ્થળે ઉદ્યોગપતિઓ સહિત લોકો આવી પહોંચ્યા હતા.

વડાપ્રધાન મોદી વાવોલની શાલીન-૨ સોસાયટી સૂર્ય ઘર યોજનાનો લાભ લેનારા ૫૩ નંબરના બંગલોમાં સોલાર પેનલ નિહાળશે. વડાપ્રધાનને જોવા લોકો ધાબે ચડ્યા હતા. *(તા. ૧૬-૯-૨૦૨૪)*

★ **અદાણી ગ્રુપ મહારાષ્ટ્રને ૬૬૦૦ મેગાવોટ વીજળી સપ્લાય કરશે** : ૪.૦૮ રૂ. પ્રતિ યુનિટની બોલી લગાવી, JSW એનર્જી અને ટોરેન્ટ પાવરને પાછળ છોડી દીધું. *(તા. ૧૫-૯-૨૦૨૪)*

★ **અમદાવાદમાં ૩૦ વર્ષમાં બેડ (ખરાબ) ઓઝોન વાયુનું પ્રમાણ અનેકગણું વધ્યું – PRLનું શોકિંગ રીસર્ચ** : ૧૬ સપ્ટેમ્બરે વર્લ્ડ ઓઝોન ડે છે. ઓઝોન વિશે દર વર્ષે ચર્ચા થાય છે. પણ હવે અલગ પ્રકારના ઓઝોન વાયુ વિશે ચર્ચા થઈ રહી છે. સવાલ એ થાય છે કે, અલગ ઓઝોન એટલે શું? તેનો એક જ લાઇનમાં જવાબ છે : પૃથ્વીથી દૂર ઉપર જે વાયુ છે તે ગુડ ઓઝોન છે. *(તા. ૧૬-૯-૨૦૨૪)*

★ **મલાઇકા અરોરાના પિતાએ આત્મહત્યા કરી** : વિશ્વમાં દર ૪૦ સેકન્ડે ૧ આત્મહત્યા. ૯૦% નબળા માનસિક સ્વાસ્થ્યને કારણે... કેવી રીતે સમજવું અને રોકવું એ સમસ્યા છે. *(તા. ૧૫-૯-૨૦૨૪)*

★ **સોલાર સિસ્ટમે દક્ષિણ ગુજરાતીઓના કરોડો બચાવ્યા** : સુરત, ભરૂચ, નવસારી સહિતના જિલ્લાઓમાં ૧,૧૫,૦૭૮ ઘરો પર સોલાર પેનલો, લોકોના લાઈટ બીલો અડધાથી લઈને શૂન્ય થયા. *(તા. ૧૭-૯-૨૦૨૪)*

★ **વન નેશન, વન ઇલેક્શનને લીલી ઝંડી** : મોદી કેબિનેટમાં પ્રસ્તાવ પાસ. રીપોર્ટ પ્રમાણે હવે અમુક રાજ્યોની ચૂંટણીનાં કેલેન્ડર બદલાશે. ગુજરાતમાં ચૂંટણી ૧ વર્ષ પહેલાં આવી શકે છે. *(તા. ૧૭-૯-૨૦૨૪)*

★ **બાપ્પાની વિદાયની ગંદકી ખૂંચે છે** : આજે ગણપતિ બાપ્પાની વિદાય થઈ. વિદાય હંમેશાં દુઃખદાયક રહી છે. બાપ્પાની વિદાય તો આમ પણ બહુ જ અરેરાટીભરી હોય છે. વિદાય બાદ જે દશ્યો જોવા મળે છે, તે લગભગ બધે જ સરખા છે. આનો ઉકેલ શોધવામાં સત્તાધીશો લગભગ નિષ્ફળ ગયા છે. મૂર્તિઓ તૂટેલી ગમે ત્યાં ફેંકાય છે. અર્ધ વિસર્જિત જ લગભગ હોય છે. ચારે તરફ ગંદકીનું વાતાવરણ હોય છે. આમ લગભગ બધે જ વિસર્જિત વાતાવરણ હોય છે. સુરત કે અમદાવાદ કે મુંબઈ પણ વિસર્જન બહુ જ અયોગ્ય રહે છે. *(તા. ૧૮-૯-૨૦૨૪)*

★ **વિશ્વનું સૌથી મોટું મેરીટાઇમ હેરિટેજ મ્યુઝિયમ લોથલમાં** : સ્ટેચ્યુ ઓફ યુનિટી કરતાં દોઢ ગણો વધુ ખર્ચ. ૪૦૦ એકરમાં પ્રોજેક્ટ. ગુજરાતને મળશે નવી ઓળખ...

પર્યટન ક્ષેત્રે સ્ટેચ્યુ ઓફ યુનિટીએ વિશ્વભરમાં ગુજરાતની આગવી ઓળખ ઊભી કરી છે. છેલ્લા ૫ વર્ષમાં દોઢ કરોડથી પણ વધુ લોકોએ સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળ્યું. હવે અમદાવાદથી માત્ર ૭૫ કિ.મી. દૂર ટૂંક સમયમાં જ લોકોને નવું નજરાણું મળવા જઈ રહ્યું છે. *(તા. ૧૮-૯-૨૦૨૪)*

★ **આતિશી ૨૧ સપ્ટેમ્બરે દિલ્હીના CM તરીકે શપથ લઈ શકે** : એલ.જી.એ કેજરીવાલનું રાજીનામું રાષ્ટ્રપતિને મોકલ્યું. એક અઠવાડિયામાં સરકારી ઘર છોડશે. *(તા. ૧૯-૯-૨૦૨૪)*

★ **હવે ગ્રોથમાં લંડનની હરીફાઈ કરશે સુરત :** ૨૦૪૭માં સુરતની ઈકોનોમી ૧.૫ ટ્રીલિયન પહોંચાડવાનો રોડમેપ તૈયાર. કેન્દ્ર સરકારે માસ્ટર પ્લાન બનાવ્યો. કેન્દ્ર સરકારે દેશની જી.ડી.પી.ને ૫ ટ્રીલિયન સુધી પહોંચાડવાના પોતાના લક્ષ્યાંક માટે દેશમાંથી ૪ શહેરોની પસંદગી કરી છે. જેમાં ગુજરાતમાંથી સુરતનો સમાવેશ થાય છે. આ શહેરોમાં ઈકોનોમિક ગ્રોથ થાય એ પ્રકારનો માસ્ટર પ્લાન છે.

*(તા. ૧૯-૯-૨૦૨૪)*

★ **ભારતમાં નવેમ્બરથી ડિસેમ્બરના મધ્ય સુધીમાં ૩૫ લાખ લગ્નો થશે :** ૪.૨૫ લાખ કરોડનો ખર્ચ થવાનો અંદાજ. ૨૦૨૩ના સમાન સમયગાળામાં ૩૨ લાખ લગ્નો થયા હતા.

*(તા. ૨૦-૯-૨૦૨૪)*

★ **ભારતનું ફોરેક્સ રીઝર્વ રેકોર્ડ હાઈ લેવલ પર પહોંચ્યું :** વિદેશી મુદ્રા ભંડાર ૬ સપ્ટેમ્બરે પૂરા થયેલા અઠવાડિયામાં વધીને ૬૮૯.૨૩ અબજ ડોલર થયો.

*(તા. ૨૦-૯-૨૦૨૪)*

★ **પ્રખ્યાત તિરૂપતિ મંદિરના પ્રસાદમાં બીફ મળ્યું :** ગુજરાતની લેબોરેટરીમાં પરીક્ષણ. પિગ ફેટ અને ફિશ ઓઈલની પણ પુષ્ટિ. રોજ ૩.૫ લાખ લાડુનો પ્રસાદ અપાય છે.

*(તા. ૨૦-૯-૨૦૨૪)*

★ **રાજપૂતોનો મહા દરબાર :** ભાવનગરના મહારાજા વિજયરાજસિંહ સમસ્ત ક્ષત્રિય શક્તિ અસ્મિતા પંચના પ્રમુખ બન્યા. સ્ટેજ પર સ્થાન ન મળતાં પદ્મિનીબા વાળાએ હોબાળો કર્યો... *(તા. ૨૦-૯-૨૦૨૪)*

## વિદેશના સમાચાર

★ **કંગાળ પાકિસ્તાનની કિસ્મત ચમકી :** વિશ્વનો ચોથો સૌથી મોટો તેલ અને ગેસનો ભંડાર મળ્યાનો દાવો. રીસર્ચ પૂરી કરવા ૪૨ હજાર કરોડનો ખર્ચ થશે. *(તા. ૫-૯-૨૦૨૪)*

★ **ટ્રમ્પ પર ૬૪ દિવસ પછી ફરી જીવલેણ હુમલો :** ફ્લોરિડામાં ગોલ્ફ ક્લબમાં હત્યાની કોશિશ. હુમલાખોરે એ.કે.-૪૭ જેવી રાઈફલ વડે ગોળીબાર કર્યો. સિક્રેટ સર્વિસે કહ્યું - ટ્રમ્પ સુરક્ષિત છે. *(તા. ૧૫-૯-૨૦૨૪)*

★ **વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની હત્યાના કાવતરા માટે ૬ ની ધરપકડ :** યુ.એસ. નેવી કમાન્ડો સામેલ. સરકારનો આરોપ – CIA એ કાવતરું ઘડ્યું. ૪૦૦ યુ.એસ. રાઈફલ્સ જપ્ત. *(તા. ૧૫-૯-૨૦૨૪)*

★ **અમેરિકામાં મોદીને મળવા માટે પડાપડી. ન્યુયોર્કમાં પી.એમ. મોદીનો મેગા શો :** ૧૩ હજારની કેપેસિટી સામે ૩૦ હજાર બુકિંગ. ૧૦૦ બસ ભરીને લોકો આવશે. યુ.એસ. સિક્રેટ સર્વિસના એજન્ટો પણ તહેનાત રહેશે. ૨૦ દિવસ પહેલા જ બુકિંગ ફૂલ.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ સપ્ટેમ્બરથી ૩ દિવસ અમેરિકાના પ્રવાસે છે. જ્યાં ડેલાવરમાં ક્વાડ મીટિંગમાં હાજરી આપશે. પ્રવાસના બીજા દિવસે મોદી ન્યુયોર્કમાં ઈન્ડિયન કોમ્યુનિટીને મળશે. *(તા. ૧૭-૯-૨૦૨૪)*

★ **મસ્કની કંપનીએ અંધ લોકો માટે ડિવાઈસ બનાવી :** અમેરિકાના FDA એ મંજૂરી આપી. દાવો : જેમની જન્મથી જ આંખો નથી, તેઓ પણ જોઈ શકે.

**ઈલોન મસ્કની બ્રેઇન-ચીપ સ્ટાર્ટઅપ કંપની ન્યુરાલિંકે અંધ લોકો માટે એક ઉપકરણ બનાવ્યું છે. કંપનીનો દાવો છે કે, આ ડિવાઈસ એવા લોકોને પણ જોવામાં મદદ કરશે જેમણે પોતાની બંને આંખો ગુમાવી દીધી છે.** *(તા. ૧૯-૯-૨૦૨૪)*

★ **ઝીમ્બાબ્વે ૨૦૦ હાથીઓને મારી નાંખશે – માંસનું વિતરણ કરશે :** ૪૦ વર્ષમાં સૌથી મોટા ભૂખમરાના કારણે નિર્ણય. ૭ કરોડ લોકો માટે અન્ન સંકટ...

સરકારે ઝીમ્બાબ્વેમાં ભૂખમરા સામે લડવા હાથીઓને મારી નાંખવાનો આદેશ આપ્યો છે. ન્યુઝ એજન્સી રોયટર્સ અનુસાર, ઝીમ્બાબ્વેના ૪ જિલ્લામાં ૨૦૦ હાથીઓને મારી નાખવામાં આવશે અને તેમના માંસને વિવિધ સમુદાયોમાં વહેંચવામાં આવશે. *(તા. ૧૮-૯-૨૦૨૪)*

## શો ફરક પડશે

સાચવેલો શબ્દ કાયમ કામ લાગે,
અર્થમાં ગર્ભિત રૂપે નામ લાગે.

શ્વાસની સુવાસથી શેરી ભરી હો,
એક ઘર હો તોય જાણે ગામ લાગે.

હોય તટ પંપા તણો ને નીર મીઠા
બોર સ્વાદે શબરીને તો રામ લાગે.

ઝેર કે અમૃત ભલે હો જીવતરના
બુંદ બુંદે હો મીરાં તો શ્યામ લાગે.

થાય વિરમે ને ફરીથી એજ જાગે,
ત્યાગની ઈચ્છા બધી નિષ્કામ લાગે.

હો સવારી અશ્વ પર શમશેર કરમાં,
યુદ્ધ લડતાં મનને પણ આરામ લાગે.

ચાહતો ચીરે ભલે ને હાડ 'રશ્મિ',
શો ફરક પડશે વધુ ઈલ્ઝામ લાગે.

*– ડૉ. રમેશ ભટ્ટ 'રશ્મિ'*

જ્ઞાન વિજ્ઞાન

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## ઝીરોની શોધ ક્યારે થઈ હતી?

સંખ્યા લખવામાં શૂન્ય ન હોય તો શું થાય? આ કલ્પનાથી શૂન્ય કે ઝીરોનું મહત્ત્વ સમજાઈ જાય. ઝીરો એટલે કશું જ નહીં, પણ આંકડાની પાછળ લાગે એટલે તેની કિંમત સમજાય. લિપિ અને અંકોની શોધ થયા પછી ગણિતશાસ્ત્ર, ભૂમિતિ અને વિજ્ઞાનના સંશોધનોને સરળતાથી વેગ મળ્યો. અંકો નહોતા ત્યારે રોમન પદ્ધતિમાં સંખ્યા લખાતી. તેમાં 'X' એટલે ૧૦, 'C' એટલે ૧૦૦ અને 'M' એટલે ૧૦૦૦ ગણાતા. એકડા માટે 'i' અને ૫ માટે 'V' લખાતા. ૫૦ લખવા હોય તો 'L' અને ૫૦૦ માટે 'D'. ઘણી ઘડિયાળના ચંદામાં રોમન આંક જોવા મળે છે. આ બધી કડાકૂટથી બચવા ભારતમાં 'શૂન્ય'ની શોધ થઈ અને ૯મી સદીમાં આરબો દ્વારા 'ઝીરો'ની શોધ સમગ્ર વિશ્વમાં પહોંચી. જો કે ભારતમાં ૧ થી ૯ અંક લખવાની પ્રથા અગાઉથી જ હતી. પરંતુ શૂન્યની શોધ પછી વિજ્ઞાન, ઉદ્યોગો અને અંકશાસ્ત્રને ઘણો વેગ મળ્યો.

## ખોરાકમાં મીઠાની જરૂર

મીઠાઇ સિવાયની દરેક વાનગીમાં મીઠું નાંખવામાં આવે છે. મીઠા વિનાના દાળ-શાક બેસ્વાદ લાગે. આપણે સ્વાદ માટે મીઠાનો ઉપયોગ કરીએ છીએ પરંતુ આપણા શરીરને મીઠાની જરૂર પણ છે.

મીઠું એક સામાન્ય ક્ષાર છે. તેનું રાસાયણિક નામ સોડિયમ ક્લોરાઈડ છે. સોડિયમ અને ક્લોરાઈડ ધાતુઓ છે. મગજના જ્ઞાનતંતુઓનું સંદેશાવહન વીજપ્રવાહથી થાય છે. એટલે શરીરને ધાતુરૂપી ક્ષારની જરૂર પડે છે. આપણા શરીરમાં ૦.૨૮ ટકા મીઠું હોય છે. માણસ તેના ઉત્પત્તિકાળથી જ ખોરાકમાં ક્ષારોનો ઉપયોગ કરે છે.

## મેગ્નેટના જુદા જુદા આકાર અને ઉપયોગ

મેગ્નેટ એટલે કે લોહચુંબકનો મુખ્ય ગુણ લોખંડની ચીજોને આકર્ષવાનો છે. તેને સ્વતંત્ર રીતે ફરે તેવી રીતે રાખવાથી તેનો એક છેડો દક્ષિણ અને બીજો ઉત્તર દિશામાં રહે છે. ઈલેક્ટ્રોનિક સાધનોમાં મેગ્નેટનો વ્યાપક ઉપયોગ થાય છે. જુદા જુદા હેતુ માટે વિવિધ આકારના મેગ્નેટ વાપરાય છે.

**બાર મેગ્નેટ :** લાંબી પટ્ટી આકારના બાર મેગ્નેટની ક્ષમતા ઓછી હોય છે. આ મેગ્નેટ દિશા સૂચન માટે હોકાયંત્રમાં વપરાય છે. ફ્રિઝના બારણા વગેરે સાધનોમાં બે સપાટીને જકડી રાખવા પણ ઉપયોગી છે.

**હોર્સ શૂ મેગ્નેટ :** ઘોડાની નાળ આકારના આ મેગ્નેટ અર્ધ ગોળાકાર પટ્ટી જેવા હોય છે. તેના બંને છેડા એક જ દિશામાં હોય છે. આ મેગ્નેટ શક્તિશાળી હોય છે. કચરામાંથી લોખંડની ચીજો અથવા લોખંડની વજનદાર વસ્તુ ઉંચકવા તેનો ઉપયોગ થાય છે.

**કોઈલ મેગ્નેટ :** કોઈલ કે વલયાકારના આ મેગ્નેટને હેલીકલ કોઈલ કે ઈલેક્ટ્રો મેગ્નેટ કહે છે. તે કાયમી નથી પણ ઈલેક્ટ્રીક વડે પ્રવાહ મળે ત્યારે સક્રિય થાય છે. સી.ડી. પ્લેયર, કમ્પ્યુટરની હાર્ડ ડિસ્ક, ઓટોમેટીક બારણા વગેરેમાં આ મેગ્નેટ વપરાય છે.

## હજારો વર્ષ જીવતો અજાયબ છોડ : વેલ્વેશિયા

સજીવ સૃષ્ટિમાં વૃક્ષોનું આયુષ્ય સૌથી વધુ હોય છે. તેમાંય રણ પ્રદેશમાં થતો વેલ્વેશિયાનો છોડ તો હજારો વર્ષ જીવે છે. દક્ષિણ આફ્રિકાના નામિબીયા અને એંગોલોના રણમાં આ છોડ થાય છે. આ છેડનો થડ હોતું નથી. પરંતુ મૂળમાંથી માત્ર બે પાન ઉગે છે. આ છોડના વિકાસની રીત પણ અનોખી છે. તેમાં પાન ચીરાઈને ચાર થાય એમ વિકાસ પામ્યા કરે. આ પાન બે થી ત્રણ મીટર લાંબા હોય છે અને લીલા રંગના હોય છે. ઈ.સ. ૧૮૬૦માં ફ. ફ્રેડરિક વેલવિશ નામના વિજ્ઞાનીએ આ છોડ શોધી કાઢેલો. તેથી તેના નામ ઉપરથી વેલ્વેશિયા કહેવાય છે. આફ્રિકામાં ૨૦૦૦ વર્ષ જૂના વેલ્વેશિયા જોવા મળે છે.

## કાગળને જોડતા સ્ટેપલરની રસપ્રદ વાતો

બે કાગળોને એકસાથે રાખવા પીન મારવા માટેનું સ્ટેપલર તો સૌ કોઈએ જોયું જ હોય. ઓફિસો, શાળા અને વેપારીઓને રોજે રોજ ઉપયોગી થતા આ સામાન્ય સાધનનો ઈતિહાસ અને વાતો જાણવા જેવી છે. ૧૮મી સદીમાં ફ્રાન્સમાં કિંગ લૂઈસના સમયમાં રોયલ કોર્ટમાં કાગળને પીન મારવા માટે સ્ટેપલર જેવું સાધન બનેલું. જેમ જેમ કાગળનો વપરાશ વધ્યો તેમ તેમ બે કાગળને પીન મારવાની જરૂર પણ વધી. ઈ.સ. ૧૮૬૬માં જ્યોર્જ મેકગીલ નામના મિકેનિકે પ્રથમવાર સ્ટેપલર બનાવ્યું. જો કે તે સ્ટેપલર સીવવાના સંચા જેવું મોટું

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૯ ઉપર)

## NanoNine® શબ્દ રમત-૨૧૧

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ | ■ | ૮ |
| ૯ | | ■ | ૧૦ | | | | ■ | ૧૧ | | ૧૨ | |
| | ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ | | ■ | ૧૫ | |
| ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ | | | ■ | | ■ |
| ■ | ૨૦ | | ૨૧ | | ■ | | ■ | ૨૨ | | | ■ |
| ૨૩ | | ■ | | ■ | ૨૪ | | ૨૫ | | ■ | ■ | ૨૬ |
| | ■ | ૨૭ | | | | ■ | ૨૮ | | ■ | ૨૯ | |
| ૩૦ | | | | ■ | ૩૧ | ૩૨ | | ■ | ૩૩ | | |
| | ■ | | ■ | ૩૪ | | | ■ | ૩૫ | | | ■ |
| ■ | ૩૬ | ■ | ૩૭ | | ■ | ૩૮ | ૩૯ | | | | ■ |
| ૪૦ | | | | ■ | ૪૧ | | | ■ | | ■ | ૪૨ |
| ૪૩ | | ■ | ૪૪ | | ■ | ૪૫ | | ■ | ૪૬ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________________

સરનામું : ______________________________

______________________________ ફોન/મો. ______________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. દૃષ્ટિ ગ્રહણ કરનારો આંખનો પડદો (અં) (૩)
૩. ચરબી (૨)
૫. દાસ, નોકર (૩)
૯. પીડા, ઉપાધિ (૨)
૧૦. આંખના ડોળામાંનો કાચના રસ જેવો પદાર્થ (૪)
૧૧. પગનો ચાલવાનો અવાજ, અવર-જવર (૪)
૧૩. કાપડ વેચનારો ફેરિયો, એક અટક (૨)
૧૪. નાનો લોટો, ટબુડી (૨)
૧૫. માણસ, જણ (૨)
૧૬. વાહનોમાં પૂરવાનું એક ઈંધણ (૩)
૧૮. ગાંધીજીનું સમાધિ સ્થાન (૪)
૨૦. વેતરવું તે, જોઈતી ગોઠવણ (૪)
૨૨. રોજ, નિત્ય (૩)
૨૩. પાંખોવાળી દેવતાઇ સુંદરી (૨)
૨૪. કબ્રસ્તાન, રોજો (૪)
૨૭. દાન, ખેરાત, ઉદારતા (૪)
૨૮. દરવાજાવાળો મહોલ્લો, શેરી (૨)
૨૯. કંસાર, બાંટ (૨)
૩૦. વૃદ્ધાવસ્થા (૪)
૩૧. લુહાર (૩)
૩૩. ભાઈની બહેનને ભેટ, સૌરાષ્ટ્રમાં ઉજવાતો તહેવાર (૩)
૩૪. આકાશ, ગગન, નભ (૩)
૩૫. ઊનું, જોસમાં કે ક્રોધમાં આવેલું (૩)
૩૭. પર્વત (૩)
૩૮. અમદાવાદ ______ નદીના કિનારે આવેલ છે (૫)
૪૦. સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની પત્ની (૪)
૪૧. જો, અથવા (૩)
૪૩. ભરકડું, કાંજી, ઘેંસ (૨)
૪૪. યોગી, ખાખી બાવો (૨)
૪૫. તરડ, ફાંટ (૨)
૪૬. મશ્કરી, ટીખળ (૩)

### ઊભી ચાવીઓ

૧. આગગાડી, ટ્રેન (૪)
૨. વેઈટરને અપાતી બક્ષીસ (અં) (૨)
૩. રમત સ્પર્ધા, ખેલ પ્રતિયોગીતા (અં) (૨)
૪. હરરોજ, હંમેશ, કાયમ (૪)
૬. કપટ કરનારું (૩)
૭. નકામું, બાત્તલ કરેલું (૨)
૮. હોમ, યજ્ઞ (૩)
૧૦. વારાણસી, બનારસ (૨)
૧૨. ચંદ્ર (૪)
૧૩. પૈસો, પૂંજી (૩)
૧૭. ઝવેરાતનો વેપારી, પરખનારો (૩)
૧૮. રાયણનું ઝાડ (૨)
૧૯. મોત નીપજાવે એવું (૩)
૨૦. દુશ્મન, શત્રુ (૨)
૨૧. તોફાન, ધિંગાણું, હુલ્લડ (૪)
૨૨. લાઈન, હાર, અલગાર (૩)
૨૩. પાણીના ઘાટ, જળાશય (૪)
૨૪. હેતુ, અર્થી, મીનિંગ (૪)
૨૫. મધ્યાહન (૩)
૨૬. નાનો ઓટલો (૩)
૨૭. રાત્રે ઊંઘમાં આવતું ખ્વાબ (૩)
૨૮. ગયે વરસે કે આવતા વરસે (૨)
૨૯. ચોખાની એક જાત (૪)
૩૨. વારસામાં ઉતરેલું (૫)
૩૩. મોક્ષ, ઉત્તમલોક (૫)
૩૪. શરીર, અવયવ, ભાગ (૨)
૩૫. ફળનો ગર્ભ, મનનો ભેદ, મર્મ (૨)
૩૬. દારૂ (૩)
૩૭. પરિણામ, ફળ (૩)
૩૯. ઝટ ભાંગી જાય એવું (૩)
૪૦. સિતારા (૨)
૪૨. ડર, બીક, અંકુશ (૨)

*હંમેશાં એટલા નાના બનો કે કોઈ પણ વ્યક્તિ તમારી સાથે બેસી શકે અને પોતાના કામો થકી એવા મોટા બનો કે તમે ઉભા થાવ ત્યારે કોઈ બેસી ન શકે.*

## NanoNine® શબ્દ રમત-૨૧૦નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અં | તિ | મ | | તા | જ | | તા | જ | મ | હે | લ |
| ઘે | | ન | ર | | રા | જા | રા | મ | | | ગા |
| ર | જા | | વિ | પ્ર | | જ | જ | | સ | મ | તા |
| | પ | ર | વા | | દા | મ | | કા | જ | | ર |
| ખી | | | ર | | તા | | જી | | ન | ફો | |
| ચ | ક | લી | | સ | | લ | વા | રો | | ર | તી |
| ડી | ન | | દી | વા | ન | | ત | ન | | મ | ત |
| | ક | ર | | લ | હે | ર | | ક | લા | | ર |
| અ | | ક્ષ | મા | | ર | જા | ઈ | | વા | ઘ | |
| ભિ | ક્ષુ | ક | | તુ | | | સ્ટ | વ | | ર | તિ |
| ષે | | | વા | વે | ત | ર | | શ | મા | | ત |
| ક | ર | ક | સ | ર | | ક્ષા | ર | | પ | ગ | લી |

*ઓગસ્ટ-૨૦૨૪ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૦૯ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. દમયંતી દંડ – અમદાવાદ
૩. મુકેશ શાહ – અમદાવાદ
૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૭. ઝરણા પારેખ – અમદાવાદ
૮. મીના ખરીદીયા – અમદાવાદ
૯. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૦. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૧. કામિની શેઠ – અમદાવાદ
૧૨. જયશ્રી સાવલા – અમદાવાદ
૧૩. સ્વાતિ ગાલા – અમદાવાદ
૧૪. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૧૫. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૬. હસમુખ દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૭. પ્રભા શેઠિયા – વલસાડ
૧૮. સરોજ ચંદુરા – સુરત
૧૯. હંસકુમાર છેડા – મુંબઈ
૨૦. કંચનબેન મોરબીયા – ભુજ, કચ્છ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રો કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** **:** જયશ્રી સાવલા – અમદાવાદ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૨૦-૦૮-૨૦૨૪થી તા. ૧૯-૦૯-૨૦૨૪ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

| | | | |
|---|---|---|---|
| **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | અમિત બાબુલાલ પંચાલ | અમદાવાદ | ૨૦-૦૮-૨૪ |
| ૨. | ગૌતમ પ્રદીપ દૌલત | અમદાવાદ | ૨૩-૦૮-૨૪ |
| ૩. | લક્ષ્મીબેન ભાણજી લીલાધર હેનિયા | અમદાવાદ | ૨૯-૦૮-૨૪ |
| **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | વિજય લહેરચંદ મોતા | થાણે | ૧૭-૦૯-૨૪ |
| **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | પ્રતીક મનસુખભાઈ ગાંધી | અમદાવાદ | ૦૬-૦૯-૨૪ |
| **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | જીત રમણિકલાલ શાહ | અમદાવાદ | ૨૦-૦૮-૨૪ |
| ૨. | જયસુખ જયંતીલાલ વોરા | અમદાવાદ | ૨૯-૦૮-૨૪ |
| ૩. | મહેન્દ્ર ઉમરશી મૈશેરી | અમદાવાદ | ૧૯-૦૯-૨૪ |
| **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | | |
| ૧. | ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ | અમદાવાદ | ૨૩-૦૮-૨૪ |
| ૨. | દિલીપ સુરેશભાઈ સાવલા | ગાંધીધામ | ૧૩-૦૯-૨૪ |
| ૩. | વિમેશ ગુલાબચંદ શાહ | અમદાવાદ | ૧૨-૦૯-૨૪ |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

***ખાતાનું નામ*** : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]

***બેંક*** : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
[Canara Bank, Paldi Branch - Ahmedabad]

***એકાઉન્ટ નંબર*** : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨
[70072010016032]

***IFSC કોડ*** : CNRB0017007

## NanoNine® Sudoku

**ઓગસ્ટ-૨૦૨૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૬૭ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. અમન ગોસર – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ
૪. મીનાક્ષી પારેખ – અમદાવાદ
૫. ઝરણા પારેખ – અમદાવાદ
૬. મીના ખરીદીયા – અમદાવાદ
૭. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૮. કામિની શેઠ – અમદાવાદ
૯. રોનકબેન શેખ – અમદાવાદ
૧૦. અવ્વાબરાજ શેખ – અમદાવાદ
૧૧. લુબનાબેન શેખ – અમદાવાદ
૧૨. સુશાંત સાવલા – અમદાવાદ
૧૩. મહેન્દ્ર પુજ – અમદાવાદ
૧૪. નયના ગોગરી – અમદાવાદ
૧૫. હેમલતા દેઢિયા – અડાલજ, અમદાવાદ
૧૬. જીયા સંઘવી – સરખેજ, અમદાવાદ
૧૭. અરવિંદ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૧૮. પ્રભા શેઠિયા – વલસાડ
૧૯. સરોજ ચંદુરા – સુરત
૨૦. અશોક શાહ – ગાંધીનગર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** **: સુશાંત સાવલા – અમદાવાદ**

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૬૯અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૧૦-૨૦૨૪ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૬૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | 1 | | 3 | 2 | | |
| | | | | | | 9 | 3 | 8 |
| 7 | 3 | 5 | | | | 6 | | |
| 1 | | | | 5 | 6 | | 8 | 3 |
| 4 | | | | 7 | | | | 9 |
| 5 | 9 | | 4 | 8 | | | | 6 |
| | | 1 | | | | 3 | 6 | 4 |
| 2 | 5 | 4 | | | | | | |
| | | 6 | 7 | | 4 | | 9 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 4 | 3 | 5 | | | 9 | | |
| | | 9 | 8 | | 7 | | | |
| | | 2 | | 9 | | | 7 | 3 |
| 6 | | | | | | 8 | 5 | |
| | 2 | | 9 | 5 | 1 | | 4 | |
| | 9 | 4 | | | | | | 1 |
| 9 | 3 | | | 1 | | 7 | | |
| | | | 4 | | 9 | 1 | | |
| | | 7 | | | 3 | 2 | 9 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | 3 | 6 | 9 | | | 7 | |
| | 2 | | | | | | 9 | 4 |
| 1 | | | | 7 | 3 | | | |
| | 6 | 2 | 1 | | 9 | | | 8 |
| 8 | | | | 4 | | | | 9 |
| 9 | | | 7 | | 8 | 5 | 3 | |
| | | | 8 | 5 | | | | 3 |
| 3 | 8 | | | | | | 2 | |
| | 1 | | | 2 | 4 | 9 | | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 5 | | | 3 | | | |
| | | | 8 | | 1 | | 2 | |
| | | 3 | 9 | 2 | | | 7 | |
| | 8 | 9 | | 3 | 7 | | | 2 |
| 7 | | | | | | | | 8 |
| 4 | | | 6 | 9 | | 3 | 1 | |
| | 6 | | | 7 | 5 | 1 | | |
| | 9 | | 2 | | 6 | | | |
| | | | 1 | | | 2 | | 5 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૬૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | 9 | 3 | 5 | 7 | 1 | 8 | 4 |
| 1 | 5 | 4 | 9 | 8 | 6 | 7 | 3 | 2 |
| 3 | 8 | 7 | 1 | 2 | 4 | 9 | 5 | 6 |
| 8 | 9 | 5 | 7 | 6 | 3 | 2 | 4 | 1 |
| 7 | 3 | 2 | 5 | 4 | 1 | 8 | 6 | 9 |
| 4 | 1 | 6 | 2 | 9 | 8 | 5 | 7 | 3 |
| 2 | 6 | 8 | 4 | 7 | 9 | 3 | 1 | 5 |
| 5 | 7 | 1 | 6 | 3 | 2 | 4 | 9 | 8 |
| 9 | 4 | 3 | 8 | 1 | 5 | 6 | 2 | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 6 | 1 | 2 | 9 | 4 | 8 | 3 | 7 |
| 2 | 9 | 3 | 1 | 8 | 7 | 6 | 5 | 4 |
| 4 | 8 | 7 | 5 | 3 | 6 | 9 | 1 | 2 |
| 1 | 4 | 8 | 3 | 6 | 2 | 7 | 9 | 5 |
| 7 | 3 | 5 | 8 | 1 | 9 | 2 | 4 | 6 |
| 6 | 2 | 9 | 7 | 4 | 5 | 3 | 8 | 1 |
| 3 | 5 | 6 | 4 | 7 | 8 | 1 | 2 | 9 |
| 9 | 1 | 4 | 6 | 2 | 3 | 5 | 7 | 8 |
| 8 | 7 | 2 | 9 | 5 | 1 | 4 | 6 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 1 | 8 | 9 | 2 | 6 | 5 | 7 |
| 7 | 8 | 2 | 6 | 5 | 1 | 9 | 4 | 3 |
| 6 | 9 | 5 | 3 | 4 | 7 | 8 | 1 | 2 |
| 1 | 4 | 9 | 7 | 2 | 5 | 3 | 8 | 6 |
| 8 | 2 | 7 | 1 | 3 | 6 | 4 | 9 | 5 |
| 5 | 6 | 3 | 9 | 8 | 4 | 7 | 2 | 1 |
| 3 | 7 | 4 | 2 | 1 | 9 | 5 | 6 | 8 |
| 9 | 1 | 8 | 5 | 6 | 3 | 2 | 7 | 4 |
| 2 | 5 | 6 | 4 | 7 | 8 | 1 | 3 | 9 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 8 | 1 | 5 | 2 | 6 | 7 | 3 | 4 |
| 5 | 2 | 3 | 4 | 7 | 8 | 1 | 6 | 9 |
| 6 | 4 | 7 | 1 | 9 | 3 | 5 | 8 | 2 |
| 3 | 9 | 6 | 2 | 1 | 7 | 4 | 5 | 8 |
| 2 | 1 | 4 | 3 | 8 | 5 | 6 | 9 | 7 |
| 7 | 5 | 8 | 6 | 4 | 9 | 3 | 2 | 1 |
| 8 | 6 | 9 | 7 | 3 | 4 | 2 | 1 | 5 |
| 4 | 3 | 2 | 9 | 5 | 1 | 8 | 7 | 6 |
| 1 | 7 | 5 | 8 | 6 | 2 | 9 | 4 | 3 |

Nano 9® kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## જાહેર નિમંત્રણ

## નૂતન વર્ષ મિલન સમારંભ

વિક્રમ સંવત ૨૦૮૦ના અંતિમ ચરણમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. વિક્રમ સંવત ૨૦૮૦ની આસો વદ અમાસ એટલે કે ગુરૂવાર, તા. ૩૧-૧૦-૨૦૨૪ના રોજ આપણે ઉજવીશું દીપોત્સવી તહેવાર. એ દિવસે આપણે સંવત ૨૦૮૦ને વિદાય કરી, શનિવાર, તા. ૨-૧૧-૨૦૨૪ એટલે કે કારતક સુદ એકમના દિવસે વિક્રમ સંવત ૨૦૮૧ના વર્ષમાં પ્રવેશ કરીશું.

તે નિમિત્તે **શનિવાર, તા. ૨-૧૧-૨૦૨૪**ના રોજ **સાંજે ૫.૦૦થી ૭.૦૦** દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નૂતન વર્ષ મિલન સમારંભ યોજવામાં આવનાર છે.

નૂતન વર્ષ મિલન સમારંભમાં શ્રી કચ્છી જૈન પરિવારોની સાથે અમદાવાદ, ગાંધીનગર સ્થિત કચ્છી જૈન પરિવારો, નિયાણી બહેનોને પણ પરિવાર સાથે આમંત્રિત કરવામાં આવે છે.

એ દિવસે આપણે એકબીજા સાથે હળીમળીને પરસ્પર નૂતન વર્ષના અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવીશું અને અંતે સ્વરૂચિ ભોજન લઈને છૂટા પડીશું.

**રજનીકાંત ડી. પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*નોંધ : સમારંભમાં જોડાવા ઈચ્છુક મેમ્બરોએ પોતાના પાસ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી અમરીષભાઈ સંઘવી (મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨) પાસેથી મેળવી લેવા.*

---

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## નવનીત આવાસ યોજના – બહેરામપુરામાં ફ્લેટો ફાળવવા બાબતે

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત નવનીત આવાસ યોજના - બહેરામપુરા ખાતે **૩ જેટલા આવાસો ખાલી થવા પામેલ છે.** આ આવાસોમાં રહેતા પરિવારની તરક્કી થતાં તેઓ અન્યત્ર રહેવા ગયેલ છે. તેથી આ આવાસો સમાજના અન્ય જૈન પરિવારોને ફાળવવાનું નક્કી કરવામાં આવેલ છે.

અમદાવાદ સ્થિત જરૂરિયાતવાળા કોઈ પણ કચ્છી જૈન પરિવાર કે જેઓ પાસે અમદાવાદમાં પોતાનું મકાન ન હોય અને તેઓ ભાડાના મકાનમાં રહેતા હોય તથા તેઓની આવક સાધારણ હોય, તેઓ આ ફ્લેટ માટે અરજી કરી શકે છે. **અરજી ફોર્મ અને તે અંગેના નીતિ નિયમો આ જ અંકમાં પાના નંબર – ૬૩/૬૪ ઉપર** પ્રસારિત કરવામાં આવેલ છે.

વિવિધ પરિવારોના અરજી ફોર્મ આવ્યા બાદ સમાજના નીતિ-નિયમો મુજબ સૌથી વધુ જરૂરિયાતવાળા પરિવારને આ ફ્લેટ્સ ફાળવવામાં આવશે કે જેની સહુએ નોંધ લેવા અપીલ કરવામાં આવે છે.

આ મકાનમાં ટોટલ ૪૦ ફ્લેટ્સ છે કે જેમાં ૨ ફ્લેટ રતનવીર ગૃહ ઉદ્યોગ માટે ફાળવાયેલ હોઈ, બાકીના ૩૮ ફ્લેટો આપણા પરિવારોને ઉપયોગી બની રહે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *દ્વારા આયોજિત*

## *વાર્ષિક સ્નેહમિલન, સ્વામિવાત્સલ્ય, સરસ્વતી સન્માન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સ્નેહ મિલનનો કાર્યક્રમ રવિવાર, તા. ૧૫-૯-૨૦૨૪ના રોજ સવારે ૧૦ કલાકે ટાગોર હોલ - પાલડી ખાતે યોજાયેલ હતો. દર વર્ષની માફક આ વર્ષે પણ આ કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યો તથા તેમના પરિવારજનો, નિયાણી બહેનોના પરિવાર, કચ્છી જૈન સેવા સમાજના ડૉક્ટર ફેમિલી તથા કર્મચારીઓ અને મહેમાનો જોડાયા હતા.

સંસ્થાના હોદ્દેદારોના સ્ટેજ પર આગમન સાથે કાર્યક્રમની શરૂઆત થયેલ હતી. સંસ્થાના પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રતાપ નારાણજી દંડે જણાવ્યું કે, શ્રીમતી મધુરીબેન ગાલા, કે જેઓ નવનીત પરિવારના મોભી છે તેમની વિદાયથી આ સમાજ શોક અનુભવે છે. એમના આત્માને શાંતિ અર્થે સૌ પ્રથમ આપણે સૌ બે મિનિટનું મૌન પાળીએ. બે મિનિટના મૌન બાદ શ્રીમતી મધુરીબેન વિશે જણાવેલ કે તેઓ આપણા દાતા પરિવારોમાંથી સૌથી વધારે દાન આપનાર દાતાઓમાંના નવનીત પરિવારના મોભી હતા. આપણી દરેક પ્રવૃત્તિઓમાં આપણી સંસ્થાને નાના મોટા અનેક દાન તેમના પરિવાર તરફથી મળેલ છે. ત્યારબાદ સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે જણાવતા તેમણે કહ્યું કે, આપણા ત્રણ અતિથિગૃહ, ચાર મેડિકલ સેન્ટર, ત્રણ ડાયાલિસિસ સેન્ટર તથા બે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર સારી રીતે સંસ્થાના પરિવાર તથા જાહેર જનતા માટે ઉમદા કાર્યવાહી કરે છે, જેનું આપણને સૌને ગૌરવ છે. તદુપરાંત સંસ્થાની વિવિધ સમિતિઓ પણ ઉમદા કાર્યવાહી કરી રહી છે.

ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી શ્રી હસમુખ ગઢેચાએ સંસ્થાની પ્રવૃત્તિ વિશે વધુ માહિતગાર કર્યા હતા.

શ્રી રમણિકભાઈ ગોસરે ઉપસ્થિત સર્વે જ્ઞાતિ પરિવારજનોને સામૂહિક ક્ષમાપના કરાવી હતી. તે મુજબ દરેક સભ્યોએ પરસ્પર 'ખમત ખામણા' કર્યા હતા.

આજના આ કાર્યક્રમ સમયે અંગદાન સમિતિ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં સમાજના ૬૭ જેટલા યુવક-યુવતીઓએ ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

કાર્યક્રમના અંતમાં સહમંત્રી શ્રી વિશાલ શાહે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

સંસ્થાના ધોરણ-૧૦, ધોરણ-૧૨, ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટના ૧૫ તેજસ્વી તારલાઓનું દાતાશ્રીઓ દ્વારા સ્ટેજ ઉપર તથા બાળવર્ગથી લઈને ધોરણ-૯ સુધીના ૩૫૦ છાત્રોને કાઉન્ટર પરથી ઇનામ આપી સન્માનિત કરાયા હતા.

***આ વર્ષના સરસ્વતી સન્માનના દાતાશ્રીઓ :***

૧. માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ પરિવાર (હસ્તે : ડૉ. ધીરેન શાંતિલાલ શાહ)
૨. માતુશ્રી કાંતાબેન ખીમજીભાઈ મહેતા (હસ્તે : શ્રીમતી અલ્કાબેન રસિકભાઈ મહેતા)
૩. શ્રી મહેન્દ્રભાઈ સાકરચંદ દોશી
૪. શ્રી શાંતિલાલ મુળજી સાવલા
૫. શ્રી મહેન્દ્રભાઈ મોતીલાલ વસા
૬. ડૉ. રાગેશભાઈ ફડિયા (ENT Surgeon)
૭. પ્રો. પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ

સમગ્ર સરસ્વતી સન્માનના કાર્યક્રમનું સુંદર સંચાલન સમિતિના કન્વીનર શ્રી મનીષ વીરાએ કર્યું હતું.

★

ત્યારબાદ Online ઉપર શ્રી કચ્છી જૈન સેવા સમાજ (KJSS) — આ વિષય ઉપર શ્રી પ્રદીપ મહેતાએ આવનાર બધા સભ્યોને પૂરેપૂરી જાણકારી આપી. www.kjss.org વેબની દુનિયામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ (KJSS)ની વેબસાઈટ છે, જેના ઉપર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત થાય છે તથા ઓનલાઈન શ્રી કચ્છી

જૈન સેવા સમાજના અતિથિગૃહમાં રૂમ બુક થઈ શકે છે, ‘મંગલ મંદિર’ જોઈ શકો છો, બધા ઓ.પી.ડી.ના ડૉક્ટરોનું સમયપત્રક જોઈ શકાય છે તેમજ સભ્યોને લગતી અન્ય ઘણી જાણકારી પ્રાપ્ત કરી શકાય છે કે જોઈ શકાય છે અને સાથે સાથે ડોનેશન પણ આપી શકાય છે. તદુપરાંત નજીકના ભવિષ્યમાં આવનાર KJSS ના ડિજિટલ વસ્તીપત્રકની પણ જાણકારી રજૂ કરેલ હતી.

સાંસ્કૃતિક સમિતિ દ્વારા ભક્તિ પ્રાર્થનાથી કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સમાજના જ પરિવારજનો દ્વારા ગીત-સંગીતની આકર્ષક રજૂઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે આ વર્ષે એક નવીન એવા “Talent Show”નું સમાજના જ તેજસ્વી કલાકારોએ આયોજન કર્યું હતું, જે કાબિલેદાદ હતું.

સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે આપણા જ પરિવારના સભ્યોએ “ટેલેન્ટ શો”માં ડાન્સ, રૅપ સોંગ, ક્યુબ સોલ્વિંગ, પીયાનો પ્લે, ગીટાર પ્લે, સ્કીટ પ્લે, ગરબા, ઈન્ડો વેસ્ટર્ન ગરબા, હોલીવુડ ગરબા અને ડ્રામામાં ભાગ લઈને તેમજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા સ્કીટ પ્લે માં ભાગ લઈને આપણા જ પરિવારના સભ્યોએ આ અદ્‌ભુત ઉપસ્થિત પ્રેક્ષક વર્ગની પ્રશંસા પ્રાપ્ત કરી હતી.

આ કાર્યક્રમમાં ભાગ લીધેલ તમામ કલાકારોએ મહેનત અને લગનથી તૈયાર કરેલ સુંદર પ્રસ્તુતિને ઉત્સવની જેમ ઉજવી તે બદલ તથા તેમને તાળીઓથી વધાવી પ્રોત્સાહિત કરવા બદલ સાંસ્કૃતિક સમિતિ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ખૂબ આભાર માને છે.

***કલાકારો અને તેમની નવીન પ્રસ્તુતિની વિગત નીચે મુજબ છે :***

| | | |
|---|---|---|
| ૧. | ક્રિસ્ટી વિશાલ વોરા | : ડાન્સ |
| ૨. | પ્રિશા વિશાલ શાહ | : કવિતા + ડાન્સ |
| ૩. | પ્રિયાંશ ચૈતન્ય રાંભિયા | : રૅપ સોંગ |
| ૪. | દેવાંશ આશિષ લોડાયા | : ક્યુબ સોલ્વિંગ |
| ૫. | રોની ચિંતન દોશી | : આંખે પાટા બાંધી પીયાનો પ્લે |
| ૬. | દર્શ ચિંતન દોશી | : પીયાનો પ્લે |
| ૭. | જીનાંશ અને જીયાંશ જયદીપ મૈશેરી | : ડાન્સ |
| ૮. | કેવિન ભાવિકભાઈ સંઘવી | : ગીટાર પ્લે |
| ૯. | *સ્કીટ પ્લે* | : હીર પ્રીત શાહ, પ્રીત હર્ષદભાઈ શાહ |
| ૧૦. | *સ્કીટ પ્લે (મહિલા ઉત્કર્ષ સમિતિ)* | : સુલુબેન શાહ, નયના ગોગરી, સંગીતા શાહ, અવંતી દંડ |
| ૧૧. | *ડ્રામાના કલાકારો* | : પિતા : દૃષ્ટિ અનિલ મહેતા<br>માતા : ડૉ. બીનલ વિશાલ શાહ<br>પુત્ર : વૃષ્ટિ અનિલ મહેતા<br>પુત્રી : યેશા અનિલ મહેતા<br>મિત્ર : પ્રીત હર્ષદભાઈ શાહ |
| ૧૨. | *ગરબો / બોલીવુડ ગરબો / ઈન્ડો વેસ્ટર્ન ગરબાના કલાકારો* | : ધ્રુવી, ગુંજલ, નેહલ, ભક્તિ, યશ્વિ, ભાવિની, ધ્યાન, શ્લોક, વિનીત, સ્પર્શ |
| | *કાર્યક્રમના ઓડિયો એડિટીંગ તથા ટેકનિકલ કામગીરી* | : ચૈતન્ય બચુભાઈ રાંભિયા, આશિષ ચંદ્રકાંત લોડાયા |
| | *કાર્યક્રમના સૂત્રધાર* | : કૃપાલી ચૈતન્ય રાંભિયા |

અંતમાં સાંસ્કૃતિક સમિતિના આ કાર્યક્રમમાં કમિટીના સભ્યો કૃપાલી રાંભિયા, આશિષ લોડાયા, દૃષ્ટિ મહેતા તથા યશ્વી પૂજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ તથા કલાકારોનો ખૂબ ખૂબ આભાર માને છે. કલાકારોની મહેનત, ધગશ અને તેમના પૂરેપૂરા સહકારને લીધે કમિટી પ્રોગ્રામને ખૂબ સુંદર રીતે પ્રસ્તુત કરી શકી.

ત્યારબાદ સમાજના સભ્યોએ ગીત સંગીતના પ્રોગ્રામમાં ઑરકેસ્ટ્રાના સથવારે હિંદી ફિલ્મી ગીતોની રમઝટ બોલાવી, બધા જ પ્રેક્ષક સભ્યોને પોતાના સૂરીલા અવાજના તાલે મંત્રમુગ્ધ કરી દીધેલ હતા.

***આ ગીત-સંગીતના રંગારંગ કાર્યક્રમમાં નીચેના સભ્યોએ પોતાના અવાજનો જાદુ ગીત-સંગીત સાથે પાથર્યો હતો.***

| | | | |
|---|---|---|---|
| ૧. | તીર્થ પ્રિયેશ સંઘવી | : | બચના એ હસીનો... |
| ૨. | મનીષ પ્રફુલ્લ ખોના | : | ખઈ કે પાન બનારસવાલા... |
| ૩. | નિખિલ પ્રફુલ્લ ખોના | : | તેરે ચહેરે મેં વો જાદુ હૈ... |
| ૪. | પ્રદીપભાઈ મહેતા અને હેતલ દંડ | : | ક્યા ખૂબ લગતી હો... |
| ૫. | ડૉ. ગાર્ગી વસાવડા | : | બાબુજી ધીરે ચલના... |
| ૬. | જીત શાહ | : | છલકાઈએ જામ, આઈએ, આપકે હોઠોં કે નામ... |
| ૭. | મનીષભાઈ અને પ્રિયલ | : | પલ પલ પલ હર પલ... |
| ૮. | હેતલ દંડ | : | તુને ઓ રંગીલે કૈસા જાદુ કિયા.... |
| ૯. | તીર્થ પ્રિયેશ સંઘવી | : | દર્દ દિલ, દર્દે જીગર... |
| ૧૦. | પ્રદીપભાઈ મહેતા | : | જો તુમકો હો પસંદ વહી બાત કહેંગે... |
| ૧૧. | તીર્થ અને મનીષભાઈ | : | જાનું મેરી જાન... |
| ૧૨. | નિખિલભાઈ | : | દેખા ના હાય રે, સોચા ના હાય રે... |
| ૧૩. | પ્રિયલ | : | કજરા મહોબ્બતવાલા... |
| ૧૪. | નીતિશભાઈ શાહ | : | સુહાની ચાંદની રાતેં... |
| ૧૫. | નિખિલભાઈ અને જીતભાઈ | : | બને ચાહે દુશ્મન જમાના હમારા... |
| ૧૬. | તીર્થ અને પ્રિયલ | : | યે રાતેં, યે મૌસમ નદીકા કિનારા... |

ઉપરાંત આ કાર્યક્રમને સંગીતના તાલે ઝુમાવનાર ક્રિષ્ના મ્યુઝિકલ ઓરકેસ્ટ્રાના શ્રી ઈસુભાઈ ચૌહાણ અને એમની ટીમમાં કી-બોર્ડ પર હર્ષદભાઈ, ગીટાર વાદક જયભાઈ અને કોંગો ઢોલક પર અમિતભાઈ અને ઓકટાપેટ વગાડનાર ભઈલુભાઈ વગેરે કલાકારોએ પોતાના સંગીતના સૂર રેલાવી કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધેલ હતા.

★

સ્નેહ મિલનના આ કાર્યક્રમમાં જમણવાર સમિતિ અને વોલન્ટીયર સમિતિએ ખૂબજ ઉમદા કામગીરી કરેલ હતી. આ સ્નેહ મિલનમાં ૧૨૯૬ સભ્યોએ સ્વામિવાત્સલ્યના ભોજનનો લાભ લીધો હતો. આ બધાને સ્વાદિષ્ટ મધૂર ભોજન કરાવવા માટે આ સમિતિના સભ્યો શ્રી સંદીપભાઈ મહેતા, શ્રી પ્રદીપભાઈ મહેતા, શ્રી દેવેશભાઈ દંડ અને શ્રી રોહિતભાઈ સંઘવી તેમજ તેમની સાથે સંયુક્ત રીતે વોલન્ટીયર સમિતિના કન્વીનર શ્રી ગિરીશભાઈ દેઢિયાએ ખૂબજ જહેમત ઉઠાવીને આ કાર્યક્રમને દિપાવ્યો હતો.

સમાજના જમણવાર કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત હતા અને સમગ્ર કાર્યક્રમ આનંદપૂર્વક માણ્યો હતો અને મનગતમતા ભોજન લઈ સૌ આનંદમય બની ગયેલ હતા.

★

***સમાજના કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત હતા અને સમગ્ર કાર્યક્રમ આનંદપૂર્વક માણ્યો હતો.***

**કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નંબર ૩૩ થી ૩૬ અને ૬૫**

**રજનીકાંત પારેખ – માનદ્ મંત્રી**

*ઘરની બહાર ભલે દિમાગ લઈને જાઓ કારણકે ત્યાં બજાર છે, પરંતુ ઘરમાં પ્રવેશતા જ દિલ લઈને જાઓ કારણકે ત્યાં પરિવાર છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : તેજસ્વી તારલાઓ ● વર્ષ : ૨૦૨૪



યેશા
અંજુબેન-અનિલભાઈ
મહેતા
**Std.-10 : 97.3%**



દર્શ
ગીતિકાબેન-વનેશભાઈ
શાહ
**Std.-10 : 95.8%**



પ્રેરણા
પ્રીતિબેન-દેવાંગભાઈ
શાહ
**Std.-10 : 95.4%**



શનાયા
જીજ્ઞાબેન-નીલેશભાઈ
શાહ
**Std.-10 : 95.4%**



જીયા
દીપાબેન-હિરેનભાઈ
ગડા
**Std.-12 (Sc.) : 96.4%**



ઋષભ
મિત્તલબેન-રાહુલભાઈ
શાહ
**Std.-12 (Science)**
**93.0%**



હંસ
ચેલનાબેન-કલ્પેશભાઈ
ગઢેચા
**Std.-12 (Commerce)**
**93.7%**



આર્ય
તૃષિતાબેન-ભરતભાઈ
ગઢેચા
**Std.-12 (Commerce)**
**92.1%**



ખેલીન
ચિતલબેન-દીપકભાઈ
છેડા
**Std.-12 (Commerce)**
**91.7%**



આરના
રીમાબેન-નૈનેશભાઈ
વોરા
**Std.-12 (Arts)**
**94.6%**



દેશના
હેતલબેન-નીરલભાઈ
શાહ
**Std.-12 (Arts)**
**87.8%**



હર્ષ
નિર્મલાબેન-પંકજભાઈ
સંઘવી
**B.E.**
**89.5%**



અદિતી
સુરભિબેન-નીરવભાઈ
વસા
**B.Tech. (Comp. Sc.)**
**89.5%**



ધ્રુવી
હર્ષાબેન-જયેશકુમાર
મહેતા
**B.Tech.**
**87.0%**



મિત
મીનાબેન-મનીષભાઈ
મોતા
**Comp. Engg.**
**8.5**



ચાર્મિ
મીનલબેન-ધનરાજભાઈ
દેઢિયા
**B.A. (Psy.)**
**82.0%**



તેજ
અમિતાબેન-અમરભાઈ
કોરડિયા
**B.Architect**



તપસ્વી
વર્ષાબેન-સંજીવભાઈ
શાહ
**BA (Eng. Lit.)**
**79.3%**



ડૉ. દીપ
ચંપાબેન-નરેશભાઈ
વોરા
**DM (Oncology)**
**64.8%**



નેહલ
નયનાબેન-સનતભાઈ
મહેતા
**CA**
**60.0%**



મિહિર
જ્યોતિબેન-જિતેન્દ્રભાઈ
રાંભિયા
**Ph.D.**



અદિતિ
સુષ્માબેન-મહેશભાઈ
લોડાયા
**PGDM**
**80.0%**



દેવાંશી
વનીતાબેન-ડૉ. કેતન
શાહ
**MBA**
**72.0%**



જસ
પારૂલબેન-હેમંતભાઈ
શાહનંદ
**Master in Mech. Engg. : 4 GPA**



વૃષાંગી
પારૂલબેન-હેમંતભાઈ
શાહનંદ
**MBA**
**3.37 GPA**

## સ્કીલ ડેવલપમેન્ટ યોજનાની સેવામાં ઉમેરાયું એક સોનેરી પીંછું

મારી બાય પાસ સર્જરી પછી હોસ્પિટલમાંથી મને ૨૫મી જુલાઈના રોજ રજા આપવામાં આવેલ હતી. ઘરે મારી રાત્રીના સમયમાં સંભાળ રાખે એવા એક કેરટેકરની જરૂરત હતી. આમ તો અત્યાર સુધી સગાવહાલા અને સમાજની વ્યક્તિઓને આવા કેરટેકરની જરૂરત પડે તો શ્રી શેખરભાઈ દ્વારા અને અન્ય સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવતી આવી પ્રવૃત્તિઓના મેનેજમેન્ટનો સંપર્ક કરીને હું વ્યવસ્થા કરવાનો પ્રયત્ન કરતો. આવા કેરટેકર મૂકેલા દર્દીઓ સાથે વાતચીત કરતા જાણવા મળેલ કે ઘણા બધા કિસ્સાઓમાં એવું બનતું કે રાત્રી દરમિયાન જે કેરટેકર હોય તે લગભગ રાત્રે અગિયારેક વાગે સૂઈ જતા હોય છે અને દર્દીને જરૂરત પડે ત્યારે તેને બૂમ પાડે ત્યારે ઉઠીને દર્દીને બાથરૂમ કે બીજી સેવા પૂરી પાડતા હોય છે.

આ સમયે મને વિચાર આવ્યો કે આપણે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચલાવીને ઘણી બધી વ્યક્તિઓને તાલીમ આપેલ છે, તો તેમાંથી જ કોઈ વ્યક્તિ મળી જાય તો મારી મુશ્કેલીઓ કદાચ સરળ બની જાય કારણકે એક તો આપણી સંસ્થાની વ્યક્તિ હોય એટલે આપણે તેને જાણતા હોઈએ અને તેને પણ આપણા પ્રત્યે કદાચ થોડી લાગણી હોય. આથી અમોએ અદાણીના સ્કીલ ડેવલપમેન્ટ સરસંચાલક શ્રી હર્ષિલ સતાનો સંપર્ક કરતાં તેમણે હર્ષ નામની વ્યક્તિને કેરટેકર તરીકે મારે ત્યાં મોકલી આપ્યો. આ છોકરો ખૂબ જ સિન્સિયર અને કામમાં માહેર છે. તેની ડ્યુટી રાતના દસ વાગ્યાથી સવારના દસ વાગ્યા સુધીની હતી.

તે દરરોજ રાત્રે સમયસર આવી જતો અને હું રાત્રે જયારે પણ જાગતો, તો તે જાગતો જ બેઠો હોય અને તરત પૂછે, ‘દાદા, શું કામ છે?’ રાત્રીના લગભગ ચાર કે પાંચ વાગે તે સૂતો. સવારે છ વાગે ઉઠીને મારી બધી એક્ટીવિટીમાં મદદ કરતો. તે ખૂબ જ સારી રીતે કામ કરતો. જ્યાં દવા લગાવવાની હોય કે દુઃખતા શરીરને દબાવવાનું હોય તેની પાસે એક્યુપ્રેશરનું શિક્ષણ હોવાથી શરીરને એવી રીતે દબાવતો કે ખૂબ જ જલ્દીથી દુઃખાવો દૂર થઈ જતો.

કોઈપણ કામ માટે તે હંમેશાં તૈયાર જ હોય.

ખરેખર આવા કેરટેકરની સેવા લેવાનો મોકો આપવા માટે ‘સ્કીલ ડેવલપમેન્ટ’ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

***રજનીકાંત પારેખ - માનદ્ મંત્રી***

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### અગત્યની જાહેરાત

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વર્ષ ૨૦૨૪-૨૫ માટે વિવિધ સમિતિઓની રચના કરવા આગળ વધી રહેલ છે.*

*જે સભ્યો વિવિધ સમિતિઓમાં પોતાની સેવા આપવા ઈચ્છા ધરાવતા હોય તેમણે પોતાના નામ મંત્રીશ્રીને મોડામાં મોડા તા. ૧૫મી ઓક્ટોબર સુધી મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. સમિતિમાં યોગ્ય જણાશે તે સભ્યનો સમાવેશ કરવામાં આવશે.*

*અનિવાર્ય સંજોગો સિવાય દરેક સભ્ય વધુમાં વધુ ત્રણ સમિતિમાં ભાગ લઈ શકશે જેની નોંધ લેવા અપીલ કરવામાં આવે છે.*

**વિશાલ શાહ**
**સહમંત્રી**

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **ઝવેરચંદ લાલજી નરશી છેડા**
  ૬, સામર્થ્ય બંગ્લોઝ, ઝેબર સ્કૂલ પાસે,
  વીરધાવન-૩ ની સામે, થલતેજ - શીલજ રોડ,
  થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.
  મો. ૯૪૨૭૦ ૨૯૯૨૩, ૯૮૨૫૫ ૨૧૦૯૯
- **નીરજ હસમુખલાલ લાલચંદ શાહ**
  ૪, પદમાવતી ફ્લેટ, બોડીલાઇન હોસ્પિટલની સામે,
  વિકાસગૃહ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૨૫૭ ૪૮૮૭૫, ૯૫૫૮૯ ૪૫૧૦૯
- **ભરત કેશવલાલ કુંવરજી શાહ (ગોસર)**
  બી-૩૦૨, સ્પર્શ એરાઇઝ, મ્યુનિ. કોમ્યુનિટી હોલની સામે,
  રત્નમ ફ્લેટ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૮૨૫૯ ૭૭૧૨૩, ૯૯૦૯૨ ૬૯૧૩૫
- **હસમુખ કેશવલાલ સ્વરુપચંદ દોશી**
  એમ-૫, ૨૪/૧૮૭, શાસ્ત્રીનગર,
  નારાણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
  મો. ૯૪૨૬૩ ૬૨૦૬૯, ૮૭૫૮૧ ૮૩૫૨૮

### અવસાન નોંધ

- **શનિવાર, તા. ૨૪-૮-૨૦૨૪**
  **ભાવનાબેન હસમુખભાઈ મોતા** (ઉં.વ. ૬૯) (અમદાવાદ - ભુજપુર)નું આજ રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- **ગુરૂવાર, તા. ૧૨-૯-૨૦૨૪**
  **મધુરીબેન હરખચંદ ગાલા** (ઉં.વ. ૮૩) (અમદાવાદ - રાયણ)નું આજ રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- **બુધવાર, તા. ૧૮-૯-૨૦૨૪**
  **શશીકાંત હરિલાલ શાહ** (ઉં.વ. ૭૫) (અમદાવાદ - માંડવી)નું આજ રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- **રવિવાર, તા. ૨૨-૯-૨૦૨૪**
  **કાંતિલાલ રામજી શાહ (કે. આર. શાહ)** (ઉં.વ. ૭૮) (અમદાવાદ - રામાણિયા)નું આજ રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.

*પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવાર પર આવેલ આપત્તિને સહન કરવાની શક્તિ અર્પે તેવી અભ્યર્થના...*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

રૂા. ૨૫,૦૦૦/- શ્રી પ્રણવ ચૈતન્યકુમાર દૂધિયા - અમદાવાદ

### જલારામ અન્નક્ષેત્ર યોજના

રૂા. ૫,૧૦૦/- શ્રી ઈશ્વરભાઈ મોટવાની - આદિપુર, કચ્છ

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૫,૦૦૦/- શ્રી જિતેન્દ્ર ઉમરશીભાઈ કુરૂવા - અમદાવાદ

### કેળવણી સહાય યોજના

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી પ્રમીલાબેન કુરૂવા ફાઉન્ડેશન - અમદાવાદ

### સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ

રૂા. ૫,૦૦૦/- ડૉ. અલ્પાબેન રાગેશ ફડિયા - અમદાવાદ

રૂા. ૫,૦૦૦/- પ્રા. પૃથ્વી નરેન્દ્ર શાહ - ગાંધીનગર

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## સંસ્થાને ભેટ મળેલ મેડિકલના સાધનો

મેડિકલ સાધનોની ભેટ દ્વારા જનતાની સેવા માટે **શ્રી સંજયભાઈ શાંતિલાલભાઈ મહેતા** (૩૦૨, કલા સ્ક્વેર, સુવિધા શોપિંગ સેન્ટર પાસે, પાલડી, અમદાવાદ. મો. ૯૭૨૫૪ ૦૪૦૧૨) તરફથી સંસ્થાને નીચે મુજબના સાધનો ડોનેશન સ્વરૂપે મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. | વ્હીલ ચેર | : નંગ-૧ |
| ૨. | વૉકર | : નંગ-૧ |
| ૩. | કફ સકશન મશીન | : નંગ-૧ |
| ૪. | ઈલેક્ટ્રીક ફાઉલ બેડ (રીમોટવાળો) | : નંગ-૧ |

*શ્રી સંજયભાઈનો ખૂબ ખૂબ આભાર.*

## સંસ્થાને ભેટ મળેલ પુસ્તકો : સાભાર સ્વીકાર

૧. **યાત્રા : સુખ અને આનંદની**
   પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર, શ્વેતાબેન જોષી

૨. **કચ્છી-સિંધી લોક સંસ્કૃતિ પરંપરા**
   ડૉ. જેઠો લાલવાણી, અનુવાદ : પ્રો. રમેશ લુહાણા

*સંસ્થાને પુસ્તકો ભેટ મોકલનારનો ખૂબ ખૂબ આભાર*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## નવનીત ભવન - બહેરામપુરાના ફ્લેટ માટેની અરજી

તારીખ : ____________

(૧) અરજદાર સભ્યનું પૂરું નામ : ____________

(૨) હાલનું સરનામું : ____________

____________ (૩) મોબાઈલ નંબર : ____________

(૪) જ્ઞાતિ : વાગડ / ગૂર્જર / વીસા ઓસવાળ / દશા ઓસવાળ : ____________

(૫) કચ્છમાં ગામ : ____________ (૬) અમદાવાદમાં ક્યારથી વસવાટ? ____________

(૭) સભ્યનો આધાર કાર્ડ / પાનકાર્ડ નંબર : ____________

(૮) પરિવારની માહિતી

| ક્રમ | કુટુંબની વ્યક્તિનું નામ | અરજદાર સાથે સંબંધ | જન્મ તારીખ | ધંધો / વ્યવસાય | વાર્ષિક આવક રૂ. | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|
| | | પોતે | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

(૯) વ્યવસાય કે નોકરીનું સરનામું : ____________

(૧૦) અમદાવાદમાં અન્યત્ર મકાન છે? હા / ના (૧૧) અમદાવાદ સિવાય બીજે ક્યાંય પોતાનું મકાન છે? હા / ના

(૧૨) જો અન્યત્ર મકાન હોય તો હાલ શા માટે અરજી કરી છે? ____________

(૧૩) જો અન્યત્ર મકાન હોય તો હાલ શું ભાડું ભરો છો? ____________ (૧૪) કુટુંબની વાર્ષિક આવક : રૂપિયા ____________

(૧૫) હાલના રહેઠાણના મકાનમાં કેટલા રૂમો છે અને શું સગવડ છે? ____________

(૧૬) આપશ્રી હાલ કેટલા રૂપિયા ડિપોઝીટ ભરી શકશો? ____________

(૧૭) સંસ્થામાં નોંધાયેલા બે સભ્યોની બાંહેધરી

| ક્રમ | સભ્યનું નામ | મોબાઈલ નંબર | સહી |
|---|---|---|---|
| | | | |
| | | | |

*(નીતિ નિયમો પાછળ આપેલ છે.)* *અરજદારની સહી :* ____________

# નવનીત આવાસ યોજના - બહેરામપુરાના લાભાર્થીઓ માટેના સૂચિત નીતિ નિયમો

૧. અરજદાર મૂળ કચ્છના વતની તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાના નોંધાયેલા સભ્ય હોવા જોઈએ અને અમદાવાદ ગાંધીનગર ખાતે પોતાનું મકાન ધરાવતા ન હોવા જોઈએ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા ફ્લેટ નિશ્ચિત સમય માટે વગર ભાડે ફાળવણી વખતે જે નીતિ નિયમ છે તે મને માન્ય છે તથા વખતોવખત નિયમોમાં જે પણ બદલાવ થાય તે પણ મને માન્ય રહેશે. વગર વ્યાજની ડિપોઝીટની રકમ રૂપિયા એક લાખ આપવાની રહેશે. ડિપોઝીટની પૂરેપૂરી રકમ તથા એગ્રીમેન્ટનો લેટર આપ્યા પછી સંસ્થા ફ્લેટનો કબજો આપશે.

૨. આ ફ્લેટ સમાજના જરૂરિયાતમંદ પરિવારને ભાડા ભરવામાંથી રાહત થાય તે શુભ ભાવથી હંગામી ધોરણે ફાળવવામાં આવેલ છે. આ ફ્લેટ પાંચ વર્ષ માટે આપવામાં આવે છે જેને વધુમાં વધુ એક વખત ફરીથી પાંચ વર્ષ માટે લંબાવી શકાશે. તે પછી ફ્લેટ ખાલી કરી આપવાનો રહેશે. ફ્લેટ ખાલી કરેથી ભરેલ ડિપોઝીટ, વગર વ્યાજે સમાજ પરત આપશે. આવાસમાં રહેલ તમામ ફ્લેટોની માલિકી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની રહેશે.

૩. આ ફ્લેટ જે વ્યક્તિના નામે ફાળવવામાં આવશે તે પોતે તેના કુટુંબ સાથે રહી શકશે. (પોતે, પત્ની, માતા-પિતા અને સંતાનો). અન્ય સગા સંબંધીને રહેવા આપી શકશે નહીં. જો આમ કરતાં માલૂમ પડશે તો સંસ્થા આ ફ્લેટનો કબજો પરત લઈ અને ડિપોઝીટ જપ્ત કરશે. આ ફ્લેટ જેમને ફાળવ્યો છે તેમને રહેવા માટે જ છે. તેમના મરણ અથવા શહેર છોડીને જતા રહ્યા પછી તે ફ્લેટ સમાજને સોંપી દેવાનો રહેશે. તે વ્યક્તિ કોઇને પણ (પોતાના કુટુંબીજન સહિત) ફાળવી શકશે નહીં. આવાસ મેળવનાર વ્યક્તિ અથવા તેમની સાથે રહેનાર સભ્યમાંથી કોઈપણ પોતાની માલિકીનો ફ્લેટ અન્યત્ર વેચાણથી લેશે તો તેને ટુંક સમયમાં આ ફ્લેટનો કબજો પાછો સોંપવાનો રહેશે.

૪. આ ફ્લેટનો ઉપયોગ ફક્ત રહેઠાણ માટે જ કરવાનો રહેશે. કોઈપણ સંજોગોમાં ફ્લેટ ભાડે આપી શકાશે નહીં તથા કોઈપણ ધંધાકીય પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. જો ઉપરોક્ત પ્રવૃત્તિ કરવામાં આવશે તો ફ્લેટનો કબજો સંસ્થા દ્વારા પરત લેવામાં આવશે તથા ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૫. ફાળવેલ ફ્લેટ ગીરો મૂકી શકાશે નહીં તથા કોઈપણ સંસ્થા પાસેથી ફ્લેટ ઉપર નાણાંકીય ધીરાણ મેળવી શકાશે નહીં.

૬. ફ્લેટ ફાળવ્યા બાદ રહેવા આવનાર સભ્યએ દરેક પ્રકારના ઇલેક્ટ્રીક, ગેસ, મ્યુનિસિપાલિટી ટેક્ષ વગેરે તમામ પ્રકારના સરકારી વેરા તથા માસિક જાળવણી ખર્ચ ફ્લેટમાં રહેનાર સભ્યએ ભરવાનો રહેશે. તે માટે સમાજ જવાબદાર રહેશે નહીં. આવી કોઈ ભરવાની થતી રકમ સભ્ય ના ભરે તો સમાજ તેની સામે કાયદેસરના પગલા લઈ શકશે અને ડિપોઝીટની રકમમાંથી વ્યાજ સહિત વસુલાત કરશે.

૭. ફ્લેટમાં રહેનારે તથા ફ્લેટમાં રહેતા સભ્યોએ આજુબાજુમાં રહેતા કુટુંબોને કોઈ પ્રકારની અડચણ, તકલીફ કે ઝઘડા થાય નહીં તેવો વ્યવહાર રાખવો પડશે. ફ્લેટ ધારકોએ કોઈપણ પશુ-પક્ષી પાળીને ફ્લેટમાં રાખવા નહીં.

૮. નવનીત આવાસના આ ફ્લેટ કોઈપણ સભ્યને વેચાણ આપવામાં આવશે નહીં. સમયે-સમયે સમાજના હોદ્દેદારો અને ટ્રસ્ટ મંડળ જે નિયમ નક્કી કરે તે પૂરેપૂરા પાળવા ફ્લેટમાં રહેનારા સભ્યો બંધાયેલા છે.

૯. ભવિષ્યમાં ફ્લેટના રીપેરીંગ, મેઈન્ટેનન્સ વગેરે પ્રકારના તથા અન્ય કોઈપણ પ્રકારના મિલ્કતને લગતા કાર્યોમાં વાંધા પડે તો જે તે કબજા ધારક કોર્ટમાં જઈ શકશે નહીં. તે પ્રકારના સંજોગોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી લવાદ તરીકે પોતાની ફરજો બજાવશે અને લવાદનો નિર્ણય અંતિમ ગણવામાં આવશે.

૧૦. નવનીત આવાસ યોજનાની કારોબારી દર વર્ષે જનરલ મીટિંગ બોલાવી હિસાબોની માહિતી સમાજને આપવાની રહેશે. નવનીત આવાસની દરેક મીટિંગની જાણ અગાઉથી શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદને કરવાની રહેશે તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ જે પ્રતિનિધિને મોકલે તેમને મીટિંગમાં હાજર રાખવાના રહેશે.

***ઉપરોક્ત બધા નિયમો મને માન્ય છે અને મને હંમેશને માટે બંધનકર્તા રહેશે.***

**અરજદારની સહી :** ______________________


**(ફ્લેટ ધારક)**



મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા સ્વસ્થ મહિલા અભિયાનની જાગૃતિ માટે નાની સ્કીટનું પરફોર્મન્સ




બેક સ્ટેજમાં કલાકારો દ્વારા ફોટો સેશન








સમાજના જુદા જુદા કલાકારો દ્વારા ગીતોનું પરફોર્મન્સ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

માન્યું કે મુશ્કેલીઓ આવવાથી
માણસ એકલો પડી જાય છે
પરંતુ મુશ્કેલીઓ આવવાથી જ
એકલી વ્યક્તિ
મજબૂત થઈને બહાર આવે છે.

ભગવાન કહે છે :
હે માનવ, તું જે ઈચ્છે, તે જ કરે છે.
પરંતુ થાય એ છે કે જે હું ઈચ્છું છું.
હું ઈચ્છું છું તેવું કરવાનું તું નક્કી કર,
પછી તું જે ઈચ્છે છે
તે જ થશે.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

*With Best Compliments From*

**Sathwara Construction**

C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**

● DURABLE ● DECORATIVE ● PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.




**Book Shelf**

English & Gujarati books

**For New Books Pl Check Our WhatsApp Status No : 9099000362**
e-mail : bookshelfa@gmail.com | Visit us: www.gujaratibookshelf.com
16,City Center, Opp.Dominoz Pizza
Nr. Swastik Chaar Rasta, C.G.Road,Navrangpura, Ahmedabad.380 009
LIKE US ON | BOOK SHELF | Help Line No. 90990 00362 | Phone : 079 - 2644 1826



ચાહે કોઈ પણ યુગ હોય,
વિજય હંમેશાં સત્યનો જ થયો છે.
બસ થોડી ધીરજ અને ધૈર્યની જરૂરત છે.
બાકી આથમેલો સૂરજ સવારે ઉગવાનો જ છે.



સમય, તબિયત અને સંબંધ -
આ ત્રણેય ઉપર કિંમતનું લેબલ નથી હોતું
પણ જ્યારે એમને ગુમાવી દઈએ છીએ
ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.



સમયની સાથે ચાલવું જરૂરી નથી, સત્યની સાથે ચાલો.
એક દિવસ સમય આપની સાથે ચાલવા લાગશે.

R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

Chandrakant K. Gada
+91-9825069290

BLUE STAR INDUSTRIES

Stainless Steel Re-Rollers

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

BMCB BANK
ESTD 1995
Multi-State Bank

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 ● www.bhujbank.com

- FDR વ્યાજ દર upto 8.75% @ with monthly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : ● વર્ષ ૨૦૨૨ : ૧૦% ● વર્ષ ૨૦૨૩ : ૧૨%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો
  સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply



SKYBLUE
STATIONERY MART
EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

*Bharat B. Gala*
**M. : 93270 05460**

SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

● શુભેચ્છા સહ ●



પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

*દૂધ, દહીં, છાશ, માખણ, ઘી વગેરે એક જ કુળના હોવા છતાં બધાની કિંમત એક સરખી નથી હોતી,*
*કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ કર્મથી પ્રાપ્ત થાય છે.*

*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**